# પ્રકરણ - ૧ : ગીરના માલધારીઓનું લોકવાઙ્મય :

## પ્રસ્તાવના :

આઝાદી પૂર્વે સૌરાષ્ટ્રમાં ૨૨૨ રજવાડાઓ હતા. આ રાજ્યોનું વિલીનીકરણ થતા પ્રજાના અને આગેવાનોનું અખંડ સૌરાષ્ટ્રનું સ્વપ્ન સાકાર થયું. અને ઇ.સ.૧૯૪૮ના સૌરાષ્ટ્રનું સંયુકત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું. અનેક મહાપુરૂષો, રાજા-મહારાજાઓ પ્રજાકિય સંસ્થાઓના અનેક સક્રિય નેતાઓ વગેરેના સાથ-સહકાર, કુનેહ, બુદ્ધિચાર્તુય, ત્યાગની ભાવના, દેશાભિમાન તથા સમયની જરૂરિયાત વગેરે પરિબળોને કારણે આ અશકય ગણાતું વિરાટ કાર્ય પ્રમાણમં ધીમી ગતિએ પરંતુ વિરલ રીતે પાર પડયું હતું. સૌરાષ્ટ્રમાં પ્રથમ પાંચ જિલ્લા હતા. ત્યારબાદ ઈ.સ.૧૯૫૬થી અમરેલીને સૌરાષ્ટ્રનો છઠ્ઠો જિલ્લો બનાવવામાં આવ્યો. ગાયકવાડની સત્તા હેઠળ અમરેલી એક પ્રાંત ગણાતો હતો. સૌરાષ્ટ્ર છ જિલ્લાનું એક સંપૂર્ણ એકમ બન્યુ હતું હાલમાં સૌરાષ્ટ્રના ૧૧જિલ્લા બન્યા છે.‘‘સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં મધ્ય સૌરાષ્ટ્ર, ગોહિલવાડ, ઝાલાવાડ, સોરઠ અને હાલાર વગેરે નામો જે તે વિસ્તારની ઐતિહાસિક પૃષ્ઠભૂમિ તથા ત્યાં વસતી વિશેષ જાતિ કે વંશની મહત્તા દર્શાવતા હતા.’’[૧] વર્તમાન ગીર વિસ્તારમાં ગીર-સોમનાથ, જૂનાગઢ અને અમરેલી જિલ્લાનો સમાવેશ કરી શકાય છે.

## ગીર પરિચય :-

ઘણા જૂના સમયથી લોકપ્રિય અને પ્રસિધ્ધ એવું ગીરનું જંગલ આજે વિદેશોનું અનેરું આકર્ષણ કેન્દ્ર બની ગયું છે. ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશની દક્ષિણે આવેલું ગીરનું વન અને ગિરિમાળાઓ જોઈ આપણા મનમાં કુતૂહલ ઉદ્‌ભવે છે, કે આપણે કંઈક નવો જ પ્રદેશ જોઈ રહયા છીએ.‘ગીર’ તરીકે ઓળખાતા આ પ્રદેશમાં વિશાળ જંગલો છે. પર્વતો છે, ઝરણા છે, આજનું આ ગીરનું જંગલ અનેક વન્યપ્રાણીઓનું આશ્રયસ્થાન છે. જંગલનારાજા એવા સિંહનું ઘર છે. એટલે જ ગીર માત્ર સૌરાષ્ટ્ર કે ગુજરાતનું જ નહી પણ ભારતનું ગૌરવ છે. ગીરના આ જંગલમાં માત્ર વનરાઈ અને પ્રાણીઓ જ નથી. પણ પશુપાલનના વ્યવસાય સાથે જોડાયેલા માલધારીઓ પણ સદીઓથી અહીં વસ્યા છે. પ્રવાસીઓ અને પ્રકૃતિ અભ્યાસીઓનું આ એક આકર્ષણ કેન્દ્ર છે. ગીર પ્રદેશમાં જયારે નગરો, ગામો વસતા હતા ત્યારે આ પ્રદેશ કયા નામે ઓળખાતો હશે? તે જાણી શકાયું નથી તેમજ તેનું નામ ‘ગીર’ કયારથી પ્રચલિત થયું? તે પણ જાણી શકાયું નથી. ‘મહાભારત’માં આ પ્રદેશનું નામ ‘નૈમિષારણ્ય’ આપ્યું છે. એટલે કહી શકાય કે તે સમયે અહીં અરણ્ય હશે. પછી જયાં-જયાં આશ્રમો હતાં ત્યાં નગરો વસી ગયા હશે તેની ગિરિમાળાને કારણે ગીરીપ્રદેશ અને તેના પરથી ‘ગીર’ શબ્દ આવ્યો હશે. સ્થાનિક રહેવાસોઓ તેને તળપદી ભાષામાં ‘ગીર’, ‘ગઈર’, તરીકે ઓળખે છે.

## ગીરના જંગલનો પૂર્વ ઈતિહાસ :-

'ગીરની તળેટીમાંથી સમુદ્ર સુધીના દક્ષિણ સૌરાષ્ટ્રના વિસ્તારમાં વિસ્તરેલું ગીરનું જંગલ વિખ્યાત જંગલોમાંનું એક છે. ત્રિભુવન કવિએ 'ગાજે જંગલ ગીર તણા' કહી તેનું મસ્ત વર્ણન કરેલું છે. અત્યંત અડાબીડ વિશાળ જંગલતો હવે ઓછુ થઈ ગયું. કુદરત અને મનુષ્ય બન્નેના વાંકે પણ હજી તે જંગલ તરીકે જોવાલાયક છે. તોતિંગ વૃક્ષોની છાયામાં ઉછરેલા અન્ય વન્ય પશુઓ સાથે ગીરના માલધારીઓના પણ અહીં થાણા છે. સૌરાષ્ટ્રમાં જયારે દુષ્કાળ પડે ત્યારે માલધારીઓ પોતાના ઢોર-ઢાંખર લઈ ગીરનારને ખોળે જાય છે. એટલે માલધારીઓ તેને ઢાંકયું સાંપડ માને છે.'[૨]

ગીરની ભૂમિ ઐતહાસિક ભૂમિ છે. જૂનામાં જૂના મહાભારત ગ્રંથમાં પણ તેના સ્થાનોનો ઉલ્લેખ છે. જૂના સમયમાં આ સ્થાને અનેક આશ્રમો હતા. ઋષિઓ ગીરની નદીઓનાં કિનારે આરાધના કરતા. 'મહાભારત'માં વનપર્વ, શલ્યપર્વ આદિ પર્વોમાં સરસ્વતીનું મહત્વ દર્શાવતા તે પ્રભાત પાસે વહેતી સરસ્વતી નદી છે. ઈસુની બીજી સદીમાં અયોધ્યાના કનકસેન નામના પરાક્રમી રાજાએ વર્તમાન કનકાઈ પાસે કનકાવતી નગરી વસાવ્યાનો ઉલ્લેખ પણ ઇતિહાસમાં થયો છે. તેમજ બાણેજ પાસે અન્ય એક નગર વસતું હતું. આમ આથી બે હજાર વર્ષ પહેલા ગીરના આ પ્રદેશમાં અનેક નગરો અને ગામડાઓ વસતા હતા.[૩] વલ્લભી સમયમાં પણ ગીર એક અગત્યનો પ્રદેશ હતો. બૌદ્ધ સાધુઓએ શાણાના ડુંગરમાં ભોયરાઓ કોતર્યા અને ત્યાં નિવાસ કર્યો હતો. વલ્લભી વશંના રાજા દ્રોણસિંહે ઇ.સ.૪૯૯ થી ૫૧૯ દરમ્યાન વસાવેલું ગામ 'દ્રોણ' આજે પણ ગીરગઢડા તાલુકાનું ગામ છે. ઈ.સ. ૬૧૯માં વલ્લભી સમ્રાટના ધનસેન ત્રીજાના ભાઈ ડેરભેટે. વસાવેલું ગામ 'ઠેરવાણ' આજે પણ અસ્તિત્વ ધરાવે છે. આ ઉપરાંત વલ્લભી સમયના તામ્રપત્રોમાં અનેક ગામોનાં ઉલ્લેખ છે. તેમાના કેટલાક ગામો આજે નાશ પામ્યા છે. તો કેટલાક ગામોના સ્થાન ફરી ગયા છે. આમ, ઈસુની ૧૬મી સુધી ગીરમાં અનેક નગરો અને ગામો વસતા હતા. પ્રજાનો પ્રત્યેક વર્ગ એક યા બીજા પ્રકારનો વ્યવસાય કરતો હતો. તે પછી દુષ્કાળ કે અનાવૃષ્ટિને કારણે ગીર ઉજ્જડ થયું. આ જંગલમાં માત્ર જંગલી પ્રાણીઓનો વાસ થયો. વૃક્ષો અને વનરાજિમાં વ્યવસાય અર્થે વસતા માલધારીઓ અને સીદીઓ રહેતા થયા.

'ગીરનો ઈતિહાસ સદીઓ પુરાણો છે. અશોકના શિલાલેખમાં તથા સમ્રાટ અકબરના સમયમાં પણ ગીરનો ઉલ્લેખ છે. તે સમયે ગીર વિસ્તારમાં ગાઢ જંગલો હતા. બધા ડુંગરો, વૃક્ષોથી આચ્છાદિત હતા. હાલના નકશામાં જે ગીરના જંગલોનો વિસ્તાર બનાવવામાં આવે છે તે ભૂતકાળના ગીરના ત્રીજા ભાગનું જ છે. માત્ર થોડી સદીઓ પહેલાજ આ જંગલ ૫૦૦૦ ચો.કિ.મીનું હતું. મોગલો પછી જૂનાગઢનું રાજ નવાબના હાથમાં આવ્યું. ગીરનાં જંગલ જૂનાગઢ અને ગાયકવાડના રાજ્યોના તાબા હેઠળ વહેચાયેલું હતું. ઈ.સ. ૧૮૭૭માં જયારે સૌરાષ્ટ્રની જમીનની માપણી હાથ ધરવામાં આવી ત્યારે

જૂનાગઢ રાજ્યના તાબા હેઠળના જંગલ વિસ્તાર ૩૧૦૮ ચો.કિ.મીનો હતો. એક સમયે જંગલો મુખ્યત્વે મેળવવા તથા જંગલી જાનવરોનો શિકાર માટેનું સાધન હતું.[૪]

પ્રાચીન સમયમાં પ્રસિદ્ધ અને સમૃધ્ધ એવા આ નગરો તથા ગામો નાશ પામતા ભૂમિ ઉપર વૃક્ષો ઊગી ગયા જે સ્થળે સંસ્કૃત અને સભ્યપ્રજા વસતિ ત્યાં વનચરો અને વનવાસીઓ વસવા લાગ્યા. અગાઉના સભ્યતાનાં અવશેષો આજે પણ ગીરમાં જોવા મળે છે. ખંઢેરો, દેવસ્થાઓ, પાળિયા, વાવો, પાળા, કેનાલ વગેરેને જોતા આ વિસ્તાર ૫૦૦થી ૬૦૦ વર્ષ જૂના પુરાણો આબાદ હોવાનું જણાય છે. પાછળથી લડાઈ, ઝઘડા, યુધ્ધ વગેરેને કારણે આ પ્રદેશ ઉજ્જડ થઈ ગયો હતો.

## વર્તમાન ગીર :-

વર્તમાન સમયનું ગીરનું સિંહ અભ્યારભ્ય અને રાષ્ટ્રીય ઉદ્યાન પર્યાવરણ પ્રેમીઓ, વન્યજીવના અભ્યાસીઓ અને પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ગીર વિસ્તારની ભૌગોલિક માહિતી જવી કે સ્થાન, સીમા, વિસ્તાર, ભૂસ્તર આબોહવા, જળસ્ત્રોત, વન્યસંપત્તિ, પ્રાણીસૃષ્ટિ ગીરની માલધારી પ્રજા વગેરેની માહિતી નીચે મુજબ છે.

## સ્થાન :-

'મિશ્ર પર્ણપાતી વૃક્ષો અને એશિયામાં એક જ માત્ર સિંહોની વસ્તી ધરાવતું ગીર ૨૦.૪૦° અને ૨૧.૫૦° ઉત્તર અક્ષાંશ અને ૭૦.૫૦° અને ૭૧.૧૫° પૂર્વ રેખાશ વચ્ચે આવેલ પ્રદેશ છે. ગીરનું આ જંગલ ગીર સોમનાથ, જૂનાગઢ અને અમરેલી એમ ત્રણ જિલ્લાઓમાં વહેચાયું છે. આ જંગલ ૬૪ કિલોમીટર લાંબુ અને ૩૨ કિલોમીટર પહોળું છે.[૫]

## સીમા :-

ગીરની ઉત્તરે વિસાવદર, ધારી અને ખાંભા છે. પૂર્વ તરફ ધારી, ખાંભા અને રાજુલા તાલુકાઓ છે. દક્ષિણે ઉના, કોડીનાર અને તાલાલા તાલુકો છે. જયારે પશ્ચિમે તાલાળા, માળિયા અને મેંદરડા તાલુકાઓ આવેલા છે. ઉપરોકત બધાજ તાલુકાઓની સરહદ, જમીન ગીરના જંગલ વિસ્તારમાં આવી જાય છે. ગીર પૂર્વનું મુખ્યમથક ધારી એ અમરેલી જિલ્લાનું તાલુકા મથક છે. જયારે ગીર પશ્ચિમનું મુખ્ય મથક સાસણગીર ગીર સોમનાથ જિલ્લાના તાલાળા તાલુકાનું ગામ છે.

## વિસ્તાર :-

સાંપ્રત પરિસ્થિતિ જોતા ગીરનું જંગલ આજે પૂર્વથી પશ્ચિમ તરફ વધારેમાં વધારે ૭૦ કિલોમીટર અને ઉત્તરથી દક્ષિણ તરફ વધુમાં વધું ૪૦ કિલોમીટર લાંબું છે. જંગલોનો કુલ વિસ્તાર ૧૪૧૨ ચો. કિલોમીટરનો છે. જેનો મોટાભાગનો વિસ્તાર ગીર સોમનાથ જિલ્લામાં ઉપરાંત જૂનાગઢ અને અમરેલી

જિલ્લામાં સમાવેશ થાય છે. ઈ.સ. ૧૯૭૫માં આ વિસ્તારના ૨૫૮.૦૭ ચો.કિલોમીટર વિસ્તારને 'રાષ્ટ્રીય ઉદ્યાન' તરીકે ઘોષિત કરવામાં આવ્યો. વધારાના ૭૦ ચો.કિલોમીટર ના જંગલો દરિયાકાંઠાના પ્લાન્ટેશન અને ગીરની આસપાસની વિસ્તારમાં ફેલાયેલા છે.[૬]

**ભૂસ્તર :-**

ગીરના જંગલની જમીનની રૂપરેખા મુખ્યત્વે પ્રમાણસહની ટેકરીઓ, ખીણો અને ઊંચી સપાટી ધરતીની બનેલી છે. એ ચોક્કસ દિશામાં જતી પર્વતમાળા વિનાની છે. તેનો ઉત્તર તરફનો ભાગ વધુ ટેકરીઓ વાળો છે. જયારે દક્ષિણ તરફનો ભાગ પ્રમાણમાં સપાટ છે. આ વિસ્તારનો સામાન્ય ઢાળ દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમ તરફનો છે. ગીરની ટેકરીઓ જવાળામુખીમાંથી બનેલી છે. મુખ્ય ભૂસ્તરીય રચના ડેક્કન ટ્રેપ છે. મુખ્ય ખડકો 'ડોલોમાઈટ' અને 'બેસાલ્ટ' છે. રેતાળ પથ્થર ઉપરાંત ચૂનાના પથ્થરો અને મોટા મોર્ફાક ખડકો વગેરે પણ છે. ગીર વિસ્તારમાં જવાળામુખીના ખડકોએ કાળી જમીન અને રેતાળ પથ્થરની તેમજ ચૂનાના પથ્થરની લાલાશ પડતી બદામી ફળદ્રુપ જમીનને જન્મ આપ્યો છે. નદી કિનારે રેતાળ, ઊંડી ખીણોમાં માટીવાળી અને ટેકરીઓ ઉપર મુરમ (ટાંચ)ની જમીન જોવા મળે છે. ઉપરોકત બધાજ પ્રકારની જમીન કપાસ, શેરડી, મગફળી અને બાગાયતી ખેતી માટે ઉત્તમ ગણાય છે. આથી જ ગીરની 'કેસર કેરી' ભારતભરમાં પ્રખ્યાત છે.

## ગીરના બે વિભાગ :-

ઈ.સ. ૧૯૦૮માં ખેડૂતોએ ગીરની આજુબાજુના જંગલ વિસ્તારને કાપીને ખેતીની શરૂઆત કરી દીધી હતી. તેઓ પોતાના ઢોરના ચરિયાણ માટે વધુ ને વધુ ખેતીની જમીન માટે જંગલ ચોખ્ખું કરતા ગયા. ઈ.સ. ૧૯૧૫ થી ઈ.સ. ૧૯૩૪ દરમ્યાન આ જંગલને વહીવટી સરળતા માટે બે કાર્યક્ષેત્રમાં વહેંચી નાખવામાં આવ્યું (૧) ગીર પૂર્વ (૨) ગીર **પશ્ચિમ :-**

પૂર્વ ભાગમાં ઘાસના મેદાનો હતા. પશ્ચિમ ભાગ સાગનાવૃક્ષો સાથે બીજી સૂકી પાનખર જાતના વૃક્ષો હતા. એમા ફરતી પદ્ધતિથી જે કંઈ ઉગતા તેને કાપવાની છૂટ આપવામાં આવતી. આ સમયમાં દેવળિયા વિસ્તાર સિંહ જોવા માટે અને રોણિયા તથા માલપરાંનો વિસ્તાર સુકુ ખડ એકત્રિત કરવા માટે વપરાતો. ઈ.સ. ૧૯૩૫ થી ઈ.સ. ૧૯૫૪ દરમિયાન અહીં અમુક વૃક્ષો જેવા કે રાયણ, આમલી, આંબો, અરીઠી, શીમળો, વડ, પીપળો, બહેડો, જાંબુ ઉગાડવામાં આવ્યા. આઝાદી પછીના ૩૦ વર્ષ બાદ જંગલની કાપણી અને ખેતી માટે વધુ જમીન મેળવવાનાં ઉદ્દેશથી ગીરના જંગલનો વિસ્તાર પહેલા કરતા અડધો થઈ ગયો, અને ધીરે-ધીરે સંકોચાતો ગયો. એક સમયે પ્રાણીઓનાં અવર-જવરના માર્ગો ગીરની સાથે બાબરિયા વાડ, કનરા ડુંગર સાથે માલકણ, બાબરા તથા આલેચના ડુંગરો સાથે જોડાતા તે ખેતી અને માનવ વસ્તીના વસવાટથી દબાણ થતાં સંકોચાતાં ગયા. આમ બચેલું ગીરનું જંગલ આજે

માનવમહેરામણથી ઘેરાયેલા પ્રાકૃતિક પરિસરના એક ટાપુ જેવું બની ગયું. ‘‘ઈ.સ. ૧૯૫૬ થી ૧૯૭૨ દરમિયાન આયોજનમાં વન્યજીવન સંરક્ષણ તરફ ધ્યાન આપવામાં આવ્યું. ઈ.સ. ૧૯૬૯માં પરંપરાથી ચાલતાં અભિગમને બદલે વન્યજીવો પર વધુ ભાર મૂકવામાં આવ્યો. ગીરના આવાસોને સુધારવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. આમ જોઈએ તો ઈ.સ. ૧૯૬૫ પહેલાં એટલે કે ગીર વિસ્તાર અભ્યારણ્ય તરીકે જાહેર થયો તે પહેલાં જંગલમાં પરિસ્થિતિ અત્યંત ખરાબ હતી. જંગલી તૃણાહારી પ્રાણીઓની સંખ્યા ખૂબ જ ઓછી હોવાથી સિંહ મુખ્યત્વે માલ ઢોર પર જ નભતા. ગીરને ઈ.સ. ૧૯૬૫ માં ગુજરાત સરકારે અભ્યારણ્ય ઘોષિત કર્યું અને ઈ.સ. ૧૯૭૨ માં તેના ‘ગીર લાયન પ્રોજેક્ટ’ હાથ ધરવામાં આવ્યો. [૭]

## સિંહ દર્શન- સાસણગીર અભ્યારણ્ય :-

ગીરનું જંગલ જેટલું પ્રાકૃતિક અને હરિયાળું છે તેટલું જ સિંહના શોખીન માટે પણ જાણીતું છે. સિંહ, સાવજ, ઉનિયો, બબ્બર શેર તરીકે જગવિખ્યાત એશિયાટીક લાયન સોરઠના સાવજને કુદરતને ખોળે વિહરતા નિહાળવા ગીરનું જંગલ ખુંદવું પડે. વનવિભાગ દ્વાર સાસરણગીર નજીક ૪૧૨ હેકટરમાં વિકસાવેલા ગીર પરિચરખંડ દેવળિયા ખાતેના ‘સિંહદર્શન’ની વ્યવસ્થા કરાઈ છે. જૂનાગઢનો નવાબ પોતે સિંહના શિકારનો શોખીન હતો. આ ઉપરાંત પોતાના અંગત રાજા-મહારાજાઓ અને માનીતા અધિકારીઓને ખુશ કરવા વાર-તહેવારે સાસણગીરમાં મહેફિલો યોજાતી. ગીર વિસ્તારમાંથી ઈમારતી લાકડાની સરળતાથી ચોરી થઈ શકે તે માટે તેમણે જૂનાગઢ-સાસરણગીર સુધી રેલવેલાઈન પાથરવામાં આવી હતી. વર્ષો પહેલા સિંહ છેક મધ્યભારત સુધી દેખાતા. પરંતુ શિકારને પરિણામે આજે બધેજ લુપ્ત થયા. સિંહોની સંખ્યા ઈ.સ. ૨૦૧૦માં ૪૦૦ની નોંધાઈ હતી. હાલમાં તેમા વધારો થયો છે. પંરતુ આજે દુ:ખ સાથે કહેવું પડે છે કે ઈ.સ. ૨૦૧૬-૨૦૧૭ માં ૧૮૪ સિંહોના મૃત્યુ થયેલ છે. જેમાં ઘણા સિંહોના કુદરતી રીતે પણ મોત થયા હોવાનું માલૂમ પડયું છે. એશિયાટિક સિંહ માટે ગૌરવ લેતા ગુજરાતના ગીર અભ્યારણ્યમાં છેલ્લા દસ વર્ષમાં ૪૬% વધારો થતાં સિંહોની હાલતીની સંખ્યા ઈ.સ. ૨૦૧૮માં કુલ ૫૨૩ થી વધુ હોવાનું ગુજરાત સરકારે જાહેર કર્યું છે.

## સિંહની સુરક્ષા :-

(૧) અત્યારે સિંહના શિકાર પર પ્રતિબિંધ છે. અને તેમની વસ્તીની જાળવણી માટે સરકાર દ્વારા ઘણા પ્રયત્નો થઈ રહ્યા છે. સાસરણગીરમાં સિંહોનું અભ્યારણ્ય બનાવવામાં આવ્યું છે. તે વિસ્તાર ફરતે પથ્થરની દિવાલ કરવામાં આવી છે. તે વચ્ચેથી પસાર થતા માર્ગની બન્ને બાજુએ કાંટાળી વાડ કરી દેવામાં આવી છે. ૧૭૬ કિલોમીટરના આ વિસ્તારમાંથી પશુ બહાર ન જાય કે બહારથી કોઈ પશુ કે શિકારી અંદર પ્રવેશે નહી તેની ખાસ કાળજી રાખવામાં આવે છે.

(૨) સિંહના મૃત્યુને અટકાવવા માટે સરકારે ગીરરક્ષિત વિસ્તારમાં નજીકના કૃષિ વિસ્તારમાં ખુલ્લા કૂવા ફરતે 'પેરાપેટ વોલ' બનાવી છે. ઉપરાંત અમરેલી જિલ્લામાંથી પસાર થતી સુરેન્દ્રનગર-પીપાવાવ રેલવે ટ્રેકનાં બન્ને બાજુ ચેઈલીંગ ફેન્ચીંગ કર્યું છે. ગીર અભ્યારણ્યના વન્યપ્રાણી માત્ર અભ્યારણ્ય વિસ્તારમાં જાહેરમાર્ગ પર સ્પીડ બ્રેકસ જનજાગૃતિના કાર્યક્રમ હાથ ધર્યા છે.

(૩) '' સંરક્ષણની દ્રષ્ટિએ સ્થાનિક લોકો પણ વનવિભાગ જેટલા જ જાગૃત અને સક્રિય છે. ગીર અને તેની આસપાસના આબાલવૃદ્ધ સૌ કોઈ આ જાગૃતિ કાર્યક્રમોમાં ભાગ લે છે. ઘણી જગ્યાએ આવા લોકોએ ભેગામળીને પ્રકૃતિ કલબ અને પર્યાવરણ માટે કામ કરતી સંસ્થાઓ શરૂ કરી છે. આવા લોકોના સહકારથી વનવિભાગ ઘણી સફળતાપૂર્વક ' પર્યાવરણ બચાવો, સિંહ બચાવો, વૃક્ષો બચાવો,' જેવા કાર્યક્રમનું અમલીકરણ કરી શકયું છે. ડૉકટરો, વકીલો બને બીજા ઉચ્ચ અધિકારીઓ ઘણા સક્રિય રીતે આ કાર્યક્રમમાં ભાગીદારી બની રહ્યા છે. કોઈપણ અપેક્ષા રાખ્યા વગર સ્થાનિક લોકો પણ જોડાયા છે. આ બીજુ કશું નથી પણ પ્રકૃતિ પ્રત્યેનો અને સિંહપ્રત્યેનો પ્રેમ દર્શાવે છે.''[૮]

## વન વિસ્તારમાં પસાર થતા ધોરીમાર્ગ અને રેલવેલાઈન :-

૧૦૦ કિ.મી.થી વધારે અંતર આવરી લેતાં ૭ રાજ્ય ધોરીમાર્ગ ગીરમાંથી પસાર થાય છે તેમજ ૧૫ કિ.મી.થી વધારે રેલવેલાઈન પથરાયેલ છે. ગીરના વન વિસ્તારમાંથી ઘણાં જાહેરમાર્ગો પસાર થાય છે.પરંતુ આમાનાં મુખ્ય બે માર્ગો સાપનેસ, જામવાળા માર્ગ છે જે રાષ્ટ્રીય ઉદ્યાનમાંથી પસાર થાય છે. આજે ગીરમાં રોજબરોજ વાહન વ્યવહાર વધી રહ્યો છે. લોકો કયારેક વાહનમાંથી નીચે ઉતરીને જંગલી પ્રાણીઓને ખલેલ પહોંચાડે છે. આજે રસ્તાઓ પરથી સિમેન્ટ ભરેલા ટ્રક પસાર થાય છે. આમાનાં કેટલાક વાહનો ૨૪ કલાક ચાલુ રહે છે. જે નિશાચર પ્રાણીઓ માટે બાધારૂપ છે. આ તમામ પસાર થતાં રસ્તાઓ અને તેના પર વાહનની અવરજવરને લીધે પ્રાણીઓ એક ભાગથી બીજા ભાગમાં અવરજવર કરતા અટકે છે અને ભયને કારણે આ રસ્તાઓથી તેઓની એક કૃત્રિમ હદ બંધાઈ જાય છે. રસ્તાઓ પર અવાજનું પ્રદૂષણ જેવા કે આગ લાગવી, નાની-મોટી જંગલ ચોરીના કારણો બની ગયા છે. આજ રસ્તા પર જંગલી પ્રાણીઓ જેવા નોળિયા, જંગલી બિલાડી, નિશાચર પંખીઓ, હરણ અને કોઈકવાર સિંહ પણ વાહનોની વધુ ઝડપને કારણે અકસ્માતનો ભોગ બની મૃત્યુ પામે છે. દર વર્ષે ગીરમાંથી ૨૫ લાખ વાહનો પસાર થાય છે. ગીર વિસ્તારમાં ૧૫ કિ.મી. લાંબી વિસાવદરથી તાલાલા વચ્ચે રેલવેલાઈન છે. જેમાં રોજની ૬ ટ્રેન અવરજવર કરે છે. આજ સુધીમાં આશરે ૨૦ જેટલા સિંહ તલાલા વિસાવદર રેલવેલાઈન ઉપર કપાઈ ગયા છે. અને ઘણા તૃણાહારી અને અન્ય પ્રાણીઓ પણ કપાઈ ગયા છે. જેનો આજે આંકડો ઉપલબ્ધ નથી. આ ઉપરાંત દેલવાડાથી વાયા જામવાળા-તાલાલા થઈને ટ્રેન ગીરમાંથી જૂનાગઢ જાય છે.''[૯]

## ગીર વસાહત :-

ગીર વિસ્તારમાં નાની-નાની વસાહતો આવેલી છે. જેને માલધારીના 'નેસ' અથવા 'નેસડા' કહે છે. આવા ૭૦ થી વધુ 'નેસડા' અહી ં આવેલા છે. જાંબુડીનેસ, ખજૂરીનેસ, સંતરવાનેસ, વાઘાટીબીનેસ, છોડવડીનેસ મીઢાંનેસ વગેરે મુખ્ય છે. ગીર વિસ્તારની આજુબાજુ ૭ રેવન્યુ ગામો અને અંદરના ભાગે ૧૪ વન વસાહતો આવેલી છે. માલધારીના ૧૦,૦૦૦ અને વનવસાહતોના ૫૦,૦૦૦ માલઢોર નજીવી રકમ ચૂકવીને ગીર અભ્યારણ્યના વિસ્તારમાં ચરિયાણ કરે છે. આ ઉપરાંત આજુબાજુના ગામોમાં અંદાજે લાખથી સવા લાખ માલ ઢોર છે. જે ચોમાસામાં આ વિસ્તારમાં આવી ચડે છે. આ તમામ માલ-ઢોર, માલધારીઓ, આસપાસના લોકોનું સીધુ કે આડકતરું દબાણ જંગલ પર આવે છે. અને તેઓના ચરિયાણથી જંગલને મોટો ખતરો છે.

આ ઉપરાંત ગીરમાં થતા મધ, અરીઠા, હાડકા, શિગંડા, ચામડા, ઈમારતી લાકડું, ગુંદર ઔષધો, વગેરે જંગલની પેદાશ કોળી, સીદી, વાઘરી મકરાણી, કબાડી વગેરે વનવાસીઓ એકત્ર કરતા અને વેચતા. આ પ્રદેશમાંથી તેમા સાચવણી ખર્ચ જેટલી પણ આવક થતી ન હતી. એટલે તેનું વહીવટતંત્ર મર્યાદિત હતું. ઉપરાંત જંગલમાં બહારવટિયાઓ, જંગલી પ્રાણીઓ રોગીષ્ટ આબોહવા અને રસ્તાઓના અભાવે તેમા કોઈ કાયમી વસવાટ કરતા નહી.

આમ, ગીરનું જંગલ માત્ર ગીર સોમનાથ જિલ્લાનું જ નહીં સમગ્ર ભારત દેશના સિંહોના આશ્રય તરીકે જાણીતું બન્યું છે. એ ગુજરાતનું ગૌરવ ગણી શકાય. સૌરાષ્ટ્રવાસીઓ માટે સિંહ એ ગૌરવનું પ્રતીક છે. વન્યજીવ સંવર્ધન અને સંરક્ષણ કામગીરી બાબતે ગુજરાત ઉદાહરણરૂપ છે.

## ગીરની આબોહવા :-

ગીરમાં ઉષ્ણકટીબંધમાના ચોમાસા જેવી આબોહવા હોય છે. જે ઉનાળા દરમ્યાન ખૂબ જ ગરમ રહે છે. અહીં શિયાળો, ઉનાળો અને ચોમાસુ બહું સ્પષ્ટ રીતે વર્તાય છે. નવેમ્બરની શરૂઆતથી માર્ચ સુકી ઠંડી હવા હોય છે. માર્ચ પછી સુકી ગરમ આબોહવા હોય છે. શિયાળાનું તાપમાન લગભગ ૧૦ સેલ્સીયસ અને ઉનાળાનું તાપમાન લગભગ ૪૩ સેલ્સીયસ જેટલું રહે છે. જૂનના બીજા પખવાડિયાથી સપ્ટેમ્બરના અંત સુધી ચોમાસુ હોય છે. મોટાભાગેનો વરસાદ જૂલાઈ-ઑગષ્ટમાં પડે છે. ગીરનો સરેરાશ વરસાદ ૮૦૦ એમ.એમ. જેટલો છે. ચોમાસાની અનિયમિતા અને વરસાદના અસમતોલ પ્રમાણને લીધે કેટલીકવાર દુષ્કાળનો સામનો કરવો પડે છે. ગીરની આબોહવા એકદંરે નીરોગી અને આનંદદાયક હોય છે. અહીનો માનવી માટે સાચું, સક્રિય અને ઉત્પાદક બની છે. કુદરતી પર્યાવરણની વચ્ચે રહેતા પશુ, પક્ષી, માનવી ભાગ્યેજ બીમાર પડે છે.

## ગીરની વન્યસંપત્તિ :-

ગીરના જંગલોમાં ૫૦૦ થી વધુ જાતની વનસ્પતિ જોવા મળે છે. શાંતાપાવ અને રાયજાદાએ ઈ.સ. ૧૯૫૫માં ૪૦૩ જાતની વનસ્પતિ તેમજ એમ.એસ.યુનિવર્સિટીના સંશોધન અહેવાલમાં ૫૦૭ જેટલી જુદી-જુદી વનસ્પતિઓ નોંધવામાં આવી છે.[૧૦] અહીં અલગ-અલગ ૭૦ થી ૮૦ પ્રકારનું ઘાસ ચોમાસામાં ઊગી નીકળે છે. જે ગીરના ૫૦,૦૦૦ જેટલા માલ ઢોરને નિભાવે છે. જામફળ, જાંબું, ટીમરું, બોર, આંબલી એ ગીરના જંગલોના મુખ્ય ફળો છે.

યજ્ઞ કે હવનમાં જે નવ પ્રકારનાં સમિધની જરૂર પડે છે. તમામ વૃક્ષો ગીરના જંગલમાંથી પ્રાપ્ત થાય છે. સાગ, સાલ સીસમં, પીપળો, ખેર, વડ, ખીજડો, બિલ્લી, બાવળ, બોરડી, ઉબંરો, ખજૂરી, આજડ, અરીઠી, ગરમાળો, થોર, સવન વગેરે મુખ્ય છે. આ ઉપરાંત ગોળવેલ, અમરવેલ, લીમડાની ગળો, જળજમની, કંટોલી, ટિંડોર, ખરખોડી, શિવલિંગી, ખાંટ ખૂબો વગેરે વેલાઓ જોવા મળે છે. છતાં પણ આજનું ગીરનું જંગલ વેરાન વગડા જેવું ઉજ્જડ થઈ રહ્યું છે. ઓછા વરસાદને કારણે વૃક્ષોનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટતું જાય છે. ઈમારતી સાગ, સીસમ, સાલ જેવા વૃક્ષો આજે નામશેષ થતા જાય છે. જંગલીબાવળ ટીમરું, બોરડી, લીમડો, ખાખરો, સરું, જાંબલી વગેરેના વૃક્ષોથી ગીરનું જંગલ આજે શોભી રહ્યું છે. વન્યસંપત્તિને બચાવવા સરકારે ઘણા પ્રયાસો કર્યા છે. જે આવનારો સમય જ કહેશે સરકારના આ નવતર પ્રયોગોએ ગીરના જંગલોનો કેટલો વિકાસ કર્યો ?

## ગીરની પ્રાણીસૃષ્ટિ :-

ગીરના જંગલમાં માંસાહારી અને તૃણાહારી એમ બન્ને પ્રકારના પ્રાણીઓ અને પક્ષીઓ વસવાટ કરે છે. ૨૩૭૫ પ્રાણી પ્રજાતિ ધરાવતી ગીર પ્રાણીસૃષ્ટિમાં ૩૧ પ્રકારના સસ્તન પ્રાણીઓ, ૩૦૦ કરતા વધુ પ્રકારના પક્ષીઓ અને ૩૭ પ્રકારના સરિસૃપો અને ૨૦૦૦થી વધુ જાતના કીટકો જોવા મળે છે. માંસાહારી પ્રાણીઓમાં મુખ્યત્વે એશિયાઈ સિંહ, દીપડો, ઝરખ, જંગલી બિલાડી, શિયાળ, નોળિયું, ઘરઘોદિયું અને રણબિલાડી મુખ્ય છે. જ્યારે તૃણાહારી પ્રાણીઓમાં ચિત્તલ, રોઝ, નીલગાય, સાબર, ચોસિંગ, ચિકારા, સાંભર અને જંગલી ડુક્કર છે. આસપાસના ક્ષેત્રોમાં કાળિયાર કયારેક અભ્યારણ્યમાં દેખાય છે. નાના સસ્તન પ્રાણીઓમાં શાહુડી અને સસલા સામાન્ય છે. અને કીડીખાય વિરલ છે. સરિસૃપોમાં પ્રમુખ છે મગર. જેથી અહીં ભારતના કોઈપણ સંરક્ષિત જંગલ કરતા વધુ વસ્તી છે. ભારતીય તારક કાચબા અને ઘો જળસ્ત્રોતની આસપાસ જોવા મળે છે. જંગલો અને છોડવાઓમાં સાપ મળી આવે છે. ઝરણાને કિનારે અજગર જોવા મળે છે. ગુજરાત રાજ્ય જંગલ વિભાગ જેણે ઈ.સ. ૧૯૭૭ માં ભારતીય મગર સંવર્ધન યોજનામાં ભાગ લીધો હતો. તેમણે ગુજરાતના 'ગીર સંવર્ધન' ક્ષેત્રમાં ઉછરેલા ૧૦૦૦ મગરને કમલેશ્વર તળાવ અને અન્ય તળાવોમાં છોડયા હતા.

ગીરના માલધારીઓ પાસે ગાય, ભેસ, ઊટં, ઘેટાં, બકરાં જેવા પાલતું પ્રાણીઓ પણ જોવા મળે છે. આ ઉપરાંત ગીર અભ્યારણ્યમાં ૩૦૦ પ્રજાતિના પક્ષીઓ છે. તેમના મોટાભાગના અહીંના સ્થાનિક પક્ષીઓ છે. કબૂતર, કાગડા, હોલા, કોજલી, ધુવડ, પોપટ, સમડી, બાજ, લક્કડખોદ વગેરે પક્ષીઓ ઉપરાંત શિયાળામાં ઓખામંડળમાં સુરખાબ, બગલા, કુંજળી વગેરે પક્ષીઓ થોડી સંખ્યામાં આવે છે.

## ગીરની ખનીજસંપત્તિ :-

ખનીજસંપત્તિ એ કોઈપણ વિસ્તારના વિકારસની કરોડરજ્જુ ગણાય. ગીર વિસ્તાર વિપુલ ખનીજસંપત્તિ ધરાવતો પ્રદેશ છે. અહીંની જમીન પોટેશિયમથી ભરપૂર છે. અહીં પુષ્કળ પ્રમાણમાં ચૂનાનો પથ્થર મળી આવે છે. જેને લીધે આ વિસ્તારની આસપાસ મધુવન, અંબુજા, એલ.એન્ડ.ટી. હાથી જેવી મોટી મોટી સિમેન્ટની ફેકટરીઓ આવેલી છે. ઊના, ગીરગઢડા, કોડીનાર વગેરેમાં સફેદ પથ્થરની મોટી-મોટી ખાણો આવેલી છે. આ પથ્થર મકાન બનાવવા માટે ઉપયોગી છે. અહીંનો પથ્થર ગુજરાતના અન્ય સ્થળોએ મોટા પાયે નિકાસ થાય છે. ગીર વિસ્તારની જમીન મુખ્યત્વે બે પ્રકારની જોવા મળે છે. કાળી અને ગોરાડુ. કાળી જમીનમાં કપાસ, મગફળી, શેરડી, ઘંઉ, જવ અને ગોરાડુ જમીનમાં અનાજ, શાકભાજી, કઠોળ, ફળફળાદિ ખૂબજ સારા પ્રમાણમાં થાય છે. ગીરની નજીકનો વિસ્તાર તાલાળા, મોરુકા, મંડોરણા, જામવાળામાં આંબાના પુષ્કળ બગીચા આવેલા છે. તાલાળાની કેસર કેરી દેશ-વિદેશમાં વખણાય છે. આ ઉપરાંત નાગરવેલ, જામફળ, જાંબુ, રાવણા, ટીમરું વગેરે મુખ્ય છે.

ગીર વિસ્તારમાંથી ૮૪% સીસુ ધરાવતું કાચુ સીસુ મળી રહે છે. જે ગૃહઉદ્યોગ તરીકે પોરબંદરમાં સ્લેટ પેનો બને છે. આ ઉપરાંત બોકસાટ, સુરોખાર, અકીક, ચુનાનો પથ્થર, સાચા મોતી તથા પરવાળા પણ મળે છે. ગીર વિસ્તારમાં નાના-મોટા અનેક ડુંગરાઓ આવેલા છે. આ ડુંગરામાં ગંધકનું પ્રમાણ સવિશેષ છે. એટલે જ તુલસીશ્યામ અને તેની આસપાસના વિસ્તારમાં ગરમ પાણીના જરા ફૂટી નીકળ્યા છે. આ ઉપરાંત ઈમારતી લાકડુ અને ઔષધિનો અખૂટ ભંડાર છે. અહીં એવી ઔષધિ પ્રાપ્ત થાય છે. જે ગીરની જડીબુટ્ટી ગણાય. જે દેશી દવા બનાવવામાટે વપરાય છે.

## ગીરની ગોદમાં પવિત્ર તીર્થસ્થાનો :-

## સોમનાથ :-

ગીર સોમનાથ જિલ્લાનું મહત્ત્વનું તીર્થસ્થાન સોમનાથ મહાદેવનું મંદિર ગણાય છે. સોમનાથ મંદિરતો ભારતની સાંસ્કૃતિક ચેતનાના ખંડન અને તેની પુનઃ જાગૃતિના સનાતન ઈતિહાસનું પ્રતીક છે. આ મંદિર સાત વાર બંધાયું છે. પ્રથમ ચંદ્રે સોનાનું, શ્રીકૃષ્ણે લાકડાનું અને ભીમદેવે પથ્થરનું બંધાવ્યું હોવાનું મનાય છે. આમ મહમંદ ગજનીએ કેરલા વિનાશની અને પછી અલાઉદ્દિન ખિલજીએ કરેલા સોમનાથ ધ્વંસની કથા જાણીતી છે. ઈ.સ. ૧૯૫૧માં ભારતના રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્રપસાદે સોમનાથ

જયોતિલિંગની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી. સોમનાથ એ બાર જયોતિલિંગોમાંનું એક હોવાથી તે પ્રથમ ગણાતું અને શૈવસંપ્રદાય માટે તેનું ધાર્મિક મહત્ત્વ ઘણું છે. ઋગ્વેદમાં પણ આ મંદિરનો ઉલ્લેખ છે.

યત્ર ગંગા ય યમુના યત્ર પ્રાચી સરસ્વતી ।
યત્ર સોમશ્વરો દેવસ્તત્ર મામમૃતં કૃધિન્દ્રાયેન્ડોપ્રરિસ્ત્રાંવ ॥

(જ્યાં ગંગા, યમુના અને પ્રાચી સરસ્વતી મળે છે અને જ્યાં ભગવાન સોમનાથ છે. ત્યાં મને અમર બનાવો. હે ચંદ્ર ભારત માટે અમૃત વરસાવો)

સોમનાથના આજના મંદિરને સ્થાપત્યની ભાષામાં 'મહામેરુપ્રસાદ' કહેવામાં આવે છે. મંદિરની ભવ્યતા અને સાગરની રુદ્ર રમણિયતા મળીને સંવેદનશીલ પ્રવાસીના ચિત્ત પર નોખી છાપ અંકિત કરશે.

### તુલસીશ્યામ :-

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાથી ૩૦ કિ.મી. ઉત્તર દિશાએ આગળ જતા 'તુલસીશ્યામ' 'તીર્થસ્થાન' આવેલું છે. અહીં ભગવાન શ્યામસુંદીરનું ભવ્ય મંદિર આવેલું છે. ગરમ પાણીના સપ્તકુંડ છે. જેનું પાણી ૭૦° થી ૮૦° જેટલું ગરમ રહે છે. સોહામણી સવાર, ગીરીમાળાઓ, વચ્ચે મંદ-મંદ વહેતા પવન અને આહલાદક વાતાવરણ અને વન્ય પ્રાણી પશુ પંખીઓના સંગીતમય અવાજનો આનંદ લેવો હોય તો તુલસીશ્યામ જવું પડે મંદીરના પરિસરમાં રાત્રિરોકાણ અને ભોજનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. બાજુમાં ટેકરી પર રુકમણિ બિરાજે છે. ત્યાંથી નજીકના અંતરે નાંદીવેલાનો ડુંગર શોભી રહ્યો છે. રાવલ અને ઝમરી જેવી મોટી નદીના નીર અહીં વહે છે.

તુલસીશ્યામથી ૩ કિ.મીના અંતરે ભીમચાસ પણ જોવાલાયક સ્થળ છે. ત્યાં અવિરત વહેતો 'પાણીનો ધરો' નયનરમ્ય છે.

### સત્તાધાર :-

વિસાવદર પાસે આવેલી સત્તાધારની જગ્યા દર્શનીય છે. આપાગીગાની સમાધિ છે. અહીંના સંત શિરોમણી શ્રીશામજીબાપુને કુંભના મેળામાં સંત શિરોમણીનું બિરુદ મળ્યું હતું. સત્તાધારે 'ભૂખ્યાને રોટલો અને અનાથને આશરો' ના સૂત્રને નાત-જાત કે ધર્મ-સંપ્રદાયના ભેદભાવ વિના ખરા અર્થમાં સાર્થક કરે છે. દેવીકાર્યોથી સમર્પિત આ ધર્મસ્થળના દર્શન કરવા એ જીવનનો લહાવો છે. વર્તમાન ગાદીપતિ જીવરાજબાપુ છે. હાલમાં ત્યાં બાજુમાં નવી સત્તાધાર પણ નિર્માણ પામી છે. સંતશ્રી શામજીબાપુના ચરણકમળ અને રામેશ્વર હનુમાનની મૂર્તિપ્રથાપિત કરેલ છે. ત્યાંના મહંત ગાદિપતિ ગોવિંદરામબાપુ છે. તેમણે ત્યાં ભવ્ય શૈક્ષણિક-સંકુલની સાથે સાથે ગીર-ઓલાદની ગાયોનો ઉછેર કરીને

ભારતીય સંસ્કૃતિની પરંપરાને જાળવી રાખી છે. તેમજ પુષ્કળ પ્રમાણમાં વનરાજિનો વિકાસ કરી પ્રાકૃતિક સૌંદર્યમાં વધારો કર્યો છે. સત્તાધાર અને આપગીગા અંગે સેકડો ભજનો દોહા-ચોપાઈ સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત બનેલા છે.

**કનકાઈ :-**

મધ્યગીરમાં આવેલા શિંગવડો નદીને કિનારે વસેલું 'કનકેશ્વરીમાતાનું મંદિર' ખરા અર્થમાં ગીરનું હૃદય ગણાય છે. આ અતિ પ્રાચીન તીર્થસ્થાન છે. પશ્ચિમ ગીરમાં આવેલું આ તીર્થસ્થાન આંકોલવાડી રેન્જ હેઠળ આવેલું છે. અહીં જંગલખાતાનું એક થાણું છે. કનકાઈ માતાજી ઉનેવાળ બ્રાહ્મણો અને અન્ય ચૌદ જ્ઞાતિ તથા કપોળ વણિકના કુળદેવી છે. આ મંદિરનો ઈતિહાસ જોઈએ તો ખૂબજ જૂનો છે. તેમજ ત્યાં પ્રાચીન મંદિર પણ આવેલું છે. જે ઈ.સ. પૂર્વેનું હોવાનું મનાય છે. હાલમાં કનકાઈ માતાજીની જગ્યાનો ૪૫૦ વર્ષ જૂનો ઈતિહાસ મોજૂદ છે. જે પથ્થર પરના લખાણો પરથી સાબિત થયેલ છે. જે ઈતિહાસ વિધિઓએ સાબિત કરી બતાવેલું છે. [૧૧]

**બાણેજ :-**

ગીરની મધ્યમાં આવેલ બાણેજ પ્રાચીનતીર્થ છે. સંતશ્રી સરસ્વતીબાપુની કઠિન તપોભૂમિ એટલે બાણેજ. લોકવાર્તા એવી છે કે માતા કુંતીને પાણીની તરસ લાગતા અર્જુને ધરતીમાં બાણ મારીને ગંગાનું પ્રાગટય કર્યું હતું. આથી જ આ સ્થળને લોકો બાણગંગા તરીકે ઓળખાવે છે. અહીં મહાદેવ અને ગંગામૈયાનું મંદિર ધર્મની જયોત પ્રગટાવે છે.

**સરાકડીયા :-**

જસાધારથી ધોડાવડી જતા રસ્તામા સરાકડીયામાં આઈ સોનબાઈનું મંદિર આવેલું છે. આ જગ્યાનો ઈતિહાસ પણ ૩૦૦ વર્ષ જૂનો છે. દર વર્ષે અહીં દીવાળી તથા ચૈત્રી નવરાત્રિમાં ૨૦૦ જેટલી માનતા આવે છે. રામાનંદી પરિવાર બે-ત્રણ પેઢીથી આ મંદિર સંભાળે છે.

**બિલેશ્વર મહાદેવ :-**

ગીર મધ્યમાં ધોડાવડી ગામે ધોડાવડી નદીને કિનારે વસેલો આ આશ્રમ દર્શનીય છે. સુંદર મજાનું કુદરતી વાતાવરણ પાંચથી સાત વીંધા જગ્યામાં પોતાની બાગ-બગીચાની જમીનમાં બિલેશ્વર મહાદેવનું રાજાશાહી વખતનું જૂનું મંદિર અને જગ્યા છે. ત્યાં ગિરિબાપુની પણ જગ્યા આવેલી છે. [૧૨]

## ટપકેશ્વર મહાદેવ :-

ઉના-જામવાળા રોડ પર આવેલું 'ટપકેશ્વર મહાદેવનું' મંદિર આવેલું છે. હિમાલયમાં બિરાજતા ભગવાન અમરનાથની યાદ આપતું આ તીર્થ અદ્‌ભુત અને પવિત્ર સ્થાનક છે. અહીં શિવાનંદબાપુની સમાધિ પણ છે. ટપકેશ્વર ગુફાનું મુખ પૂર્વ તરફ શોભી રહ્યું છે. તેમા એક સાથે ૨૦૦થી ૨૫૦ માણસો સમાઈ શકે તેવી વિશાળ ગુફા છે. આ સ્થળે ઘણા સંત-મહાત્માઓ રહી ચૂકયા છે. જેમાં બ્રહ્મલીન શ્રી શિવાનંદબાપુ વધારે સમય રહ્યા અને દેહ પણ અહીં જ છોડયો હતો.

## ત્રિવેણીતીર્થ :-

સોમનાથ મંદિરથી થોડે દૂર હિરલ નદીથી આગળ ચાલતા ત્રિવેણી સંગમનું સ્થળ આવેલું છે. પવિત્ર ગણાતા આ સ્થળે હિરણ ઉત્તરમાંથી, પૂર્વથી કપિલા અને ગીર તરફથી આવતી સરસ્વતી નદીનું મિલન થાય છે. શ્રાધ્ધ માટે આ સ્થળનું વધારે મહત્ત્વ છે.

## ભાલકાતીર્થ :-

ત્રિવેણીતીર્થથી આગળ જતા 'ભાલકાતીર્થ' નામનું તીર્થસ્થાન આવેલું છે. મધપાનથી ચકચૂર બનેલા યાદવોનો અંદર અંદર લડવામાં સંહાર થયો એનાથી ગમગીન થઈને અહીં શ્રીકૃષ્ણ ભગવાન પીપળાના વૃક્ષ નીચે યોગ સમાધિમાં બેઠા હતા. ત્યારે જરા નામના પારધીએ ભૂલથી તેમને મૃગ સમજીને બાણ માર્યું અને ભગવાન શ્રી કૃષ્ણે પોતાની કાન્તિથી વસુંધરાને વ્યાપી સ્વર્ગમાં સીધાવ્યા. તેથી આ સ્થળને 'ભાલકાતીર્થ' કહેવામાં આવે છે. અહીં આવેલો 'મોક્ષપીપળો' ને જળસિંચન કરી પિતૃમોક્ષની અનુભૂતિ સાથે હજારો ભાવિકો પ્રતિવર્ષ શ્રધ્ધાભાવથી આવે છે. સરસ્વતી નદીને તટે પ્રાચી ખાતે આવેલ આ મોક્ષપીપળાનું સ્થળ શાસ્ત્રોકત અને પૈરાણિક હોવાનું માનવામાં આવે છે.

## પ્રાચીતીર્થ :-

કોડીનાર-વેરાવળ હાઈવે પર સૂત્રાપાડા તાલુકાનું દર્શનીય સ્થળ પ્રાચી-તીર્થ આવેલું છે. ''સો વાર કાશી એક વાર પ્રાચી'' ની ઉકિત સાર્થક કરતું ! આ સ્થળે સરસ્વતી નદી પૂર્વમાં વહે છે. અહીં પિતૃતર્પણ કરવા દેશ-દેશાવરથી અનેક ભાવિકો આવે છે.

આ ઉપરાંત ગીરની ગોદમાં બ્રહ્મલીન સંતોના આશ્રમો આવેલા છે. બહેતગીરીબાપુ, પહુડિયાબાપુ, દૂધાગિરિબાપુ, શિવાનંદબાપુ વગેરે. છૂટા-છવાયા આશ્રમો આ વિસ્તારમાં આવેલા છે.

## ગીર વિસ્તારના પર્યટન તેમજ જોવાલાયક સ્થળો :-

### સાસણગીર :-

ગીર સોમનાથ જિલ્લાનું સિંહનું મુખ્ય નિવાસસ્થાન, 'સાસણગીર' કહી શકાય. તે 'ગીર રાષ્ટ્રીય ઉદ્યાન' અને 'ગીર અભ્યારણ્ય' તરીકે ઓળખાય છે. અહીં 'સિંહ સદન' નામના એક અતિ આધુનિક સગવડતાવાળા ઉતારાની વ્યવસ્થા છે. તેની સ્થાપના ઇ.સ.૧૯૬૫માં કરવામાં આવી હતી. તે કુલ ૧૪૧૨ ચો. કિ.મી. રાષ્ટ્રીય ઉદ્યાન અને ૧૧૫૩ ચો.કિ.મી. ની અભ્યારણ્ય વિસ્તારમાં ફેલાયેલો છે. આ રાષ્ટ્રીય ઉદ્યાન વેરાવળથી લગભગ ૪૩ કિ.મી. ઉત્તર-પૂર્વમાં આવેલું છે. અને ધારી અને વિસાવદરથી દક્ષિણ દિશા તરફ આવેલું છે. નવેમ્બરથી માર્ચ સુધીના સમયગાળામાં અહીં પ્રવાસીઓ અને મુલાકાતીઓ સૌથી વધારે પ્રમાણમાં આવે છે. આ સમય દરમ્યાન વન્યજીવોને ખુલ્લામાં જોવાનો લ્હાવો મળી શકે છે. ભારતના અમુક જૂના અભ્યારણ્યોમાનું એ ગીરનું અભ્યારણ્ય ભારતમાં પ્રખ્યાત છે. ગીરપ્રદેશ એ કોઈ નાનકડો પાર્ક કે માત્ર અભ્યારણ્ય પણ વિશ્વના હિંસક પ્રાણીઓ સાથે રહેનારા જનસમુદાયનો ધબકતો પ્રદેશ છે.

### અહેમદપુર માંડવી :-

ગીર સોમનાથ જિલ્લના ઉનાથી માત્ર ૧૫ કિલોમીટર દૂર આવેલું અહેમદપુર માંડવી નામે સમુદ્રી પર્યટન ધામ તરીકે વિકસાવાયું છે. આ સ્થળ શાંત અને સૌમ્ય છે. સુંદર મજાનો દરિયાકિનારો છે. અહમદપુર માંડવીમાં પ્રવાસીઓ માટે બાંધવામાં આવેલા નિવાસોના બાહ્યયદેખાવ આ પ્રદેશની ગ્રામીણ સંસ્કૃતિની ઝાંખી થાય છે. તે સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિને અનુરૂપ કુટિરોરૂપે બાંધવામાં આવ્યાં છે. અને કુટિરોને સૌરાષ્ટ્રના સંત, શૂરા અને સતીઓના નામ આપીને વિશિષ્ટ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. કુટિરો પર મેગ્લોરી નળિયા છે ને દિવાલો છાણ, ગારથી લીંપવામાં આવી છે. રાચરચીલા ભોજન સુધીની તમામ વ્યવસ્થા શણગાર સહિત સૌરાષ્ટ્રની પરંપરાગત સંસ્કૃતિને અદ્યતન સુવિધાનો સમન્વય કરવામાં આવ્યો છે. દરેક કુટિરોમાં હીંચકો તો ખરો જ. અહીં લગભગ ૧૫ કુટિરો બાંધવામાં આવી છે ને દરેક કુટિરોમાંથી સમુદ્રદર્શન થઈ શકે તેવી વ્યવસ્થા છે.[૧૩]

### જમઝીર ધોધ :-

ઊના તાલુકામાં શિંગવડો નદી પરનો નયનરમ્ય ધોધ પ્રવાસીઓ માટે આકર્ષણ કેન્દ્ર છે. નૈસર્ગિક વાતાવરણ વચ્ચે આવેલો જમઝીર ધોધ નિહાળવા દર વર્ષે લાખો પ્રવાસીઓ અહીં ઉમટે છે. લીલી હરિયાળી વચ્ચે ખળ-ખળ વહેતા પાણી અને નયનરમ્ય ધોધનો લ્હાવો બહુ મૂલ્ય છે.

### શાણાવાંકીયાની ગુફાઓ :-

શાણા વાંકિયાની પૌરાણિક ગુફાઓનો નજારો નિહાળવા જેવો છે. ઊના તાલુકાની સરહદ ઉપર વાંકિયા નામનું નાનકડું ગામ આવેલું છે. આ ગામ નજીક શાણાનો ડુંગર આવેલો છે. આ ડુંગરને પાંડવો પવિત્ર કરી ગયા હોવાનું લોકજીભે સાંભળવા મળે છે. ભગવાન બુધ્ધના અનુયાયીઓને તપોભૂમિ પણ આ ડુંગર કક્ષો હોય તેવું મનાય છે. શાણાનો ડુંગર વિવિધ કોતરો, કક્ષો, પાણીના ટાંકા, હાથીખાના જેવા વિશાળ પોલાણો ધરાવે છે. પુરાતત્વ ખાતાએ આ ડુંગરને રક્ષિત જાહેર કરેલો છે. આમ, આ ગુફાઓ ખરેખર માણવાલાયક છે.

### પરબ વાવડી :-

ભેસાણ તાલુકામાં આવેલા પરબધામ જઈને ચિત્તને અનેરી શાંતિનો અનુભવ થાય છે. સમય જતાં વાવડી-પરબવાવડી ધામ બન્યું. અહીં રકતપિત દર્દીઓની સેવામાં સંત દેવીદાસની પ્રેરણા કન્યા અમરબાઈનો પણ સંગાથ સાંપડિયો. અહીં 'સંત દેવીદાસ' અમરદેવીદાસનું સમાધિ સ્થાન છે. હાલમાં અહીં ભવ્ય સમાધિ સ્થળનું ધાર્મિક નિર્માણ થઈ રહ્યું છે. દર વર્ષે અષાઢી બીજ નિમિતે લોકમેળો યોજાય છે. યાત્રાળુઓ માટે અન્નક્ષેત્ર અને રહેવા ધર્મશાળાની વ્યવસ્થા છે.

### જૂનાગઢ :-

જૂનાગઢ ગીર વિસ્તારનો સૌથી અગત્યનો જિલ્લો છે. ગુજરાતનું એક પ્રાચીન અને પ્રસિધ્ધ પ્રવાસન શહેર છે. પ્રાચીન સમયથી અહીં સ્મારકો આવેલો છે. વિશ્વભરના લાખો પ્રવાસીઓ વિવિધ ઋતુમાં જૂનાગઢની મુલાકાત લે છે. અહીં સમયે-સમયે મુખ્ય ચારધામોનો પ્રભાવ રહ્યો . હિન્દુ, બૌધ્ધ, જૈન અને મુસ્લિમ વિવિધ રાજકીય અને ધાર્મિક સતાઓના સંકલનને કારણે જૂનાગઢ મૂલ્યવાન સંસ્કૃતિથી સમૃદ્ધ છે. જૂનાગઢમાં ઘણા પ્રાચીન સ્મારકો જોવાલાયક છે.

### (૧) ગીરનાર પર્વત :-

ગીરનાર પર્વત એ ગીર વિસ્તારનો નહી પરંતુ સમગ્ર ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે. તેની ઉંચાઈ ૧૧૧૬ મીટર ને ૨૪ કિલોમીટર લાંબો અને ૬.૫ કિલોમીટર પહોળો છે. ગીરનારના મુખ્ય પાંચ શિખરો છે. ગોરખનાથ, અંબાજી, ઓઘડ, દત્તાત્રય અને કાળકા ગીરનારની પશ્ચિમે દાતારનો પર્વત, ભેંસલો પર્વત આવેલો છે. ગીરની પૂર્વમાં નાનાગીરમાં મોરીધારનો પર્વત આવેલો છે. ગીરનાર સાધકોનું તીર્થ અને સિદ્ધોનું વતન મનાય છે. ગીરનાર પર્વત ઉપર દત્ત ભગવાનની ચરણપાદુકા, જૈન દૈરાસરો, માં અંબાજી તથા અનેક પૈરાણિક સ્થળો આવેલા છે. 'ગીરનાર ન જાય તે ગુજરાતી ન ગણાવો જોઈએ' એવું એનું મહત્ત્વ છે.

## (૨) અશોકનો શિલાલેખ :-

ગીરનાર જતાં ભારતવર્ષના ભૂતકાળની ઝાંખી કરાવતા સમ્રાટ અશોકના ત્રણ શિલાલેખ વિશાળ પથ્થર પર કોતરાયેલા દશ્યમાન થાય છે. પ્રથમ શિલાલેખ સમ્રાટ અશોકની રાજજ્ઞા સ્વરૂપે ૧૪ ભાગમાં બ્રાહ્મમીલિપી તથા પાલી ભાષામાં ૭૫ ફુટ પરિઘ ધરાવતા ખડક પર ઈ.સ. પૂર્વ ૨૫૬ ના વર્ષમાં કોતરેલો છે. બીજો શિલાલેખ ઈ.સ. ૧૫૬ ના મહાક્ષત્રય રૂદ્રદામાના સમયનો છે. અને ત્રીજો શિલાલેખ ઈ.સ. ૪૬૫ના વર્ષમાં સમ્રાટ સ્કંદગુપ્તના સમયનો છે.

## (૩) ઉપરકોટ :-

'જૂનાગઢ શહેરમાં ૨૭૨૪૯૦ ચોરસવારમાં ઈતિહાસ પ્રસિધ્ધ ઉપરકોટ કિલ્લો આવેલો છે. આ કિલ્લાની લંબાઈ ૩૦૮૦ મીટર છે. નાના-મોટા કાંગરાની સંખ્યા ૧૧૭૪ છે. આ કિલ્લાના નિર્માણ બાદ ઈ.સ. ૯૭૫ થી ૧૭૮૦ સુધી ૧૬-૧૬ વાર ઘેરા ઘાલવામાં આવ્યા હતા. તેની સામે તોપો મંડાણી, વરસાદ, વાવાઝોડું, ૨૦૦૧નો ભૂકંપ છતાં આજે પણ ઉપરકોટ તેની આન-બાન-શાન સાથે અડીખમ ઊભો છે. અડી-કડી-વાવ અને નવઘણકૂવો પણ અહીં છે.'

## દામોદર કુંડ :-

જૂનાગઢથી ભવનાથ તળેટી જતા દામોદર કુંડ આવે છે ''ગિરિતળિટીને કુંડ દામોદર ત્યાં મહેતાજી નાવા જાય'' ત્યાં દામોદર લાલજી મંદિર જોવાલાયક છે.

## વીલીંગ્ડન ડેમ :-

ગીરનાર પર્વતની હારમાળાથી ઘેરાયેલો હરિયાળી વનરાઈથી સુશોભિત વિલિંગ્ડન ડેમ જોવાલાયક છે. આ ડેમ નવાબ સર મહોબતખાનજી ત્રીજાએ બંધાયેલો છે. ચારેય તરફ કુદરતી વૈવિધ્ય ભરપૂર છે. આસોમાસની શરદપૂનમના દિવસે હજારો લોકો ચાંદની માણવા ડેમ ઉપર આવે છે.

## દરબાર હોલ સંગ્રહાલય :-

જૂનાગઢ શહેરની મધ્યમાં દિવાનચોકમાં લોકો જેને નવાબની કચેરી તરીકે ઓળખે છે. તે દરબાર હોલ સંગ્રહાલય પ્રવાસીઓને કાયમ આકર્ષે છે. અહીં જૂનાગઢના નવાબો અને રાજા-રજવાડાનું દુર્લભ એવું જુનું રાચરચીલું, હથિયારો, પોશાક, પાલખી, વિશાળ ઝુમ્મર, સહિત કિમંતી અને દુલર્ભ વસ્તુઓનું પ્રદર્શન જોવા મળે છે.

### સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય :-

સક્કરબાગ એ વિશ્વમાં એક માત્ર એવું પ્રાણી સંગ્રહાલય છે કે જેની રચના ગીરરક્ષિત વિસ્તારના હિત માટે થયેલી છે. ઈ.સ. ૧૮૬૩માં સ્થપાયેલું આ પ્રાણી સંગ્રહાલય ભારતની આધુનિક પ્રાણી સંગ્રહાલયની પરિકલ્પના જેટલું પુરાતન છે. આ પ્રાણીસંગ્રહાલય ૧૫૫ થી પણ વધુ વર્ષોથી સંરક્ષણ, શિક્ષણ અને જ્ઞાનવર્ધક મનોરંજન અને માનવજાતની સેવામાં કાર્યરત છે.

### માધવપુર :-

સોમનાથી પોરબંદર જતા દરિયાકાંઠે માધવપુર આવે છે. ગુજરાતના ઘણા દરિયાકાંઠા જોયા છે. એમાં માધવપુરનો દરિયાકાંઠો સૌથી સુંદર, શ્રીકૃષ્ણ-રૂકમણિના લગ્ન માટે શોભે એવો 'માધવપુરનો માંડવો, જાદવપુરની જાન' એ પંકિત કયા ગુજરાતીએ સાંભળી નહીં હોય. વૈષ્ણવોનું આ લાડકુ તીર્થધામ માધવરાયજીનું સુંદર મંદિર અહીં આવેલું છે. દર વર્ષે ચૈત્ર નવરાત્રિમાં રૂકમણિનો વિવાહ પ્રસંગ યોજાય છે. ભારતના કેટલાય મહાપુરૂષો આ પ્રસંગમાં હાજરી આપી મેળાનું મહત્ત્વ વધારે છે.

### પોરબંદર :-

પોરબંદર એતો આપણા રાષ્ટ્રપિતા મહાત્માં ગાંધીજીનું જન્મસ્થળ. મહાત્મા ગાંધીી સમગ્ર ભારતના બાપુ બની ગયા. આજેય પોરબંદરમાં તેમનું સ્મારક સચવાયેલું છે. તે આજનું કીર્તિમંદિર આ ઉપરાંત ભારતના ઋષિ મુનીઓથી માંડીને અર્વાચીનયુગના મહાપુરૂષો સુધીના જ્યોર્તિધરોની પ્રતિભાવાળું 'ભારતમંદિર' તેમજ જવાહરલાલની સ્મૃતિમાં 'તારામંદિર' જોવા લાયક સ્થળ છે. પોરબંરદમાં ગાંધીસ્મૃતિ અને ગુરૂકુળોતો ખરાજ, સુદામાના પ્રાચીન સ્થાન તરીકે ઓળખાતું સુદામાનું મંદિર પણ ખરૂ, પણ એથી વિશેષ તેનો દરિયાકિનારો રમણીય છે.

આમ, ગીર વિસ્તારમાં ઘણાય પ્રાકૃતિક રમણીય અને દર્શનીય સ્થળો આવેલા છે. જેના દર્શન કરવા એ જિંદગીનો અનેરો લ્હાવો ગણી શકાય.

## વન્ય પ્રકૃતિથી શોભતો ગીર-સોમનાથ જિલ્લો

ગીર સોમનાથ જિલ્લો જૂનાગઢ જિલ્લામાંથી છૂટો પાડી ઓગષ્ટ ૨૦૧૩માં ગુજરાત સરકારે પ્રસ્થાપિત કર્યો છે. તેનું વ્ડુમથક વેરાવળ છે. ગીર સોમનાથ ગુજરાત રાજ્યમાં આવેલા અરબી સમુદ્રથી દક્ષિણ દિશા તરફ આવેલો છે. સોમનાથ મહાદેવનું ભવ્ય મંદિર અને ગીરના જંગલોના નામ પરથી 'ગીર-સોમનાથ' જિલ્લાની રચના થઈ હોય તેવું લાગે છે. આ જિલ્લામાં મુખ્યત્વે વેરાવળ, સૂત્રાપાડા, ઊના, કોડીનાર, તાલાળા અને ગીર-ગઢડા એમ કુલ છ તાલુકાઓનો સમાવેશ થાય છે.

## સ્થાન, સીમા :-

ગીર-સોમનાથ જિલ્લાનો કુલ વિસ્તાર ૩૭૫૪ ચોરસ કિલોમીટર છે. આ જિલ્લો ૨૦°-૫૩° અને ૬૦°.૦૦° ઉત્તર અક્ષાંશ અને ૭૦°-૨૦° અને ૧૨°.૦૦° પૂર્વ રેખાંશ વચ્ચે આવેલ છે. તેની આસપાસ જૂનાગઢ, અમરેલી અને પોરબંદર જિલ્લાની સીમાઓ આવેલી છે. અને દક્ષિણમાં અરબીસમુદ્ધ આવેલો છે. આ જિલ્લામાં કુલ ૪૧૪ જેટલા ગામડાઓનો સમાવેશ થાય છે. સમગ્ર જિલ્લાની વસ્તી આશરે ૧૨.૫ લાખની છે. વેરાવળથી જસાધાર સુધીનો આ વિસ્તાર લીલીના ઘેર તરીકે ઓળખાય છે.

## કૃષિક્ષેત્રે :-

ગીર સોમનાથ જિલ્લો કૃષિ ક્ષેત્રે પણ અનેરું સ્થાન ધરાવે છે. અહીં મુખ્યત્વે કપાસ, મગફળી, દીવેલા, ઘઉં, બાજરી, કઠોળ વગેરેના પાકો લેવાય છે. તથા બાગાયત વિસ્તારમાં આંબા, કેળા, ચીકુ, સીતાફળ, જામફળ, નાગરવેલ વગેરે મુખ્ય છે. અહીં આંબાના પુષ્કળ બગીચાઓ આવેલા છે. ફળોનો રાજા, 'કેસર કેરી' નો પાક અબલખ થાય છે. તાલાળા કેસરી કેરીનું મોટું બજાર છે. કેસર કેરી તેની આગવી સુગંધ, સ્વાદ અને રંગથી વિશ્વવ વિખ્યાત છે. આ ઉપરાંત નાળિયેરી, નાગરવેલ અને કપાસમાં પણ ગીર-સોમનાથ જિલ્લાએ હરણફાળ ભરી છે.

ગીર સોમનાથ જિલ્લામાં સોનામાં સુગંધ ભેળવે છે. દેગરનું જંગલ- ગીર એ એશયાઈ સિંહનું એકમાત્ર નિવાસસ્થાન આ જિલ્લામાં આવેલું છે. વર્તમાન સમયમાં સિંહની વસ્તીવાળા વિસ્તારોને 'Asiatic Lion Landscape' કહેવામાં આવે છે. ભારતમાં મોટા પ્રમાણમાં સંરક્ષિત વિસ્તારો આવેલા છે. પણ માત્ર 'ગીર સંરક્ષિત વિસ્તાર' માં જ આવા ભવ્ય પ્રાણીના જનીનો સચવાયેલો છે.

## સિંચાઈ ક્ષેત્રે :-

ગીર-સોમનાથ જિલ્લાની મુખ્ય ચાર નદીઓ છે. હિરણ, મછુન્દ્રી, રાવલ અને શીંગવડો આ ચારેય નદીઓ પર બંધ બાંધવામાં આવેલા છે. જેમાંથી સૌથી અનામત જળસ્ત્રોત 'કમલેશ્વર' છે. જે ગીરની જીવાદોરી ગણાય છે. આ ચારેય બંધના જળાશયો હેઠળ આશરે ૮૨૦ ચો.કિલોમીટરનો વિસ્તાર આવેલો છે. આ ચારેય બંધમાં પ્રતિવર્ષ ૨૦ કરોડ ૬૦ લાખ ઘનમીટર પાણીના જથ્થાનો સંગ્રહ થાય છે. જે પીવાના પાણીની તથા સિંચાઈ માટેની મહત્ત્વની જરૂરિયાતો સંતોષે છે. સારો વરસાદ, વનસ્પતિ, જમીન સુધારણા અને ભૂર્ગભજળનું સ્તર વધવાથી ઘણો ફાયદો થયો છે. આ પાણી, પથ્થરો, ખડકો, અને જમીન પર થઈને સાત નદીઓ જળાશયોમાં પહોંચે છે. આ ઉપરાંત ગીર સોમનાથ જિલ્લામાં અનેક નાની-મોટી નદીઓ જંગલમાંથી વહે છે. શાહી, છોડાવડી, માલણ, કપિલા, સરસ્વતી, ગંગાજળિયો ઘાણો, જમરી, રૂપેણ વગેરે નદીઓ વહેતી જોવા મળે છે. તેની લંબાઈ આશરે ૩૦ થી ૭૦ કિ.મી.ની છે.

### ખનીજક્ષેત્ર :-

ગીર-સોમનાથ જિલ્લામાં ખનીજો પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. અહીં ઊના, કોડીનાર, ગીર-ગઢડા જેવા વિસ્તારમાં ચૂનાનો પથ્થર પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. જેથી અહીં સિમેન્ટ ઉદ્યોગનો પણ સારો વિકાસ થયો છે. મધુવન, અંબુજા, હાથી, સિધ્ધિ વગેરે સિમેન્ટની મોટી-મોટી કંપની અહીં સ્થપાય છે. શેરડીનો પાક સારો થતો હોવાથી ખેડૂતોની પ્રાણસમી ખાંડની ફેકટરી પણ અહીં આવેલી છે. ચિરોડી, ચાક, માટી, સાદી રેતી વગેરે ખનીજો અહીં ઉપલબ્ધ છે.

### શિક્ષણ ક્ષેત્રે :-

ગીર-સોમનાથ જિલ્લામાં વેરાવળમાં ૨૦૦૫થી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. સંસ્કાર અને સંસ્કૃતનું સાકાર સ્થાન એટલે સંસ્કૃત યુનિવર્સિટી. ગુજરાતની એક માત્ર યુનિવર્સિટી એટલે સંસ્કૃત યુનિવર્સિટી. અહીં ૩૫૦૦થી વધુ વિધાર્થીઓ દેવભાષા સંસ્કૃતનો અભ્યાસ કરી રહ્યા છે. સંસ્કૃત ભાષાના રક્ષણ, સંવર્ધન અને પ્રાચીન પરંપરાને ટકાવતું કાર્ય અહીં થાય છે.

આ ઉપરાંત ગીર-સોમનાથ જિલ્લામાં ઘણાં રમણીય તેમજ દર્શનીય સ્થળો આવેલા છે. સોમનાથ, સાસરણગીર, બાણેજ, કનકાઈ, દ્રોણેશ્વર, તુલસીશ્યામ વગેરે ગણાવી શકાય.

## ગીરના માલધારીઓનું લોકજીવન :-

ભારતવર્ષમાં આઝાદી પૂર્વેના સૂતેલા સંસ્કારોને ફરી જગાડવા વિરાટ કાર્ય આજે ચાલી રહ્યું છે. સેંકડો વર્ષોથી જામેલી ધૂળને ખંખેરવાની છે. ત્યારે સૌરાષ્ટ્રની માલધારી જાતિઓ આળસ મરડીને ઊભી થઈ છે. આ સંકલ્પ જગાડવાના વિરાટ પગલે વિકાસ પંથે ઉપડવાની તૈયારી કરી રહ્યું છે. આ માલધારી જાતિઓમાંથી તેમનું ખમીર અને સામર્થ્ય પ્રગટ થાય છે. અને તેઓ સંસ્કૃતિને પ્રગટાવનારાં પરિબળોના મહાપુરુષાર્થના ભાગીદારી બની પોતાની લઘુતાગ્રંથીઓ છોડી ભારતનું નવનિર્માણ તેમની શૌર્યકથાઓ, સામાજિક કથાઓ, અને લોકકથાની આગવી વિશિષ્ટતાઓ અને તેજસ્વીતા અર્પશે તેમા બે મત નથી. તેથી આ માલધારીઓનું લોકજીવન, લોક્કલા અને લોકસાહિત્યનું ચિંત્રાકન કરવું ખૂબ જરૂરી છે. ગીરની ભૂમિની રસાળતા, નાનાંમોટા ડુંગરો, જંગલોની હરિયાળી સમૃદ્ધિને કારણે આ પ્રદેશ અનેક લોકજાતિઓનું આકર્ષણ કેન્દ્ર બની રહ્યો છે. તેથી આ વિસ્તારમાં પંચરંગી પ્રજા વસે છે. ''કોઈપણ પ્રદેશનો માનવ ઈતિહાસ એ પ્રદેશના આકાર અને ભૌગોલિક લક્ષણોને લીધે ઘણેખરે અંશે ઘડાયો હોય છે.''[૧૬] આ પરથી કહી શકાય કે સોરઠની ભૌગોલિક સમૃદ્ધિથી આકર્ષાઈને ઘણી જાતિઓએ અહીં સ્થળાંતર કર્યું છે. આ ભૂમિમાં માલધારીઓ, સાગરખેડૂતો અને વેપારીઓ વર્ષોથી વસવાટ કરે છે.

'ગુજરાતમાં ગોપાલક જાતિઓ જેને માલધારી જાતિઓ પણ કહેવામાં આવે છે. તેમા આહીર રબારી, ભરવાડ અને ચારણ મુખ્ય છે. તેઓ મુખ્યત્વે ઘેટા, બકરાં, ગાયો, ભેંસોનું પાલન કરે છે. અને

દુષ્કાળના વખતમાં આ માલધારીઓ પોતાના પશુઓને લઈને ગીર સૌરાષ્ટમાં જાય છે. તેથી જ ગીર માલધારીઓનું પેટ ગણાય છે.'[૧૭] આ બાબતમાં ચારણોમાં એક ઉકિત પ્રચલિત છે.

'કે રૂડી રળિયામણીને વળી હેતાળ
પણ ચારણ ગરય નથી છોડવી
હેતારા પશુઓને પાછા વાળ્ય.''

## ગીરની લોકજાતિમાં માલધારીઓ :-

'ગીરના જંગલમાં માલધારીઓ પોતાના પશુધન સાથે વર્ષોથી વસવાટ કરે છે. દેશકાળ આધુનિક પ્રવાહોથી અજ્ઞાત, ભોળા અને મૂંગા માલધારીઓના સમાજની પ્રત્યેક સમાજે હમેશાં ઉપેક્ષા કરી છે. માલધારી સમાજને 'ગોબા' જેવા તોછડા બિરુદથી બોલાવવામાં આવે છે. અને એવો પણ ઉલ્લેખ છે જે રીતે હરિજનોના આવાસ, ઘરો ગામને છેવાડે જ હોય છે તેવી જ રીતે માલધારીઓના નેસ પણ ગામને છેવાડે હોય છે. તેમને 'નેસ' કહેવાય. આઝાદી પછી ગ્રામસમાજમાં સમાનતા ધીમે-ધીમે આવતી જાય છે. પણ સેંકડો વરસથી માલધારી પ્રજા ખેડૂત પ્રજાના હાથ નીચે જીવતી આવી છે. માલધારી કોમની આંતરિક એકતાનું એક એ પણ કારણ છે કે ગ્રામસમાજની અન્ય કોમ ધ્વારા ઘણી રીતે શોષણ થતું રહે છે. આજે આ પરિસ્થિતિમાં ઉલ્લેખનીય ફેરફારો થયા છે. આર્થિક-સામાજિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ અનુસૂચિતની નીતિ અને જનજાતિ કરતાં માલધારી પ્રજા પછાત છે. માલધારી પ્રજા મોટેભાગ નેસ તથા જંગલની આસપાસ રહે છે.'[૧૮] સામાજિક સંપર્કના અભાવે આ પ્રજામાં ભણતર ઓછુ છે. દિશાશૂન્ય જેવા તે હોય, ઘેટા-બકરાં સાથે ભટકતું જીવન જીવે છે. જેમ ભારતીય પ્રજામાં પંજાબી, શીખ સરદારજીને ઓછી બુદ્ધિનો માનવામાં આવે છે. તેમ ગ્રામ પ્રજામાં ભરવાડ, રબારીને પણ ઓછી બુદ્ધિના ગણવામાં આવે છે.

## માલધારીઓનું ઘર એટલે ગીરનું જંગલ :-

ગીરના જંગલનાં વસતા માલધારીઓ જુદાં-જુદાં 'નેસ' કે નેસડામાં વસવાટ કરે છે. ગીરના જંગલમાં આવા લગભગ ૭૦ થી ૮૦ નેસડાઓ આવેલા છે. માલધારી પોતાના અને માલઢોરના આશ્રય માટે જયાં રહેઠાણ બનાવે છે. તેને 'નેસડુ' કહેવાય. કયાંક-કયાંક ત્રણ, પાંચ, સાત ઝૂંપડાં આવેલા હોય છે. આ રીતે નેસડામાં સાત-આઠ પરિવાર વસતા હોય છે. આવા નેસડાઓ ખાસ કરીને પાણીની સગવડતા સરળતાથી ઉપલબ્ધ હોય ત્યાં જોવા મળે છે. માલધારીનું ઝૂંપડું ઠીક-ઠીક પોતે પરિવાર સાથે મોકળાશથી રહી શકે તેવું હોય છે. સુવા બેસવા માટે ખાટલાનો ઉપયોગ આગળના ભાગે થોડી જગ્યા ખુલ્લી હોય. જેમાં પોતાના માલઢોર સમાઈ શકે અને ફરતી સાત-આઠ ફૂટ ઊંચી બાવળના કાંટાની વાડ જે પોતાના અને માલ-ઢોરની સુરક્ષા માટે બનાવી હોય છે. આ માલધારીની ઝોક જોવા જેવી હોય છે.

બિલકુલ ભગવાનના ભરોસે જીવન જીવવાનું, થોડા ઠામ-ઠીકરાં થોડાં ગાદલા-ગોદડાં, છાશની એક મોટી ગોળી અને જરૂરિયાત મુજબના કપડા. આઠે પોર ત્રિસે દિ બારેમાસ અને પુરી જિંદગી અને પેઢીઓથી જંગલમાં જ વસવાટ કરતા આમાનાં કેટલાક માલધારીઓએ ભાગ્યેજ મોટું શહેર જોયું હશે. સવારથી સાંજ સુધી તેઓ જંગલમાં માલ ચરાવવાના અને સાંજે ઘેર આમ તેઓનો નિત્યક્રમ રહે છે.[૧૯]

ગીર જંગલમાં આવેલા નેસ જેવા કે સૌપ્રથમ ધારી રોડ પર આદ્રુન્દ્રાણી, ચુલડી, ભોથા, વણઝારી જાંબુડી નેસ, વાંકુભા, છોડવડી, ખાંખર માવડી, વાધાટીંબી ઉમંરવડી, પીંછડીવેલા, જેવા નેસ આવેલા છે.

**બાણેજ** વિસ્તારમાં નવાડેડીકયા, તાંબા મહાદેવ,અંબાવાડી વિરાગાળી, ચોરવાડી, જેવા નેસ આવેલા છે. **હડાળા** વિસ્તારમાં વાંકો જાંબુ, જેનગર, પીપળિયાનેસ, ગુટનીનેસ ગોળાનેસ આવેલા છે. **ઘોડાવડી** વિસ્તારમાં મહુડા, દેવલવેલ કાણેજ, **થોરડો** વિસ્તારમાં મોરસપુડા નેસ આવેલ છે. ટીંબરવા વિસ્તારમાં ધુડજીંજવા અને રાજસ્થળી નેસ આવેલા છે. તુલસીશ્યામની આસપાસ બોબડિયા નેસ, ભીમચાસ, છોડવડીનેસ, ખજુરીનેસ, સોનાગળીનેસ, આવેલા છે. તેમજ જસાધારની આજુબાજુના વિસ્તારમાં જાંબુડીનેસ સરાકડીયા, મીંઢાનેસ, ચીખલકુબા, બરવાળા, સતરવાનેસ આવેલા છે.

## ગીરની માલધારી જ્ઞાતિ :-

ગીરના જંગલમાં પશુપાલનનો વ્યવસાય કરનારી મુખ્ય બે જ્ઞાતિ છે. ભરવાડ અને રબારી. સૌરાષ્ટ્ર તેમજ ગીરમાં ગોપાલક જ્ઞાતિ ચાર છે. ચારણ, આહીર, ભરવાડ અને રબારી ચારેય જ્ઞાતિની રહેણી-કરણી વચ્ચે સમાનતા જોવા મળે છે. પણ એક બીજી જ્ઞાતિ સાથે લગ્ન સંબંધો નથી. પરંતુ આશરાધર્મમાં આ ચારેય જ્ઞાતિએ માન-સન્માન મેળવ્યું છે. તેઓ પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણ ભગવાનને માને છે. અને તેની પૂજા કરે છે. ચારેય જ્ઞાતિ ધાબળિયા માસયાઈ ભાઈ ગણાય છે. ગોપાલક જ્ઞાતિની ઉત્પતિ માટે એક પરિકથા પ્રર્વતે છે. એકવાર ઈન્દ્રની ચાર અપ્સરાઓ ફૂલ વીણવા મૃત્યુલોક પર આવી. ચારેય અપ્સરાઓના નામ રણ્ય, કુંણજ, રાયકા અને અવરી હતા. બગીચામાં માળીએ રીંગણીનો ધૂમાડો કર્યો. એ અપવિત્ર હોવાથી તેઓ સ્વર્ગમાં જઈ શકી નહીં. અને મૃત્યુલોકમાં જ રહી ગઈ. આ ચારેય અપ્સરાઓમાંથી ગોપ, ગોપાલન ચારેય જાતિઓ જન્મી.

‘રણ્ય કુંજણ ને રાયકા
ચોથી અવરી નારી
કળવાશ પરિમાં કામની
રિયો બારા રબારી’

રણ્ય - અપ્સરામાંથી રેણુંકા આયર થયા.

કુંજણ - અપ્સરામાંથી ભરવાડ થયા.

રાયકા - અપ્સરામાંથી રબારી થયા.

અવરી - અપ્સરામાંથી ચારણ થયા.

ચારેય જ્ઞાતિઓના પહેરવેશમાં પણ કાળારંગનું મહત્ત્વ વધારે છે. ગીરના જંગલમાં વસવાટ કરતી માલધારી કોમમાં મુખ્ય બે જ્ઞાતિ છે.

(૧) ભરવાડ

(૨) રબારી

**ભરવાડમાં પણ બે પેટા પ્રકાર પડે છે.**

(૧) નાનાભાઈ ભરવાડ

(૨) મોટાભાઈ ભરવાડ

'સંસ્કાર- સંસ્કૃતિ સરખામણું છતાં દીકરી પરણાવવાનો રિવાજ નથી. મોટાભાઈ ભરવાડ ઊંચા ગણાય છે. આ ભેદ ગુજરાતમાં વાઘેલાના વિસ્તાર પછી મુસલમાનોના આગમન પછી કેટલાક ભરવાડોએ મીર, વાળા અને વંશ સાથે ઐકય કર્યું.'[૨૦] બન્ને વર્ગમાં બ્રાહ્મણ, બારોટ જુદા-જુદા હોય છે. બારોટ તેમની વંશાવળી રાખે છે. ગોહિલવાડ તરફ નાનાભાઈ ભરવાડની વસ્તી વધુ જોવા મળે છે. જયારે હાલાર અને સોરઠમાં મોટાભાઈ ભરવાડની વસ્તી વધુ જોવા મળે છે. મૂળ ગોત્રના મોટાભાઈ અને અન્યવંશ સાથે ભળી ગયેલા અને નાનાભાઈ એવા બે ભેદ પડી ગયા. એક બીજી પણ માન્યતા પ્રર્વતે છે કે નાનાભાઈ મેર લોકોના વાઘેલા કુળ સાથે લોહી સંબંધ બાંધી મેર વાઘેલા કુળને અપનાવવાથી નાનાભાઈ બન્યા. વ્યવસાય પ્રમાણે જ્ઞાતિમાં ભેદ પડે છે. વ્યવસાયના સાધનો પ્રમાણે પેટા વિભાગ પડે છે. ગાય-ભેસ પાળનારા ઊંચા અને ઘેટાં-બકરાં પાળનારા નીચા ગણાય. જમીન ધરાવનાર ઉચ્ચ ગણાય તેમ આહીર જમીન ધરાવતા થયા એટલે ઊંચા, ભરવાડ ગાય, બેટા-બકરાં ચરાવતા થયા એટલે મધ્યમ અને રબારી 'રેબડ' ઘેટાંનું ટોળું ચરાવતા થયા એટલે સૌથી નીચા ગણાય. નાનાભાઈ ભરવાડમાં ભળી ગયા એથી મોટાભાઈ કરતા નીચા ગણાય. આમ આ માલધારી પ્રજામાં ઉચં-નીચના ભેદ પડી ગયા.

## માલધારીનો ઈતિહાસ :-

માલધારી કોણ હતા? અને કયાંથી આવ્યા? કયારે આવ્યા? તે સંબંધી આધારભૂત માહિતી મળતી નથી. આભીર પ્રજા ગુજરાતની આદિમજાતિ માંહેની અસલ વતની છે કે બહારથી આવેલી છે. તે સંબંધી પણ ભિન્ન-ભિન્ન અભિપ્રાયો છે. કૃષ્ણ સાથે આભીરો આવ્યા ત્યારે સૌરાષ્ટ્રમાં છૂટાછવાયા આભીર વસતા પણ હોય એવી શકયતા કે.કા. શાસ્ત્રી દર્શાવે છે. છતાં એમના પહેરવેશ, ધાર્મિક

માન્યતાઓ અને રીત-રિવાજો પરંપરાઓનો અભ્યાસ કરતા આર્યો આવ્યા. પહેલાની તે સિંધુ સંસ્કૃતિથી રંગાયેલી એસ્ટ્રો-એશિયન પશુપાલક પ્રજા હોય તેમ લાગે છે. એણે ઋગ્વેદ પહેલા આવેલી પ્રજા સાથે સુમેળ સમન્વય સાધ્યો હોય એમ લાગે છે. કેમકે આભીરના સેંકડો સંદર્ભો પ્રાચીનગ્રંથોમાં મળે છે. પ્રાકૃતમાં આહીર તરીકે ઓળખાવે છે. આભીર પંજાબ, સિંધના પ્રદેશોમાંથી કાળાંતરે ખસતાં-ખસતાં આભીર પ્રદેશમાં રહી સ્થાન મજબૂત કરી. ગણતંત્ર સ્થાપી જુદાં-જુદાં કાફલાં સૌરાષ્ટ્ર અને પશ્ચિમ સમુદ્રને કાંઠે-કાંઠે અને નર્મદાને તીરે-તીરે દક્ષિણમાં કોંકણ મધ્યપ્રદેશમાં નર્મદાના મૂળ સુધીને યા દક્ષિણમાં મૈસુર અને તામિલનાડું તેમજ બિહાર, બંગાળ અને ઉત્તરમાં ઝાંસી સુધી દેખાયા હતા. અને સમય જતાં આભીર એજ આહીર, ભરવાડ અને રબારી તરીકે ઓળખાતાં થયા.

ગીરના માલધારીઓ દેખાવડા સ્વસ્થ અને ભરાવદાર હોય છે. મગધની અસરવાળો બરછટ અને શ્યામ જણાય છે. મથુરાવાસી શૂરાભીરની છાંટવાળો ઊંચો, પાતળો નાજુક અને ઘંઉવર્ણો દેખાય છે. ભટકતા જીવનને લીધે અનેક પ્રજાનું મિશ્રાણ થયેલું છે.

## માલધારીના ગોત્ર :-

ગીરના જંગલમાં વસતા માલધારીઓમાં ભરવાડના મૂળ ગોત્રમાં આજે પણ સિંધવ, જાદવ, કારેચા મૂળ ગોત્ર તરીકે મોજૂદ છે. શ્રીકૃષ્ણ સાથે જાદવ અને તેના પુત્રો સૌરાષ્ટ્રમાં આવેલા. જેમાંથી માટિયા અને ધ્રાંગિયા શાખાઓ બળદેવના વૈશ્યપવંશ જો કે ગોકીકાનો પણ જાદવવેશમાં સમાવેશ થાય છે. જાદવ ગોત્રની પંદર શાખાઓ ગણાય છે. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના પ્રેમલક્ષણા ભકિતના સમર્થ નરસિંહનું પદ પણ આ બાબતને સમર્થન આપે છે. નરસિંહ મહેતા નંદ માટે ભરવાડ શબ્દ પ્રયોજે છે...

‘વા વાયાને વાદળ ઉમટયા
ગોકુળમાં ટહુકયા મોર, મળવા આવો
સુંદર વર શામળિયા.
તમે ભરવાડના ભાણેજ મળવા આવો
સુંદર વર શામળિયા.’

‘દુર્ગાશંકર શાસ્ત્રીના મતે પરશુરામના ડરથી ક્ષત્રિય છોડીને વૈશ્ય પ્રાપ્ત કરનાર આભીરોએ ફરી રાજ્ય પ્રાપ્ત કરી યજ્ઞાદિ કર્મધૂરા ક્ષત્રિયવંશ ગોત્રમાં પ્રવેશી જાડેજા, ચુડાસમા, જેવા સીધા ગોત્રો ઉપરાંત ચૌહાણ, સોલંકી, પ્રતિહાર, પરમાર, મકવાણા કે જેઓ યજ્ઞ દ્વારા કે યજ્ઞની રક્ષા દ્વારા ક્ષમત્વ પામ્યા હતા. તેમની સાથે ક્ષત્રિય-વૈશ્યના લોહી સંબંધ બાંધીને ઉપલા વર્ણો સાથે અને આદિમજાતિ તથા નીચલા વર્ગ સાથે લોહીની સગાઈ ગોઠવીને ઉચ્ચ અને નીચ વર્ણો સાથે ભરવાડ, આહીર સમાજે એકત્વ સાધ્યું આ રીતે આ ભરવાડ સમાજે પણ સંસ્કૃતિના સંગમનું ઉત્તમ ઉદાહરણ દુનિયાની સમક્ષ મૂકયું’[૨૧]

| | આહીરના ગોત્ર | ભરવાડના ગોત્ર | રબારીના ગોત્ર |
|---|---|---|---|
| ૧. | જાદવ | જાદવ | - |
| ૨. | સિંધવ | સિંધવ | - |
| ૩. | કારેઠા | કારેઠા | - |
| ૪. | ગોહેલ | ગોહેલ | ગોહેલ |
| ૫. | રાઠોડ | રાઠોડ | પરમાર |
| ૬. | પરમાર | પરમાર | પરમાર |
| ૭. | મકવાણા | મકવાણા | મકવાણા |
| ૮. | વાળા | વાળા | વાળા |
| ૯. | વાઢેર | વાઢેર | વાઢેર |
| ૧૦. | ડાંગર | ડાંગર | - |
| ૧૧. | બાબરિયા | બાબરિયા કે બાબર | - |
| ૧૨. | - | સોલંકી | સોલંકી |
| ૧૩. | - | - | હૂણ |
| ૧૪. | ધ્રાંગા | ધ્રાંગિયા | - |
| ૧૫. | - | - | - |
| ૧૬. | બઉ | બઉ | - |
| ૧૭. | ચાવડા | ચાવડા | ચાવડા |
| ૧૮. | મારુ | મારુ | - |
| ૧૯. | શિયાર | શિયાર | - |
| ૨૦. | - | વાઘેલા | - |
| ૨૧. | - | ચૌહાણ | - |

## માલધારીઓનો વ્યવસાય-

ગીરના જંગલમાં વસતા માલધારીઓનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો છે. અજ્ઞાત અને ભોળી પ્રજા આજે પણ તેમના વ્યવસાયને વળગી રહી છે. આ વ્યવસાય તેમનો રૂઢિગત વ્યવસાય છે. આવનારી પેઢી પણ પોતાના વ્યવસાયમાં જોડાય તેવું તે ઈચ્છતા હતાં. પોતાના સંતાનો બીજા વ્યવસાયમાં જોડાય, શહેરમાં શિક્ષણ લઈ આગળ વધે તેવું બહુ ઓછા લોકો ઈચ્છા રાખે. આને કારણે અન્ય જ્ઞાતિઓની જેમ આ જ્ઞાતિનો આર્થિક વિકાસ થઈ શકયો નથી. ઢોર ચારવા અને દૂધ વેચવું એની પ્રવૃત્તિની મર્યાદારેખા બની જાય છે. પશુપાલન સિવાયના અન્ય વ્યવસાયનું એને જ્ઞાન નથી. ઢોર ચરાવવામાં એકની જરૂર હોય ત્યાં ત્રણ-ચાર વ્યકિતઓ રોકાયેલી જોવા મળે છે. પશુઓમાં ગાય, ભેંસ, ઘેટાં-બકરાં ઊંટ વગેરે પાલતું પ્રાણીઓ પાળે છે. ગીરના માલધારીઓ ગાય, ભેંસ વધું પાળે છે. ઘણાં માલધારીઓ દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં પોતાના માલ-ઢોર લઈને ભટકતું જીવન ગાળે છે. પશુઓને ઘાસચારા માટે અને પોતાને

અનાજની જરૂરિયાત માટે આજે ઘણા માલધારીઓ ખેતીનો વ્યવસાય પણ કરે છે. ખેતી માત્ર બન્નેના નિભાવ માટે તેમાંથી ખાસ કંઈ આવક મળતી નથી.

સમય સાથે તાલ મિલાવતા ઘણા માલધારીઓએ આજે શહેર ભણી દોડ મૂકી છે. નજીકના ગામમાં કે શહેરમાં પોતાનું વાહન લઈને દૂધ વેચવાનું કાર્ય કરી રહ્યા છે. ઘણા જયાં દૂધ, ઘી, માખણ, છાશ વગેરેનું વેચાણ કરે છે. તેમજ કયાંક-કયાંક ચાની નાની હોટલ, પાન-બીડીની દુકાન વગેરે ચલાવીને માલધારીઓ પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. માલ અને મુસાફરોની હેરફેર માટે ગીરના જંગલમાં આજે ઘણા માલધારીઓ ટેમ્પો, છકડો,રીક્ષા, ટ્રક, ટ્રેકટર ચલાવીને સારું એવું વળતર મેળવી રહ્યા છે.

## માલધારીઓનો ખોરાક :-

માલધારીઓનો મુખ્ય ખોરાક બાજરો, ઘંઉ, જુવાર વગેરેના રોટલા, રોટલી, દૂધ, દહીં, છાશ, માખણ અને ઘી છે. ઋતુપ્રમાણે લીલા શાકભાજી તથા કઠોળનો પણ ઉપયોગ કરે છે. ગીરના જંગલમાં રહેતા માલધારીઓ અઠવાડીયામાં ત્રણ-ચાર વાર જ શાક બનાવતા હોય છે. દૂધ-દહીં, છાશની સાથે રોટલા-રોટલીનું પ્રમાણ વધુ જોવા મળે છે. તેઓ દેશી બાજરાંના રોટલા ઉપર માખણ અને લાલ મરચું નાખીને ખાવા ટેવાયેલા હોય છે. ડુંગળી, મરચા અને ગોળ શાકની ગરજ સારે છે. અથાણા, પાપડ તો સધ્ધર માલધારીના ઘરે જોવા મળે છે. અથાણાંમાં, ગુંદા, ગરમર, લીંબુ, કેરી, કરમદા વગેરે જોવા મળે છે. અથાણા પણ મોટેભાગે હળદર અને મીઠાના ખાટાં પાણીમાં બોળીને રાખે છે. ગરીબ સમાજ હોવાથી ખોરાકમાં ઘી, દૂધ, દહીં સિવાય અન્ય પોષાક આહારનો અભાવ વર્તાય છે. લીલા શાકભાજી, ફળો, સૂકામેવા આર્થિક રીતે પોષાય તેમ નથી. દિવસમાં ત્રણ વાર ભોજન લેવાનો નિયમ છે. સવારનું ભોજન ‘શિરામણ’, બપોરનું ભોજન ‘રોઢોં’ અને સાંજનું ભોજન ‘વાળુ’ જેવી લોકબોલીના શબ્દો આજેય ગીરના નેસડામાં સાંભળવા મળે છે. રસોઈ બનાવવા માટે માટી, કાંસા અને ટીનના વાસણનો ઉપયોગ થાય છે. આજે સ્ટીલનો ઉપયોગ પણ થતો જોવા મળે છે. માલધારીઓ સવારના પહોરે પોતાના મોલઢોરને લઈને ગીરના ડુંગરામાં ચરિયાણ માટે નીકળી પડે છે. બપોરના ભોજન માટે કામળાને છેડે રોટલો કે રોટલી અને લીલા મરચા કે ડુંગળીનો દડો હોય છે. વનમાં દૂઝણી ગાય કે ભેસંને દોહીને તેનું દૂધ ભોજનમાં લે છે.

માલધારીઓ સારા-નઠારે પ્રસંગે લાપસી કે ખીર રાંધે છે. દાળભાતનું ચલણ બહુ ઓછું જોવા મળે છે. નાતનું જમણવાર હોય ત્યારે ખીચડી, કઢી, લાપસી, ખીર, રોટલી જેવું સાદુ ભોજન લેવાનો આગ્રહ રાખે છે. લગ્નપ્રસંગે સગાઈ, સીમંત જેવા પ્રસંગોમાં લાડવા, ગાંઠિયા, મોહનથાળ, ભજીયા, રોટલી, પુરી, દાળભાત જેવી રસોઈ બનાવે છે. દૂધ વેચવા કે હટાણું કરવા બાજુના ગામમાં કે શહેરમાં જાય તો નાસ્તામાં મોટેભાગે ગાંઠિયા, લાડવા કે ભજીયાને વધારે પસંદ કરે છે. દારૂ અને માસાંહારને આ પ્રજા વર્જર્ય ગણે છે. વ્યસનોમાં ચા, બીડી, તમાકુ, ચલમ અને વૃધ્ધ લોકો ગાંજો તથા અફીણનો નશો કરે

છે. સ્ત્રીઓ પણ બજરની શોખીન હોય છે. શુદ્ધ અને સાત્વિક ખોરાક, શુધ્ધ હવા-પાણી. જંકફૂડનું પ્રમાણ ઓછું હોવાથી આજેય ગીરના માલધારીઓ હષ્ટપુષ્ટ અને તંદુરસ્ત જોવા મળે છે. મોટી ઉમંર સુધી શરીરમાં કોઈ તકલીફ પડતી નથી. પરિશ્રમવાળું જીવન હોવાથી ડાયાબિટિશ, કેન્સર, ઢીંચણનો દુખાવો, બ્લડપ્રેસર, હાર્ટએકેટ જેવા રોગો જવલ્લે જોવા મળે છે.

## માલધારીઓના વસ્ત્રાભૂષણો :-

ગીરના માલધારીઓનો પહેરવેશ અને અલંકારો પણ ધ્યાનાકર્ષક છે. પોશાક પરથી જ ઓળખાય જાય છે. પુરૂષોના પહેરવેશમાં ચોરણી, કડિયું-બંડી, મેલ ખારિયું. એક ખેસડી વડે ભેઠ વાળીને એક પછેડી અથવા ધાબળો ખંભે હોય અને હાથમાં મોટેભાગે ‘કડિયાળી ડાંગ’ હોય. માથા પર અસ્તવ્યસ્ત પાઘડી બાંધેલી હોય છે. પગમાં કડક ચામડામાંથી બનાવેલા વજનદાર જોડા પહેરેલા હોય છે. રસ્તા પર ચાલે ત્યારે, ‘ખસડક, ખસડક’ અવાજ કરે છે. તેમની ચોરણી અને કડિયા પ્રમાણમાં લાંબા હોય છે. તેથી હાથે અને પગે થોડા ઉપર ચઢાવેલા હોવાથી તે ભાગ પર ઘણી કરચલીઓ પડેલી હોય છે. સ્ત્રીઓની જેમ માલધારીઓ પણ અલંકારના શોખીન છે. તેઓ કાનમાં ડોળિયા અને ગળામાં માળા પહેરે છે. દરેક પુરૂષના હાથમાં ચાંદીનું કડુ તો હોય જ. હાથની આંગળીમાં ચાંદી કે સોનાના વિવિધ ભાતના કરડા કે વેઢ પહેરે છે. પગમાં ત્રોડા અને કેડે ચાંદીના કંદોરો બાંધે છે. ગીરની માલધારી સ્ત્રીઓ પણ પહેરવેશ પરથી જુદી જ દેખાય આવે છે. યુવાન દીકરીઓ ચણિયા, ચોળી, યુવાન સ્ત્રીઓ ઘાઘરો, જીમી, કાપ્ડુ, છેડાવાળો ધાબળો તો કયારેક પટોળું તો કયારેક લાલરંગની ચૂંદડી ઓઢે છે. પ્રૌઢ સ્ત્રીઓ પેરણું, કાપ્ડુ અને લાલ રંગનું ઓઢણું ઓઢે છે. સ્ત્રીના અલંકારોમાં મુખ્યત્વે ઝાંઝર, નથડી, વેઢલા, લોળિયા, હાંસડી, વગેરે છે. યુવાન સ્ત્રીઓ પગમાં કાંબી અને કડલાં પહેરે છે. હાથમાં કણદિયા, કડલિયો, કોટેલિયું, હાથીદાંતના બલોયા પણ પહેરે છે. ગળામાં હારડી, ઓમકાર, કાનમાં લોળિયા અને પ્રસંગોપાત ગળામાં કાઠલી, હાર, ઝમણું, સુતિયો વગેરે મુખ્ય છે. સાંપ્રત સમયમાં પહેરવેશમાં ઘણો બદલાવ થઈ રહ્યો છે. પણ જે પ્રૌઢ ઉંમરના સ્ત્રી-પુરૂષોતો પોતાના વસ્ત્રો અને આભૂષણો પહેરવાના શોખીન છે.

## માલધારીઓના તહેવારો :-

ગીરની માલધારી પ્રજા ઉત્સવપ્રિય પ્રજા છે.ભારતીય સંસ્કૃતિમાં આનંદને પરમ દિવ્ય અને ઉત્કૃષ્ટ તત્ત્વ ગણ્યું છે. અહીંના લોકો ધાર્મિક તહેવારો, લગ્નોત્સવો મેળાઓ દ્વારા મનોરંજન મેળવે છે. શ્રીકૃષ્ણ ઈષ્ટદેવ હોવાને નાતે જન્માષ્ટમીનો ઉત્સવ તેમનો સૌથી મોટો તહેવાર ગણાય છે. ગોકુળ આઠમ ભગવાન શ્રીકૃષ્ણના જન્મદિન હોવાથી નેસમાં ભજન-કીર્તન ગવાય છે. ગીરના ‘નેસડાના’ ચોકમાં તથા દરેકના ઘરે આંબા તથા આસોપાલવના તોરણ બંધાય છે. દરેકને ઘરે આ દિવસે મીઠાઈ રાંધવામાં આવે છે. રાત્રે ‘મટકી ફોડ’ નો કાર્યક્રમ યોજાય છે. સૌ નેસવાસીઓ એક જગ્યાએ ભેગા થાય છે. સ્ત્રીઓ રાસ

લે છે. 'નંદ ઘેરે આનંદ ભર્યો' ના નાદથી આખુવન ગાજી ઊઠે છે. માલધારીને બીજો આવો મોટો ઉત્સવ છે. 'અષાઢીબીજ' નો છે. માલધારી વર્ષની બારે બીજ પાળે છે. પણ ઉજવણી માત્ર અષાઢ મહિનાની બીજે થાય છે. આ દિવસે તેઓ દૂધનું વેચાણ કરતા નથી. આડોશ-પાડોશમાં દૂધની વહેંચણી કરે છે. અને સ્ત્રી-પુરૂષ બન્ને ઉપવાસ કરે છે. સાંજે આકાશમાં બીજદર્શન કર્યા પછી ઉપવાસ છોડે છે. દૂધપાક, પૂરી, રોટલી, શાક, પરોઠા જેવી વાનગીઓ બનાવવામાં આવે છે.

આ ઉપરાંત, નવરાત્રિ, હોળી, ધુળેટી, દિવાળી, જળઝીણણી, અગિયારસ, શરદપૂનમ, ઉત્તરાયણ, શિવરાત્રી, રામનવમી જેવા વર્ષમાં આવતા દરેક તહેવારોનું જીવનમાં કંઈક કંઈક મહત્ત્વ રહેલું છે. તેવું સમજતા માલધારીઓ તહેવારો રંગચગે મનાવે છે. નવરાત્રિના નવ દિવસ ઘણા માલધારીઓ ઉપવાસ, એકટાણાં કરે છે. છે. રાત્રે રાસ-ગરબા માતાજીની ગરબી પાસે ગવાય છે. તહેવારોમાં માલધારીઓ એકબીજાને ઘરે જાય છે. નવા કપડામાં સજ્જન થઈને નેસમાં ફરતા જોવા મળે છે.

## ગીરના માલધારીઓના રીત-રિવાજો :-

ગીરના માલધારી સમાજના રીત-રિવાજો, નીતિ-નિયમો અલગ અલગ હોય છે. બે અલગ-અલગ જ્ઞાતિઓ વચ્ચે લગ્નસંબંધ થઈ શકતો નથી. દીકારાના લગ્ન કરવા હોય તો સામી કન્યા આપવી પડે. જેને દીકરી ન હોય અને માત્ર દીકરા જ હોય તેવા લોકોએ દીકરાના લગ્ન વખતે દીકરીના પિતાને અઢળક દહેજ આપવું પડે તોજ પોતાના દીકરાના લગ્ન થાય. જેની પરિસ્થિતિ નબળી હોય અને જેના ઘરમાં દીકરી ન હોય તેવા કેટલાય માલધારીઓ ગીરના જંગલમાં ગાય-ભેંસોને ચરાવીને આખું જીવતર એમજ પુરૂં કરે છે.

બાળલગ્ન એ માલધારી સમાજનું સામાજિક દૂષણ છે. સરકારશ્રીનાં મનાઈ હુકમ છતાં આજે પણ બાળલગ્નો સંપૂર્ણપણે અટકયા નથી.બાળલગ્ન અને બાળસગપણો પણ હાલમાં કરવામાં આવે છે.

ગીરના માલધારીઓના લગ્નપ્રસંગો મોટેભાગે શિયાળામાંજ યોજાય છે. લગ્ન માઘ મહિનામાં કરવાનો સમાજનો રિવાજ છે. લગ્નમાં કન્યાપક્ષવાળા જયારે લગ્ન કરે તે પ્રમાણે વરપક્ષ વાળા લગ્ન કરવા બંધાયેલા હોય છે. વરપક્ષ વાળાને તેની જાણ અગાઉ કરવામાં આવતી નથી. બન્ને પક્ષ વચ્ચે કયારેક ખટરાગ ઉત્પન્ન થાય તો જ્ઞાતિના પંચનો નિર્ણય માન્ય રહેતો.

લગ્નવિધિ બ્રાહ્મણની હાજરીમાં યોજાય. લગ્ન લખાયા પછી જાન-પ્રયાણ સુધીનો સમયગાળો એક અઠવાડિયાનો રાખવામાં આવે છે. આ દિવસોમાં વર-કન્યાના ઘરે સાંજીના ગીતો ગાવામાં આવે છે. જયારે વરપક્ષવાળાને ઘરે માતાજીની સરજૂ પણ બોલાવવામાં આવે છે. અને રાત્રે ચા, પાણી તથા પતાસા, સાકરની લ્હાણી કરવાનો રિવાજ છે.

લગ્નપછી માલધારીઓમાં પાંચ-છ આણા વાળવાનો રિવાજ હતો. પરંતુ ધીમે-ધીમે ઓછો થતો ગયો. અત્યારે બે થી ત્રણ આણા વાળવાનો રિવાજ છે. મોટેભાગે આણું લગ્નની સાથે જ હોય છે. પરંતુ કન્યા નાની હોય તો આણું વાળવામાં આવતું નથી. લગ્ન સમયે કન્યાને માત્ર પોંખવા માટે જ સસરાને ઘરે જવા દેવામાં આવે છે. લગ્ન વખતે આણાનો સમય નક્કી કરવામાં આવે છે. આણાના સમયે મા-બાપ તરફથી દીકરીને યથાશકિત કરિયાવર કરવામાં આવે છે.

ગીરના માલધારીઓમાં લગ્ન અને મરણ બન્ને વખતે ખાસ મોટા જમણવાર કરવાનો રિવાજ છે. આ બન્ને શુભ-અશુભ પ્રસંગો બ્રાહ્મણની હાજરીમાં યોજાય છે. મરણની પાછળ બ્રાહ્મણ બેસાડવાનો રિવાજ છે. અને સાંજે ભજન કીર્તન કરવામાં આવે છે. અગિયાર દિવસે ઉત્તરક્રિયા પૂરી કરવામાં આવે છે. પરંતુ ઉત્તરક્રિયાના બીજા દિવસે પાઠ પૂરવામાં આવે છે. આ વિધિમાં બ્રાહ્મણની જરૂર પડતી નથી.

માલધારી સમાજમાં પતિના મૃત્યુ પછી વિધવાબાઈ ફરજિયાત વૈધવ્ય પાળવાનું હોતું નથી. પરંતુ જો દિયર કુંવારો હોય તો તેની સાથે પહેલા ફરજિયાત પણે દિયરવટુ કરવામાં આવતું. આજે પણ દિયરવટુ થાય છે પણ તે મરજીયાત છે. એવી જ રીતે પત્નીના મૃત્યુ પછી પતિ પોતાની સાળી કુંવારી હોય તો તેની સાથે લગ્ન કરી શકે તેને સાળીવટુ કહેવામાં આવે છે. માલધારીઓમાં સાળી સાથે લગ્ન કરવાનું કારણ તે લોકોના જણાવ્યા મુજબ પહેલી પત્નીના બાળકો હોયતો તેને સરખી રીતે સાચવી શકે.

માલધારી સ્ત્રીઓમાં લાજપ્રથા છે. કુટુંબમાં સસરા, જેઠ, સમાજના અગ્રણીઓની આજે પણ માલધારી સ્ત્રી અમન્યા રાખે છે. પુરૂષો કરતા સ્ત્રીઓ સવિશેષ વ્યવહાર કુશળ અને હોશિયાર હોય છે. જ્ઞાતિમાં સ્ત્રીનું માનભર્યું અને ગૌરવવંતુ સ્થાન ઘરના મોટાભાગનો વ્યવહાર સ્ત્રીના હાથમાં રહેલો છે.

**રૂઢિગત માન્યતાઓ :-**

ગીરના માલધારીઓમાં જડ જેવી ઘણી માન્યતાઓ રૂઢ થયેલી જોવા મળે છે. જેમકે કોઈપણ સારૂં નરસું કાર્ય કરવાનું હોયતો ભુવા, ભરાડી પાસે માતાજીના દાણા જોવડાવ્યા વગર કરે નહી. માતાજી રજા આપે તો જ કાર્ય હાથ ધરી પરંપરાગત રીતે છોકરાને બાળપણથી જ પશુપાલનના ધંધામાં સામેલ કરવો તેમજ શિક્ષણ પરત્વે કે સામાજિક વિકાસના કાર્યમાં અરુચિ દાખવવી અને શકય હોયતો એવી બાબતોથી દૂર રહેવામાં સલામતી અનુભવવી એ આ સમાજની ખાસ માન્યતાઓ છે. હરિજનો, ભંગી, વણકર જેવી પછાત જાતિને અડકતા નથી. દિવસે ભૂલેચૂકે અડીજવાય તો પાણીની છાંટ લે છે. અથવા સ્નાન કરે છે. આજે પણ અસ્પૃશ્યતાનું દૂષણ આ સમાજમાં જોવા મળે છે. ઘરમાં કોઈ વ્યકિત બિમાર પડે તો દેવ-દેવીની માનતા રાખે છે. દેવીનો તાવો, શ્રીફળ કે યાત્રાની માનતા રાખે છે. અથવા કથા, ઠાકરથાળી કે સાધુ બ્રાહ્મણ જમાડવાની પણ માનતા રાખે છે. લગ્ન, મૃત્યુ તેમજ નવા મકાનમાં રહેવા જતી વખતે સેલણ પાય છે. શુભપ્રસંગે ઘર બહાર જતી વખતે કોઈ છીંક ખાય, રસ્તામાં બિલાડી, સર્પ

સામા મળે તો અપશુકન માને છે. ગાયને પવિત્ર માને છે. ગાયનું છાણ, ઘી, ગોમૂત્ર વગેરે પવિત્ર ગણે છે. સારા કાર્ય વખતે ગાય કે કુમારિકા સામે મળે તો શુકન માને છે. ધારેલું કાર્ય સફળ થશે તેવી આજે પણ માન્યતા છે. શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાને કારણે અંધશ્રધ્ધાનું પ્રમાણ વધારે જોવા મળે છે. ભૂત-પ્રેતમાં વધારે માને છે. વળગાડ દૂર કરવા ભૂવા ધુણાવે છે. ભૂવાના કથનને બ્રહ્મવાકય માનતા હોય છે. કેટલાય ભૂવા ખોટા વહેમ બેસાડી ઊંડા ખર્ચમાં ઉતારે છે. ભગત, ભૂવા અને બારોટ આ ભોળી, અજ્ઞાની પ્રજાનો લેવાય તેટલો લાભ ઊઠાવે છે. આવા દંભી લોકો વડવાની શૂરવીરતા, ખાનદાની, સખાવત વગેરેની સ્તુતિ કરી પ્રજાને ફૂલાવીને પૈસા પડાવે છે.

**શિક્ષણ :-**

ગીરના માલધારીઓનું શિક્ષણ સાવ ઓછું છે. ગીરના નેસડામાં રહેતા માલધારીઓના સંતાનોને ગ્રામ્ય વિસ્તારની નિશાળ દૂર પડે છે. અને બીજી બાજુ માતાની અજ્ઞાનતાને કારણે આજે પણ માલધારી પ્રજા શિક્ષણથી વંચિત રહી છે. સરકારશ્રીએ ગીરના જંગલમાં ઘણી જગ્યાએ આશ્રમશાળાઓ ખોલી હોવા છતાં સંખ્યા અને પ્રમાણની દૃષ્ટિએ બહુજ ઓછા માલધારી સંતાનો તેનો લાભ લઈ શકે છે. સ્ત્રીઓના શિક્ષણની તો વાત શું કરવી ! 'દીકરીને ભણાવાયા જ નહીં' એતો પારકુ ધન કહેવાય. નાની ઉંમરમાં જ ઘરકામના વળગાડી દે છે. ઘણી દીકરીઓએ તો આજે પણ નિશાળના દર્શન કર્યા નથી. સરેરાશ ૮ થી ૧૦ ટકા સ્ત્રીઓ ભણેલી જોવા મળે છે. આવા ભલા ભોળા અબુધ માલધારીને કોણ સમજાવે કે દીકરી તો ઘરની દીવડી છે. જેને ભણાવવાથી ત્રણ કુટુંબને તારી શકાય છે. પિયર, સાસરું અને મોસાળ.

**પશુપ્રેમ :-**

ગીરના માલધારીઓ ધાર્મિકવૃત્તિના છે. ગીરની ધરા પર હજારો વર્ષથી માલધારી સમાજ હિસંક પ્રાણીઓ સાથે હળીમળીને વસી રહ્યા છે. ગીરમાં વસતા પશુઓના સંવર્ધનમાં માલધારીઓનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. છેલ્લા ૩૦ વર્ષમાં કોઈ હિસંક પ્રાણીઓ દ્વારા માલધારી પર હુમલો થયો હોય તેવો એકપણ બનાવ નોંધાયો નથી. પોતાના પાળેલા પશુઓ ગાય, ભેંસ સાથે પરિવારના સભ્ય જેવું વર્તન કરે છે. માલઢોર પર ભાગ્યેજ લાકડીને ઉપયોગ કરે છે. માલધારીઓની હાંકલાં, પડકારની ભાષા આ મૂંગા પશુઓને સમજતા વાર નથી લાગતી. માલધારીના ગાય, ભેંસનું કોઈપણ હિસંક પ્રાણીએ મારણ કર્યું હોય તો વનવિભાગ દ્વારા તેમને વળતર ચૂકવવામાં આવે છે. પરંતુ અમુક માલધારીઓ એવા પણ છે કે તેઓ કયારેક પણ પોતાના પશુના શિકારના વળતરના નાણા લેતા નથી. અહીં તેમની પશુ પ્રત્યેની સહાનુભૂતિના દર્શન થાય છે. ગીરના નિર્વસનતંત્રને માલધારી સમાજ સમજે છે. ગીરના કુદરતી સ્ત્રોતોને નુકશાન ન થાય તેની ગીરના માલધારીઓ પૂરતી કાળજી રાખે છે.

## અતિથિ ધર્મ :-

ગીરના માલધારીઓ સ્વભાવે ભોળા અને માયાળુ હોય તેમ લાગે છે. આંગણે આવેલા અતિથિનું માનભેર સ્વાગત કરે છે. ચા-પાણી, રોટલા પ્રેમથી ખવડાવે છે. માલધારી સમાજ આશરા ધર્મમાં માને છે. પરંતુ સાથોસાથ સ્વભાવમાં બળકટતા અને આપ બડાઈ પણ ખરા જ. બૌધ્ધિક કરતા લાગણીશીલતાનું પ્રમાણ વધુને વધુ જોવા મળે છે. કોઈની જોડે વેર બંધાયતો સ્મૃતિમાં જાળવી રાખે છે. જયારે સમય આવે ત્યારે બદલો વાળીને જ જંપે મૂળ સ્વભાવે આ જ્ઞાતિ ભીરૂ નથી. જંગલમાં વસવાટ કરતા હોવાને નાતે નીડરતાના સંસ્કારોતો ગળથૂથીમાંથી જ પ્રાપ્ત કરે છે. સિંહને પણ કૂતરાની માફક ગણીને ભગાડી મૂકે છે. વર્ષો પહેલાના સમયમાં સિંહ અને દીપડા જોડે યુધ્ધ ખેલ્યુ હોય તેવા કેટલાય દાખલાઓ આજે પણ આ વિસ્તારમાં મોજૂદ છે. આ ઉપરાંત ગીરના માલધારીઓ એકંદરે નીડર, પરાક્રમી, બહાદુર અને શૌર્યવાન છે.''

## ગીરની માલધારી સંસ્કૃતિ :-

ગીરના માલધારીઓ દ્વારા ગવાતી માતાજીની સરજૂ આપણી વૈદિક સંસ્કૃતિ સાથે અનુસંધાન છે. ડૉ. પ્રભાશંકર તૈરેયા, ડૉ. સુચેતાબેન ભાડલાવાળા વગેરેએ સરજૂને સામવેદનું ગાન માન્યુ છે. હો.....ઓ....કે અ....હા... એ રીતે સરજૂ આ લોકોની જૂની સંસ્કૃતિ પરંપરાને સાબિત કરે છે. એ સિવાય પણ તેમના લોકગીતો, દુહા, ભજનો, કીર્તન ગાય છે. માલધારીના નેસ ગામથી દૂર હોય છે. નેસમાં દિવાલ પર ખાસ કોઈ આકાર ન પ્રગટે એવા ચિત્રો અંકિત થયેલા છે. ભરતકામ, મોતીકામ, રબારીભરતમાં આ લોકોની આગવી વિશિષ્ટતા હતી. ઊનને કાંતિને એમાંથી ધાબળો બનાવે અથવા બનાવડાવે છે. પરંતુ ધાબળાના છેડાઓની કલાત્મક ગૂંથણીતો પોતાના હાથે જ કરે છે. તહેવારો-ઉત્સવોમાં, રીત-રિવાજો વગેરેમાં ભાતીગળ સંસ્કૃતિના દર્શન થયા વિના ન રહે.

## સાંપ્રત ગીરમાં વસતા માલધારીને મળતા લાભો :-

ઈ.સ. ૧૯૫૧માં માલધારી સંઘની સ્થાપના કરવામાં આવી. સરકાર તરફથી ઘણી યોજનાનો લાભ માલધારીઓ લઈ રહ્યા છે. માલધારીઓના નેસની નજીકમાં કૂવા, રસ્તાઓ બંધાવ્યા અને આરોગ્યની સેવા શરૂ કરાય. ગીર, સાસણ વિસ્તારમાં આશ્રમશાળાનો પ્રારંભ કરાતા આ અબુધ અને અણઘડ લોકોના માનસમાંથી શિક્ષણ પ્રત્યનો અણગમો કે ભડક દૂર થયા. અને ધીમે-ધીમે પણ શિક્ષણની ઉપયોગિતા અને મહત્ત્વ સમજયા. વળી માલધારીઓ ઉપરના કર અને ઈજાર રદ થયા. પરિણામે કુટુંબમાં સ્થિરતા આવી. ખેતી માટે પડતર જમીન આપી તેમને સ્થિર કરવાની યોજના કરાય. આશ્રમશાળાઓ ઉપરાંત સંસ્કાર કેન્દ્રો, બાલવાડીઓ, રોગઉપચાર કેન્દ્રો વગેરે શરૂ કરાયા. ઉપચાર અંગે જાગૃતિ લાવી તેમેને દોરા, ધાગા, ભુવા, ભરાડી વગેરેની અંધશ્રધ્ધામાંથી બહાર લાવવાના પ્રયત્નો હાથ

ધરાયા. ગીરના માલધારીઓને સરકારે હાલમાં અનુસૂચિત જનજાતિમાં સમાવી લઈ અનેક લાભો આપ્યા છે.

### આહીર જાતિ :-

આહીરો મથુરાથી ભગવાન શ્રીકૃષ્ણ સાથે દ્વારકા અને ત્યાંથી કેટલાક અહીં આવી વસ્યા છે. ઐતિહાસિક સંશોધન પ્રમાણે મધ્યએશિયામાંથી આર્યોની શાખા જે આભીરો તરીકે ઓળખાતી તે ઈ.સ. બીજા સતકમાં ભારતમાં પંજાબમાં વસવાટ કર્યો. મહાભારતકાર કહે છે કે નકુલ પટ્ટીમમાં વસતા આભીરને યુધ્ધમાં પરાજિત કર્યો હતો. તેથી પરશુરામના ભયથી પોતાનું કર્તવ્ય છોડયું હતું તેથી આભીરો કહેવાયા. કૃષ્ણ પોતે આહીર કે ગોપ સંસ્કૃતિમાં ઉર્છેયા હતા તે રીતે આહીરો સાથે અહીં આત્મીયતા હોવાથી યાદવો સાથે મથુરાથી દ્વારકા આવ્યા. લીલી જમીન જોઈ મચ્છુ કાંઠે વસ્યા તે મચ્છોયા, સોરઠમાં વસ્યા તે સોરઠિયા. પંચાળમાં વસ્યા તે પંચોલી તરીકે ઓળખાય છે. ઊંચો પહાડી બાંધો આહીર યુવકો ધરાવે છે. તથા આહીર સ્ત્રીઓ ઊંચી અને દેખાવડી હોય છે. તેમનો મુખ્ય  વ્યવસાય ખેતી અને પશુપાલનનો છે. શ્રીકૃષ્ણ ભગવાનને તેઓ પોતાના આરાધ્ય દેવ માને છે. વચન, વેર, અને વટ માટે ફના થઈ જવાની ભાવના આ કુળમાં પરંપરાગત રીતે ઊતરી આવેલ છે. પ્રાચીન સમયમાં કહેવાતું ગામમાં આહીરનો એક દીકરો જીવતો હોય ત્યાં સુધી તે ગામમાં બહારવટિયાને પ્રવેશવાની હિંમત ચાલતી નહી. સૌરાષ્ટ્રમાં આહીરોની ૧૧ (અગિયાર) મુખ્ય શાખાઓ જોવા મળે છે.

(૧) પંચોલી (૨) સોરઠિયા (૩) મચ્છોયા (૪) બોરિચા (૫) વણાંકી (૬) વનાર (૭) નાધેરા
(૮) કામળિયા (૯) વાગડિયા (૧૦) ઓરડા (૧૧) પ્રાવથરિયા

આ જાતિ કેવળ સંતોષી અને માયાળુ જાતિ છે. તેઓ સ્વભાવે ઠંડા, સ્વામાની, ખમીરવંતા, ઉદાર અને સ્વાગતસુરા હોય છે. તેઓ ખૂબજ વિશ્વનીય ગણાય છે. રાજપૂત રાજવી કે ઠાકોરની પુત્રીને તેડવા આહીરને મોકલતા અને તેને રાણીવાસમાં જવાની છૂટ હતી. વળી તેઓ સ્વાભાવે આરામપ્રિય છે. સહનશીલતામાં આહીરોનો જોડો જડે તેમ નથી. તેઓ શૂરવીર બહાદૂર છે. માલ-ઢોર બચાવવા જરૂર પડે તો સિંહ સામે પણ બાથ ભીડે. સ્વભાવે દાનવીર છે. જન્મથી લઈને મૃત્યુ સુધીના દરેક પ્રસંગે સમાજનું ઋણ ચૂકવવા તત્પર રહે છે. આંગણે આવેલા અતિથિનું સ્વાગત એ આહીરોની સંસ્કૃતિની વિશષેતા છે. સર્વધર્મ પ્રત્યે આદરની ભાવના રાખે છે.

સોરઠના લોકસમાજમાં ધબકી રહેલું આહીરોનું લોકજીવન ખૂબજ રસપ્રદ છે. આહીર સમાજમાં લગ્ન, જન્મ, મરણ જેવા પ્રસંગો સમાજના બંધારણમાં રહીને ઉકેલવાના હોય છે. આથી સમાજનો પ્રેમભાવ જળવાય રહે. સમયાંતરે રીતરિવાજોમાં સુધારા વધારા પણ થતા રહે છે. આહીર સમાજમાં જીવનસાથીની પસંદગી કુટુંબના વડીલોના નિર્ણયને માન્ય રાખતા. હાલમાં દીકરા-દીકરીને પસંદગીની

તક અપાય છે. દીકરા જેટલી દીકરીને સ્વતંત્રતા અપાઈ નથી. શિક્ષિત કુટુંબમાં પણ વર-કન્યાના કુટુંબ, મોસાળ, ખાનદાન અન્ય સ્વજનો, વ્યવસાય વગેરેને ધ્યાનમાં રાખીને પસંદગીની તક અપાય છે. પસંદગી બાદ બ્રાહ્મણની હાજરીમાં સગાઈ કરવામાં આવે છે. લગ્ન માટે દીકરીના પિતાની અનુકૂળતા પ્રમાણે લગ્નપ્રસંગ યોજાય છે. લગ્ન બાદ એક વર્ષ દીકરી પિયરમાં રોકાઈ રાખવાનો રિવાજ હતો. હાલમાં તે પ્રથા દૂર કરવામાં આવી છે. આહીર સ્ત્રીઓના સીમંતની અલગ-સ્વતંત્ર વિધિ કરવાને બદલે બ્રાહ્મણ દ્વારા કે સાસુ દ્વારા ખારેક અને સાકરથી કન્યાનો ખોળો ભરવામાં આવે છે. સીમંત વિધિ બાદ ગોરની વીરમૂઠડી ભરવામાં આવે છે. હાલમાં સાકરથી વીર મુઠડી ભરવામાં આવે છે. દીકરાનો જન્મ થાય તો આસપાસમાં મીઠાઈ વહેંચે છે. દીકરાના જન્મથી માતાનું માન-પાન વધી જાય છે. દીકરી જન્મે તો કંઈ વહેચંતા નથી. હાલમાં દીકરી-દીકરાના ભેદભાવ રહ્યા નથી. નામ પાડવાની વિધિ બ્રાહ્મણ પાસે અથવા માતાજીના મઢે જઈને નામ પાડવામાં આવે છે. આહીર સમાજમાં ઘરમાંથી કોઈ સ્ત્રી પુરૂષનું મૃત્યુ થાય તો અગ્યિારમાના દિવસે રામદેવ પીરનો પાટ અતીત સાધુ પાસે કરાવે છે. આખી રાત રામાપીરના ભજનો બોલાવતા. આહીર સ્ત્રીઓ, તુલસી, ખાખરો, ખીજડો, પીપળો વગેરેની પૂજા કરે છે. બળચોથના દિવસે ગાય-વાછરડાની પૂજા કરે છે. નાગપાંચમે માટીના નાગ બનાવી તેનું પૂજન કરે છે. નવા મકાનના ખાતમુર્હૂત વખતે પતિ-પત્ની ભૂમિપૂજન કરતી વખતે પાયામાં સોપારી, ચાંદીનું નાણું, ત્રાંબાનો કળશ, હળદર, અબીલ, ગુલાલ, પંચામૃત વગેરેનું પૂજન કરી ત્યારબાદ મકાનનું ચણતર કરે છે.

### ભરવાડ જ્ઞાતિ :-

ગીરના જંગલમાં વસવાટ કરતી ભરવાડ જ્ઞાતિમાં બે પેટા પ્રકાર પડે છે. (૧) નાનાભાઈ ભરવાડ (૨) મોટાભાઈ ભરવાડ. 'સંસ્કાર- સંસ્કૃતિ સરખામણું છતાં દીકરી પરણાવવાનો રિવાજ નથી. મોટાભાઈ ભરવાડ ઊંચા ગણાય છે. આ ભેદ ગુજરાતમાં વાઘેલાના વિસ્તાર પછી મુસલમાનોના આગમન પછી કેટલાક ભરવાડોએ મીર, વાળા અને વંશ સાથે ઐકય કર્યું.'[૨૨] બન્ને વર્ગમાં બ્રાહ્મણ, બારોટ જુદા-જુદા હોય છે. બારોટ તેમની વંશાવળી રાખે છે. ગોહિલવાડ તરફ નાનાભાઈ ભરવાડની વસ્તી વધુ જોવા મળે છે. જયારે હાલાર અને સોરઠમાં મોટાભાઈ ભરવાડની વસ્તી વધુ જોવા મળે છે. મૂળ ગોત્રના મોટાભાઈ અને અન્યવંશ સાથે ભળી ગયેલા અને નાનાભાઈ એવા બે ભેદ પડી ગયા. એક બીજી પણ માન્યતા પ્રર્વતે છે કે નાનાભાઈ મેર લોકોના વાઘેલા કુળ સાથે લોહી સંબંધ બાંધી મેર વાઘેલા કુળને અપનાવવાથી નાનાભાઈ બન્યા. વ્યવસાય પ્રમાણે જ્ઞાતિમાં ભેદ પાડે છે. વ્યવસાયના સાધનો પ્રમાથે પેટા વિભાગ પડે છે. ગાય-ભેસ પાળનારા ઊંચા અને ઘેટાં-બકરાં પાળનારા નીચા ગણાય. જમીન ધરાવનાર ઉચ્ચ ગણાય તેમ આહીર જમીન ધરાવતા થયા એટલે ઊંચા ભરવાડ ગાય, બેટા-બકરાં ચરાવતા થયા એટલે મધ્યમ અને રબારી 'રેબડ' ઘેટાંનું ટોળું ચરાવતા થયા એટલે સૌથી નીચા ગણાય.

નાનાભાઈ ભરવાડમાં ભળી ગયા એથી મોટાભાઈ કરતા નીચા ગણાય. આમ આ માલધારી પ્રજામાં ઉચં-નીચના ભેદ પડી ગયા.

ભરવાડ સમાજમાં એક જ લગ્નમાં માને છે. પરંતુ બાળલગ્નો હજુય આ સમાજમાં બંધ થયા નથી. એકવાર જો કન્યાની સગાઈ થઈ એટલે તે શ્વસુર પક્ષની મિલકત મનાય. સગાઈ એ પરણ્યા બરાબર જ મનાય છે. ભરવાડ જ્ઞાતિમાં જ્ઞાતિપંચ હોય છે. તેમાં કુટુંબના કે સમાજના વડીલ વ્યકિતનો નિર્ણય સૌ માન્ય રાખે છે. લગ્ન મોટેભાગે સામ-સામે થાય છે. વરપક્ષના ભાઈ-બહેન અને કન્યાપક્ષ તરફથી પણ ભાઈ-બહેન હોય છે. એટલે સાટા પધ્ધતિએ લગ્ન થાય છે. ભરવાડોનો વસવાટ જંગલમાં હોવાથી તેના બાળકો શેક્ષણિક રીત પછાત રહે છે. પશુપાલનના વ્યવસાયમાંથીજ ઘર ચલાવવાનું હોવાથી કરકસરયુકત જીવન જીવે છે.

## રબારી જ્ઞાતિ :-

સારેઠમાં વસનારા સારેઠિયા રબારી કહેવાય છે. મહાભારતના યુધ્ધની પૂર્ણ સંધ્યાએ વિરાટનગરીથી હસ્તીનાપુર રાતોરાત પવનવેગી સાંઢડી ઉપર સાડા ચારસો માઈલનું અંતર કાપી ઓતરાને હેમખેમ પહોચાડવાનું કામ રત્ના રખેવાળને સોંપાયેલ એ કાર્ય એણે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. તે રબારી જ્ઞાતિનો ઊંટ પાલક હતો તે સમયથી તેમના વંશજો ‘રા’ ની રખેવાળ કે રાય (રાજા) ના રખેવાળ તરીકે ઓળખાયા. આ રીતે તેના વંશજો આજદિન સુધી રાયકા તરીકે ઓળખાતા આવ્યા છે. તેમની વસ્તી હાલમાં પાલનપુર, દાંતા, થરાદ બાજુ જોવા મળે છે. સૌરાષ્ટ્રના સોરઠિયા રબારીમાં મુખ્યત્વે કોડિયાતર, હૂણ, ભારાઈ, ગચ્ચર, મુશાળ, શેલાણા, શામળા, ખાંભલા, ખટાણા, આંબડ, કુછડિયા, કરમટા વગેરે શાખા જોવા મળે છે. ગીર વિસ્તારમાં વસતા સારેઠિયા રબારીઓને સરકારે હાલમાં અનુસૂચિત જનજાતિમાં સમાવી લીધા છે.

રબારીઓમાં એક એવી માન્યતા પણ પ્રર્વતે છે જૂનાગઢમાં ‘રા’ નવઘણની બારી સામે વસ્યા એટલે ‘રા’ બારી કહેવાયા અને અપભ્રંશ ‘રબારી’ થયો એક બીજી રીતે વિચારણા થઈ શકે રબારી શબ્દ અરબી રાહબરી પરથી ઉતરી આવેલો માનવામાં આવે છે. સૌરાષ્ટ્રમાં વર્ષોથી સ્થાયી થયેલી રબારી જ્ઞાતિ મૂળ સૌરાષ્ટ્રની જ વતની છે એવો પ્રશ્ન એટલા માટે ઉપસ્થિત થાય છે કે આ જ્ઞાતિ વારંવાર સ્થળાંતર કરી રહી છે. આજે પણ સ્થળાંતરની પ્રક્રિયા સ્થગિત થઈ નથી. આ સ્થળાંતરનું મુખ્ય કારણ તેમનો વ્યવસાય પશુપાલનનો હોવાને નાતે ઘાસ, પાણી ઉપલબ્ધ હોય ત્યાં જવું પડતું. આ સ્થળાંતરની પ્રક્રિયાને આ લોકો ‘વાંઢે જવું’ એમ કહે છે. અને વાંઢે જનારને ‘વાંઢિયા’ તરીકે ઓળખવામાં આવે છે. હાલમાં આ રબારીકુટુંબો દરિયાકિનારાના ગામડામાંથી નવરાત્રિના દિવસો પૂરા થતા પોતાના માલઢોર સહિત ચાલી નીકળે છે. રબારીઓ, સૌરાષ્ટ્રમાં આવ્યા તે અંગે વિવિધ માન્યતાઓ છે. એક માન્યતા એવી છે કે

રબારીઓ હિંગળાજ માતાજીના પૂજક હતા. એ હિંગળાજ માતાજીનું મંદિર સિંધ પ્રાંતમાં આવેલું છે. હાલમાં સૌરાષ્ટ્રની રબારી જ્ઞાતિ હિંગળાજને નહિ પરંતુ મોમાઈ માતાજીને પોતાની આરાધ્ય દેવી ગણે છે. ઘણાખરા રબારીઓ શૃંગી માતાજીને પણ પોતાની આરાધ્ય દેવી માને છે.

ગીરના નેસમાં વસતા રબારીઓ ગાયો-ભેસો વધારે રાખે છે. કેટલાક કુટુંબો ઘેટાં-બકરાં પણ રાખે છે. તેઓ ધાસચારાની સગવડ મુજબ પરંપરાથી સ્થળાંતર કરતા હોવાથી તેમના કાચા ઝૂંપડાનું સમૂહને 'નેસડા' કે 'નેસ' કહે છે. ખાલી નેસ નેખમ તરીકે અને ઝૂંપડા 'ઝોક' તરીકે ઓળખાય છે. ભાવનગરમાં વસતા રબારી ગોહિલવાડી, સુરેન્દ્રનગરમાં વસતા રાબારી ઝાલાવાડી, મોરબીમાં વસતા મચ્છુવા રબારી અને સોરઠમાં વસતા સોરઠિયા રબારી તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં આલેચ અને બરડા ડુંગર વિસ્તારમાં વસતા રબારીઓ અને ઘેડ વિસ્તારના રબારીઓ જુદા નથી. સૌધર્મની રીતે વડવાળા દેવને માને છે.

રબારી જ્ઞાતિમાં લગ્ન વર્ષમાં એકજ વાર યોજવામાં આવે છે. અને શિયાળાની ઋતુમાં મહામહિનામાં અને લગ્ન રાત્રિના સમયે કરવામાં આવે છે. કન્યાના પિતાની અનુકૂળતાએ લગ્નપ્રસંગ યોજાય છે. લગ્નના છેલ્લા દિવસે રબારી લોકોના પુરૂષો સરજૂ બોલે છે. લગ્નવિધિ બ્રાહ્મણની હાજરીમાં થાય છે. સામાન્ય રીતે દરેક જ્ઞાતિમાં દીકરીને વળાવતી વખતે સેંથો સિંદૂર વડે પુરવામાં આવે છે. જ્યારે રબારીની દિકરીને સાસરે વળાવતી વખતે સેંથો હિંગળા વડે પુરવામાં આવે છે. મરણની પાછળ રબારી સમાજમાં શકિતનો પાઠ બેસાડવાનો રિવાજ છે. સાંજે કીર્તન કરવામાં આવે છે. જે વ્યકિતનું મૃત્યુ થયું હોય તેના બારમે દિવસે દાડો કરવામાં આવે છે. બાળકના જન્મ પછી સવા મહીના પછી બ્રાહ્મણ કે કુળદેવતા સમક્ષ ગોળ કે સાકર ભારોભાર તોળીને બાળકનું નામ પાડવાનો રિવાજ છે. રબારી સમાજમાં સામાજિક રીતરિવાજો પ્રમાણેનું ન્યાયતંત્ર પણ છે. કોઈપણ સામાજિક કે અન્ય પ્રશ્નો હોય ત્યારે પંચનો ઉપયોગ કરવામાં આવે છે. આ જ્ઞાતિમાં મોટા પ્રમાણમાં પુરૂષો કરતા સ્ત્રીઓ અવિશેષ વ્યવહારકુશળ અને હોશિંયાર હોય છે. સ્ત્રીઓજ મોટેભાગે ઘરનો કારભાર સંભાળે છે. આ જ્ઞાતિમાં સ્ત્રીનું માનભર્યું અને ગૌરવભર્યું સ્થાન પણ છે. લાજપ્રથા એ રબારી જ્ઞાતિની આગવી સંસ્કૃતિ છે.

### ચારણ જ્ઞાતિ :-

ચારણોનો જાતિગત ઈતિહાસ જોતા સ્વર્ગમાં વિહાર કરતા ચારણને પૃથુરાજા પૃથ્વી પર લઈ આવ્યાની વાત 'પદમપુરાણ' માં છે. ત્યાંથી હિમાલયમાં વસવાટ કર્યો અને ત્યારબાદ તૈલંદેશમાં આવ્યા. ત્યાંથી માલવા, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાં ગયા એવી માન્યતા છે. સોરઠને ચારણોનું પિયર કહ્યું છે. ચારણો ગુજરાતમાંથી રાજસ્થાન ગયા હતા. ચારણો ઋષિમુનિ જેવું જીવન જીવતા તેઓ વેદોનો અભ્યાસ કરતા અને સરસ્વતીના ઉપાસક ચારણોને 'દૈવીપુત્ર' તરીકે ઓળખવામાં આવે છે.

ચારણોમાં સાત કુળો હતા. તેઓ જે સ્થળે રહેતા તેના નામ સાથે કુળના નામ જોડાયેલા જોવા મળે છે. ચારણોની ત્રેવીસ શાખા અંગે સ્વ.શ્રી ઝવેરચંદ મેઘાણી, રતુદાન રોહડિયા, લક્ષ્મણભાઈ ગઢવી, બળવંત જાની, રાવળદેવ અને જીવણદેવ એકમત ધરાવે છે. આજે જોવા મળતા મારું, પરજિયા, તુંબેલ, સોરઠિયા ચારણ માત્ર પ્રદેશ ભેદો છે. સર્વપ્રમાણોને તપાસતા ચારણોની એકજ જાતિ હોવાની પ્રાપ્ત થાય છે. 'વેદકાળે ચારણ શાસ્ત્રોનો રચિયતા હતો. પુરાણ યુગમાં દેવી સ્તુતિકાર હતો. મધ્યયુગમાં પ્રબંધકાર હતો અને રાજપુત યુગમાં વીરરસનો વારિધિ, નીડર, સત્યવકતા, કવિ અને યોદ્ધો હતો. રાજાઓના ગઢ કિલ્લાની ચાવીઓનો રખેવાળ હતો. પરંતુ આંગણે રહેતા રાજપુત્રોનો બ્રહ્મચર્યનો ચોકિદાર હતો. એ રાજ્યનો સંધિ વિગ્રાહક હતો. રાજદરબારમાં કવિ સલાહકાર ધર્મપુરૂષનું સ્થાન ચારણે શોભાવ્યું છે. તેમજ વન વગડાનું માલધારી જીવન પણ સમજતાથી ચારણ જીવ્યો છે. એ ઉપરાંત ખેતી, વ્યપાર, પશુપાલન જેવા અનેક વ્યવસાયો ચારણોએ પ્રથમથી જ અપનાવ્યા છે. સાંપ્રતયુગમાં દરેક જુદા-જુદા વ્યવસાયોમાં ચારણો વ્યસ્ત છે.'

ઈ.સ. ૧૪ મા સૈકાથી રાજસ્થાનના એ મારુ ચારણોથી કોઈ કોઈ કાઠિયાવાડ, ગુજરાત, કચ્છ, થરપારકર વસવા ગયા. ભાષા બદલાય ગઈ પણ રીતરિવાજો ન છોડયા.

### મારુ ચારણો :-

મારુ ચારણો રાજ દરબારી છે. તેઓ કેળવણીમાં આગળ છે. જનસમાજમાં તેઓ સાચું માન-સન્માન ધરાવે છે. તેઓ કવિતા રચી જાણે તેમનો વ્યવસાય ખેતી, નોકરી અને રાજ દરબારમાં કવિ પણું કરે છે. મારુ ચારણોએ પોતાની કાવ્યશકિતથી અનેક ગામ- ગરાસો મેળવેલ છે.

### પરાજિયા ચારણો :-

પરાજિયા ચારણોએ જૂનિ રૂઢિ, રીત, રિવાજો અને ભાષા બદલી નથી. ચારણ જ્ઞાતિ સાધારણ રીત ઉદાર છે. કંઈક અંશે ભોળી છે. તેમા પરાજિયા વિશેષ છે. તેમનો વ્યવસાય પશુપાલનો રહ્યો બળદ અને ઘોડાની સોદાગરી કરતા. ખાનપાન તેમજ આચાર-વિચારમાં સાદગી રાખતા.

### સોરઠિયા ચારણો :-

સોરઠિયા ચારણોના રીતરિવાજો, પહેરવેશ, આચાર-વિચાર એ મારુ ચારણોને મળતા આવે છે. સોરઠિયા સંકુચિત અને ઓછા ઉદાર છે. ભપકો તેમને વધુ પસંદ છે. તેઓ હાજરજવાબી છે. તેમનો મુખ્ય વ્યવસાય જાગીરી અને નોકરી છે. ખેતીવાડીનું કામ ઓછું કરે છે. સૌરાષ્ટ્ર સિવાય કયાંય જોવા મળતા નથી.

## તુંબેલ ચારણો :-

તુંબેલના ચારણોએ સિંધના રીતરિવાજ, આચાર-વિચાર અને ભાષા અપનાવી આથી બીજા ચારણોથી તેઓ ઘણા અગલ પડે છે. તેઓ સાધારણ રીતે અભણ છે. તેમની ભાષા કચ્છી છે. તેમનો વ્યવસાય ખેતી છે. તેઓ વધુ પડતા લડાયક, આગ્રહી અને ઊંડા છે. જામ રણજિત સાથે નવા કરવેરા બાબતે તકરાર થતા ભયંકર યુધ્ધ કર્યું હતું. આમ મારુ પરજિયા તેમજ સોરઠિયા ચારણો અગલ તરી આવે છે. તુંબલ કચ્છ તથા હાલારમાં છે. નેસાઈ અને અગરવચ્છા ચારણો થોડા છે. તે પશુપાલન સિવાય બીજો વ્યવસાય જાણતા નથી. તેઓના રહેઠાણ સ્થિર નથી. ફરતા રહે છે. બરડા અને ઓખામાં રહે છે. તેઓ બધા અભણ છે. તેઓના ખાન-પાન, પહેરવેશ અલગ તરી આવે છે. ચારણોની ઈત્તર જાતિમાં મોતીચર, મીર, ઉદિયા, ઢાઢી અને રાવળ છે.

ચારણોને માતા સરસ્વતીનો પ્રસાદ વારસામાં મળ્યો છે. અભણ હોવા છતાં કવિતા, છંદના બે શબ્દ જાણતો હશે. ઈશ્વરની સ્તુતિ, રાજાઓની પ્રશસ્તિ કરતો આવ્યો છે તેથી 'સ્તુતિપાઠક' કહેવાયો. ચારણ ગઢ-કિલ્લાની ચાવી રાખતો તેથી તે 'ગઢવી' કહેવાતો. ચારણોએ સદા વીરત્વ અને શોર્યની પૂજા કરી છે. દાતારી અને ચારિત્ર્યની પ્રશંસા કરી છે. ભકિતનો મહિમા કર્યો છે.

## ગીરના જંગલમાં વસતા માલધારીઓની લોકકલા :-

'ગુજરાતની ધરતી હજારો વર્ષથી કલા સંસ્કાર સંસ્કૃતિથી ધબકતી રહી છે.અહીંના લોકજીવન પાસે લોક સંસ્કૃતિની અને લોકકલાની નીજી વિરાસત છે. જગતભરમાં જેનો જોટો ન જડે એવા લોકજાતિઓ પાસે પોતાના ભાતીગળ વસ્ત્રાલંકારો, ખાનપાન, પશુ અને ઘરના શણગારો, કાષ્ઠશિલ્પ, ધાતુપાત્રો, લોકમનોરંજન હથિયારો, મેળા, ઘરનું સ્થાપત્ય, આળેખ, લીંપણ અને ચીતર છે. એમાંથી લોકકલાનું સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. લોકકળા એ ગુજરાતની લોકસંસ્કૃતિનું સબળ અંગે છે.[૨૩]'

ગીરના જંગલમાં વસનારી માલધારી સમાજની સ્ત્રીઓએ લોકકલાનો વારસો જાળવી રાખ્યો છે. આહીર, ભરવાડ, રબારી, ચારણ જેવી જ્ઞાતિઓએ પોતાની આગવી સંસ્કૃતિથી કલાવારસાને દીપાવ્યો છે. ગીરના માલધારીઓની લોકકલાઓમાં લોકભરત, રબારીભરત, આહીરભરત, પ્રતીકચિત્રો, મોતીકામ, લીપંણકળા, આળેખ, છૂંદણા, કેશગુંફન, ઊંના વસ્ત્રોનું ગૂંથણકામ વગેરે જેવી કલાઓ આજેય જીવંત જોવા મળે છે. માનવજીવનને માત્ર જીવી નાખવાનું સાધન ન સમજીએ સુખમય અને ઉલ્લાસભર્યું બનાવવા ઉદ્યમશીલ થયો ત્યારથી પૃથ્વી પર સંસ્કૃતિનું અવતરણ થયું. શ્રીકૃષ્ણ દ્વારકામાં આવીને વસ્યા ત્યારબાદ અહીં લોકકળા સોળેકળાએ ખીલી ઊઠી. યાદવો અને તેની સાથે ગોપજાતિએ સોરઠમાં આવીને વસવાટ કર્યો. માલધારીઓ શ્રીકૃષ્ણ ભગવાનના વંશજો છે તેવું માને છે. તેમની

લોકકળાને પ્રગટાવનારા ગૃહરચના, ગ્રામરચના, દેવદેવીઓના મંદિરો, મઢો, પીરની દરગાહો તેમની આગવી લોક સંસ્કૃતિને મૂર્તિમંત કરે છે.

તેમના પાળિયાઓ લોકશિલ્પ દર્શાવે છે. આ શિલ્પોમાના લોકચિત્રો તેમની લોકકળાને જૂજવે રૂપે પ્રગટાવે છે. ગીરના જંગલમાં વસનારા માલધારીઓની લોકકલાને નીચે મુજબ વર્ણવી શકાય.

(૧) ભરત ગૂંથણકલા

- રબારી ભરત
- આહીર ભરત
- મોતીકામ
- લીંપણકળા
- છૂંદણા
- કેશગૂંફન
- ધડકી
- ઊનની વસ્તુઓ

### ભરત-ગૂંથણ કલા :-

ગીરના જંગલમાં વસતા માલધારી સમાજની બહેનો નવરાશના સમયમાં ભરત-ગૂંથણ અને તેમાંય આભલાં અને હીરભરત કામ કરે છે. આ કામ તેમણે નાનપણથી જ માતા પાસેથી શીખી લીધું હોય છે. દીકરીને આણામાં આપવા માટે નાની ઉમંરથી જ કરિયાવર, વસ્ત્રો વગેરે તૈયાર કરવામાં આવે છે. લગ્ન વખતે ભરત ભરેલા સુંદર થેલાં, ઓશિકાના કવર ભગવાનને થાળ ધરવાનો હોય તે માટે ઢાંકવાનો રૂમાલ વગેરે પર ભરતકામ કરવામાં આવે છે. તેમના તમામ વસ્ત્રોમાં જાત-ભાતના હીર અને સુતરાઉ ચિત્રો ભરેલા અને આંભલાં ટાંકેલા હોય છે. તેમા ચણિયા, ચોળી, જીમી, ઓઢણી, કાપડું વગેરેનો સમાવેશ થાય છે. ભરતગૂંથણ, આભલાભરત, હીરભરત એ તો તેમનો સાંસ્કૃતિક વારસો. નાની દીકરીઓની આંગડીઓમાંડી કમખા, ઓઢણી અને ઓઢણામાં રંગબેરંગી હીરને આભલા ટાંકે છે. આમ, રંગોની મિલાવટમાં આભલા ચમકાવે છે. આ સિવાય ઘોડિયાના ખોયા, ચાકળા, તોરણ, આણાની જોળી વગેરે એક પછી એક તૈયાર કરે છે. તેમા અવનવી ભાતો પાડે છે. કુમળાપાન અને ડાળીવાળી, ફૂલવેલવાળી કયાંક પશુપક્ષીની હાર જતી હરોળો, તો કયાંક હાથી, વાઘ, સિંહ, મોર, પોપટ, ચકલી, બગલો, સારસ અને સમડી પણ હોય શકે ! આમ ભાત-ભાતના પશુ પંખીઓ આવે તે પણ રંગબેરંગી હીરભરત ભરેલા હોય છે. ભરતકામમાં વચ્ચે વચ્ચે ચાકળા, આંભલાં, ટાંકે. કયાંક મોતી પણ ટાંકે. કેટલીક વાર તો ઊડીને આંખે વળગે એવા રંગબેરંગી કપડાના લીરા ટાંકીને ભરત કરે. વિવિધ

રંગના લીરાવાળી આકૃતિઓ અને ચિત્રો ઘેરા રંગના કપડા ઉપર મનોહર દીપી ઊઠે છે. માલીઓના નેસડામાં વસતી લોકનારીઓ એ ભરતકામની મનોહર કળાને ખીલવીને તેમા અપાર વૈવિધ્ય ઉમેર્યું છે. પેટના જણ્યા બાળકોના અને પડના પહેરવેશના વસ્ત્રોને ભરતકામ વડે શણગાર તો લોકનારીને જન્મજાત વારસામાં જ મળ્યો છે. તેથી તેમના પહેરવેશનું ભરતકામ, સૌંદર્ય, રંગ અને શોભન ભાતોની દ્રષ્ટિએ અતિસુંદર અને સોહામણું બની રહે છે. ખંતીલી લોકનારીઓએ ભરેલા ઘાઘરા, કપડા, અને ઓઢણા વડે પોતાના દેહને, ચાકળા ચંદરવા, કાંધી અને ટાડલિયા વડે ઓરડાને અને ઓસરિયુંને શણગારી છે.૨૪

**રબારી ભરત :-**

ગીરના જંગલમાં વસનારી રબારી સ્ત્રીઓમાં ભરત- ગૂંથણ એ આગવી કળા છે. અત્યારે ભરત કલામાં 'રબારી ભરત' ને એક શૈલી ગણવામાં આવે છે. કેમકે રબારી ભરત અન્ય લોકજાતિના ભરત કરતા તદ્દન પોતીકી ભાત પાડે છે. રબારી સ્ત્રીઓ ઓઢણી અને કપડામાં રંગીન ચિત્રો ઉપસાવે છે. અને તેમનો ઘાઘરો ઘેરદાર હોય છે. આવો પહેરવેશ અન્ય જ્ઞાતિ-જાતિથી જુદો જ તરી આવે છે. કાપડામાં નાના આભલાઓ રંગબેરંગી દોરાથી ગૂંથે છે. તેમજ મોર, પોપટ, કોયલ, જેવી ભાત ઓઢણીમાં ઉપસાવે છે ને સૌનું ધ્યાન ખેચે છે. ચણિયા, ચોલીમાં 'રબારી ભરત' ની આગવી શૈલી જોઈ શકાય છે.

**આહીર ભરત :-**

ગીરના નેસડામાં વસતા આહીરોનું ભરત 'આહીર ભરત' તરીકે ઓળખાય છે. ધર્મસ્થાને તોરણો તથા ગૃહ શણગાર અને ચારળા, ચંદરવા, ઉલેચ, તોડલા, તથા આણાના વસ્ત્રોમાં ભરતગૂંથણ કરી તેમા આભલા, ચાંદલા, મોતી ટાંકી તૈયાર કરવા તથા નાના બાળકો માટે નતિયા ટોપી, આંગડી ચોરણી તથા બાળકીની ઘાઘરીમાં મોર, પોપટ, વગેરેની આકૃતિઓ, સ્ત્રીઓના પોમચા, ઓઢણાં વગેરેમાં આરી ભરત અને આભલાં તથા પુરૂષોના પોષાકમાં ભરતકામ જોવા મળે છે. કપડાની બનાવટમાં લાલ, લીલી, પીળી અને બુડિયા રંગ અતલસનો ખૂબ ઉપયોગ કરવામાં આવે છે. વળી ગૂંઢા રંગની અતલસમાં સફેદ દોરાના વણાટનો ખૂબ ઉપયોગ કરવામાં આવે છે. હીરભરત અને આભલાં ભરતનું કામ તો આયરાણીઓ વંશપરાપરાથી જાળવતી આવી છે. શુભ પ્રસંગ માટેના શણગાર માટે ચાકળા અને ચંદરવા, કાંધીપટ્ટી ભરવામાં તે ઘણી નિષ્ણાત ગણાય છે. આ ઉપરાંત આયરણીઓ પોતાના કાપડાની બાયોમાં સુંદર રીતે આભલા અને સતારા ભરી તેમની આ કળાને જીવંત રાખતી આવી છે. લગ્નને સાત-આઠ વર્ષની વાર હોય ત્યારથી જ આહીર કન્યાઓ કરિયાવર તૈયાર કરવામાં લાગી જાય છે. મોતીકામ, આભલાંકામ, અને હીરભરતમાં આયરાણીઓનો જોટો જડે તેમ નથી.

**મોતીકામ :-**

ગીરની માલધારી સ્ત્રીઓ મોતીકામ પણ સારી રીતે કરી જાણે છે. લાલ, પીળાં, લીલાં, સફેદ એમ વિવિધ પ્રકારના મોતી બજારમાં મળે છે. તેમાં પણ સાચા મોતીની બનાવટો વર્ષો સુધી તેવીને તેવી જ રહે છે. મોતીકામ ઘણી અઘરી કળા છે. મોતીની વસ્તુઓ જોઈએ તો મોતીના તોરણ, વિઝંણો, ઈઢોંણી, સામૈયું, શ્રીફળ, લોટી, કાંધી પટ્ટી, પછીત પાટી, વગેરે મુખ્ય છે. કોઈક ડિઝાઈનમાં વેલ, પશુ, પંખી, ફૂલછોડ, વૃક્ષો, સાથિયા વગેરેને રંગ પ્રમાણે મોતીની પસંદગી કરવાની હોય છે.

**મોતીનું તોરણ :-**

ગીરની માલધારી સ્ત્રીઓ પાંચ કે સાત કોથળીનું મોતીનું તોરણ બનાવે છે. આ તોરણમાં લાલ, પીળાં, કાળાં, સફેદ, વગેરે મોતીની પસંદગી કરવામાં આવે છે. મોટેભાગે આમા સફેદ રંગનો દોરો ઉપયોગમાં લેવાય છે. તેમા સાથિયો, શ્રી ગણેશ, મોર, પોપટ, કબૂતર, સિંહ, હરણ, વૃક્ષ, વેલ વગેરેના ચિત્રો ઉપસાવવામાં આવે છે.

**શ્રીફળ :-**

માલધારી સ્ત્રીઓ સૌપ્રથમ બજારમાંથી પાણી વગરનું શ્રીફળ પસંદ કરે છે. તેને લાલ કે સફેદ કપડાથી કવર ચડાવી દેવામાં આવે છે. ત્યારબાદ સફેદ દોરા વડે વિવિધ રંગના મોતીથી ગણેશ, મોર, પોપટ, વેલ, વૃક્ષ વગેરે મનપસંદ ભાત ઉપસાવે છે. લગ્નપ્રસંગે શ્રીફળ વરરાજાને હાથમાં આપવામાં આવે છે.

**ઈઢોંણી :-**

ગીરની માલધારી સ્ત્રીઓને ઈઢોંણીનો વધારે પ્રમાણમાં ઉપયોગ થાય છે. માથા ઉપર વજન ઉચંકવા માટે માથા ઉપર ઈઢોંણી રાખવામાં આવે છે. માલધારી કન્યાના આણામાં ઈઢોંણીતો મોતીવાળી જ હોય છે. ઈઢોંણી પર મોતીકામ કરવું ઘણું મુશ્કેલ છે. કારણકે ગોળાકાર ઈઢોંણીમાં ચિત્રો ઉપસાવવા એ મહેનત માગી લે તેવી કલા છે. ઈઢોંણી પર સૌપ્રથમ સાદા કપડાનું કવર કરવામાં આવે છે. ત્યારબાદ તેના પર ગાય,મોર, સાથિયા, ગણેશ, જેવા મનપસંદ ચિત્રો મોતીથી ઉપસાવવામાં આવે છે. આ કામ ખૂબજ ધીરજપૂર્વક અને એકાગ્રતાથી કરવું પડે છે.

**પાન :-**

માલધારી કન્યાઓ નજીકના શહેરમાંથી કે ગામમાંથી સ્ટીલના તારના તૈયાર પાન લાવે છે. તે આંબા કે આસોપાલવના પાન જેવા જ આકારના હોય છે. તેમા પણ મોતીકામથી સરસ ચિત્રો અને ડિઝાઈન ઉપસાવીને આબેહૂબ પાંદડા જેવા જ મોતીથી ભરેલા દેખાય છે. માતાજીના 'મઢ' માં સૂર્ય, ચંદ્ર, નાગ, ગણેશ જેવા ચિત્રો ઉપસાવીને મોતી ભરેલા તોરણો લોકનારીઓ બનાવે છે.

### લીંપણકળા :-

વન વિસ્તારમાં આવેલા માલધારીઓના 'નેસડા' મોટાભાગે કાચી માટીના બનાવેલા જોવા મળે છે. કાચી ઈંટ, પથ્થરો અને લાંકડાનું બાંધકામ મોટેભાગે જોવા મળે છે. મોટાભાગના નેસમાં ઓસરિયું તો પતરાવાળી જોવા મળે છે. કયાંક-કયાંક તો ઘાસ અને લાકડીની બનાવેલી ઓસરિયું જોવા મળે છે. મકાનો ઉપર દેશી નળિયા કે વિલાયતી નળિયા જોવા મળે છે. ઉનાળામાં ગરમીથી બચવા મકાનો ઉપર ઘાસ પાથરવામાં આવે છે. આવા કાચા મકાનોમાં માલધારી સ્ત્રીઓ વર્ષમાં એકવાર કરે છે. માટી સાથે ગાય-ભેંસનું છાણ અને પાણીનું મિશ્રણ કરીને તેને ત્રણ-ચાર દિવસ પલાળી રાખવામાં આવે છે. ત્યારબાદ હળવા હાથે નેસની દિવાલ પર મનમાં જેવી ભાત સ્ફૂરે તેવી આકૃતિઓ પાડે છે. નેસડાની દિવાલો ઉપરાંત ભોયંતળિયે પણ ગાર કરવામાં આવે છે તેમાં પણ હાથની કળા દ્વારા વિવિધ ભાત રચાતી જાય છે. આવી ભાત મોટે ભાગે એકસરખી જ આલેખાતી જોવા મળે છે. માલધારીના નેસડાની દિવાલો પર આલેખાયેલા ચિત્રોનો રંગ ભપકાદાર હોય છે. ઘરમાં રહેલી પેઢલી, ડામચિયો, ઘંટીના થાળા, પાણિયારા પર લીંપણકળાનું મૂળ સૌંદર્ય રમતું જોવા મળે છે. માલધારીઓ અનાજ ભરવા માટે છાણ-માટીની બનાવેલી કોઠીનો ઉપયોગ કરે છે. આવી કોઠીઓ માલધારી નારીઓ ખૂબજ મહેનતથી તૈયાર કરે છે. છાણ, માટી અને ઘાસના મિશ્રણથી બનાવેલી કોઠીઓ માલધારી સ્ત્રીઓની બેનમૂન કળાનો ઉત્તમ નમૂનો કહી શકાય. કોઠી, તથા ઘરમાં રહેલી લાકડાની પેટી કે લોખંડના કબાટ પર માલધારી સ્ત્રીઓ રંગબેરંગી ચિત્રો ઉપસાવે છે. માલધારી સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત પણ કુદરતી સૌંદર્યના ચિત્રો આબેહૂબ ઉપસાવે છે. લીપંણકળા તેમજ આળેખ જેવી કૃતિઓ લગ્નપ્રસંગે કે જન્માષ્ટમી કે હોળી દિવાળી જેવા સામાજિક કે ધાર્મિક તહેવાર પ્રસંગે તથા અમુક જગ્યાએ કાયમી ધોરણે ચિત્રાંકન થયેલું જોવા મળે છે. આવા કલાત્મક આલેખનો સ્ત્રીવર્ગ જ રચે છે. મા, પત્ની, બહેન, પુત્રી વગેરેની પરંપરાગત પ્રણાલિકા ને આલેખતી તાલીમ વારસામાં મળે છે. તેસાથે તેમા વ્યકિતગત મૌલિકતા પણ ભળતી હોય છે. આમ માલધારીઓની આળેખકળા ખૂબજ આકર્ષક જોવા મળે છે.

### માલધારી સ્ત્રીનો આગવો શણગાર છૂંદણાં :-

લોકજીવનને વારસમાં જે સૌંદર્યલક્ષી સંસ્કાર મળ્યા છે તેમાં છૂંદણાના કલાસંસ્કારનો સમાવેશ થાય છે. છૂંદણા પડાવવા એને માલધારી સ્ત્રીઓ 'ત્રાજવા પડાવવા' એમ કહે છે. આહીર, ભરવાડ, રબારી, ચારણ, કોળી, મેર, કારડિયા, ચમાર, સ્ત્રી-પરૂષો હાથે, પગે, મોઢે, રૂડારૂપાળા છૂંદણાં પડાવે છે. માલધારી સ્ત્રીઓ પગની પાનીથી માંડીને ઢીચંણ સુધી, હાથની આંગળિયુંથી માંડી કોણી સુધી અને ડોકથી લઈને મોં અને કપાળ સુધી છૂંદણા પડાવે છે. આવા છૂંદણામાં ગોપસંસ્કૃતિના પ્રતીકો જોવા મળે છે. ગાય, સિંહ, મોર, સાથિયો, શ્રીકૃષ્ણ, વાંસળી જેવા પ્રતીકો સ્ત્રીઓમાં જોવા મળે છે. ધાર્મિકવૃત્તિના માલધારી પુરૂષોના હાથે હનુમાન, શ્રીકૃષ્ણ, લક્ષ્મીજી, અંબાજી, તલવાર, વાંસળી, સીતા-રામ, સૂર્ય,

માતાજીનું નામ વગેરે ચિત્રો ઉપસાવે છે. માલધારીઓમાં એવી માન્યતા છે કે જેને હાથે-પગે છૂંદણા પડાવેલા હોય તેને ઝેરી જનાવર કરડતા નથી. તેમજ તેમના ઘરે અખંડ દૂઝાણું રહે છે. નવી-પેઢીમાં છૂંદણાનું પ્રમાણ ઓછું થતું જાય છે.

### કેશગૂંફન કલા :-

ગીરના જંગલમાં વસતી માલધારી સ્ત્રીઓ માથામાં ઘી નાખી પાંથી પાડીને વાળ ઓળે છે. સૌભાગ્યવતી નારીઓ સેંથો પાડીને પાંથી પાડે છે. જયારે નાની-નાની ગોપબાળાઓ મીંડલા લઈને માથુ ઓળે છે. માથુ ઓળી વચ્ચે રૂપાળા પાન લે છે. વાળમાં ચાંદીની પીન કે બકલ નાખે છે. માલધારી સ્ત્રીઓ વાળની એવી સરસ માવજત કરે છે કે ઘડપણ આવતા સુધી વાળ સફેદ થતા નથી કે ખરતા નથી. માથામાં નાખવા માટે દેશી વનસ્પતિઓનું ધૂપણું નાખીને ભઠ્ઠીમાં ધૂપેલ પાડે છે. દીકરી સાસરે જાય ત્યારે માતા હોશભેર ધૂપેલની કૂંપલી સાથે જ આપે છે.

### ઘડકી :-

માલધારી સ્ત્રીઓ બપોર પછીના નવરાશના સમયે જૂના વસ્ત્રોના ટૂકડા કરી તેને વ્યવસ્થિત ગોઠવીને ઘડકી બનાવે છે. આવી ઘડકી ગુલાબી, લાલ, લીલા રંગની જોવા મળે છે. ઘડકીમાં અંદરના ભાગે રૂ અને જૂના વસ્ત્રોના ટૂકડાનો ઉપયોગ થાય છે. ઘડકીમાં વિવિધ રંગના દોરાથી ભરતકામ કરવામાં આવે છે. ઘડકીની વચ્ચે મનપસંદ દોરાથી ભાત ઉપસાવે છે. બન્ને સામે-સામે ઉભેલા મોરનું દશ્ય, વેલ, પોપટ, ગણેશની આકૃતિઓ દોરાથી ઉપસાવવામાં માલધારી સ્ત્રીઓ માહેર છે. ઘડકીના ચારેય ખૂણામાં મનોહર ગૂંથણી કરવામાં આવે છે. લગ્ન સમયે માતા-પિતા તરફથી દીકરીને કરિયાવરમાં ઘડકી અચૂક અપાય છે. ઘડકી પરનું કલાત્મક ભરતકામ એ માલધારી સ્ત્રીની સર્જનાત્મક શકિતના દર્શન કરાવે છે. હાલમાં બજારમાં ઘડકીનું વેચાણ થાય છે. પણ માલધારી સ્ત્રીઓ જાતે બનાવેલ ઘડકીનો જ ઉપયોગ કરે છે. અને માત્રને માત્ર પોતાના માટેજ બનાવે છે. વેચાણ કરીને પૈસા કમાવવા બનાવતી નથી. તેથી જ તેની કલા સચવાઈ રહી હોય તેવું લાગે છે. માલધારીઓ ઘેટાં-બકરાની ઊન વર્ષમાં બે વાર ઉતારે છે. આ ઊનમાંથી માલધારી પુરૂષો ગૃહવપરાશની વસ્તુઓ બનાવે છે. ઊનનો ધાબળો, ધાબળી જાતે જ ગૂંથે છે. ખાટલાનું વાણ બનાવે છે. કૂવામાંથી પાણી ખેંચવાના સિંચણીયા, તેમજ ગાય દોડવાના શેળાયા વગેરે પણ ઊનમાંથી માલધારીઓ બનાવે છે.

'લોકજીવન' જેટલું વ્યાપક અને વિશાળ છે એટલું લોકકળાનું ફલક વ્યાપક અને વિશાળ છે. લોકજીવનની સૌંદર્યભાવના કાળે-કાળે સ્થળે અને પ્રદેશે-પ્રદેશે બદલાતી રહી છે. સ્થળકાળની વિવિધ તેમ એના સ્વરૂપોમાં પણ અપાર વૈવિધ્ય જોવા મળે છે. માનવીના શુષ્ક અને એકધારા પરિશ્રમભર્યા જીવનમાં વિવિધતા લાવવા નિજાનંદ કે કુટુંબના આનંદ અર્થે સર્જાયેલી લોકકળા, લોકજીવને સૌંદર્યની સંપ્રાપ્તિ અને આનંદની અનુભૂતિ કરાવી એને તાજગીથી ભર્યુંભર્યુ રાખે છે. ધરતીનું ધાવણ ધાવીને

ઉછરેલા માનવીએ પ્રકૃતિના ઋતુચક્રને નાથવાને બદલે એનાથી હરહંમેશ પ્રભાવિત થતા રહે છે. નિર્સગના રસ, રંગ, રૂપોનો અનુભવ લેતા-લેતા પ્રકૃતિ સાથે સંવાદ જાળવીને આ અદભૂત કથાસૃષ્ટિનું સર્જન કર્યુ છે. તેથી લોકકળાઓની કૃતિઓમાં સરળતા અને નિરાડબરપણું દ્રષ્ટિગોચર થાય છે. આ કળામાં બ્રાહ્ય દેખાવ કે દમામ કરતા ઉપયોગિતાના તત્ત્વને ઉચું સ્થાન અપાયેલું જોવા મળે છે. લોકકળામાં મૌલિકતત્વ, રંગ, આયોજન, કૌશલ્ય અને પ્રતીકરચનાઓની બળકટતા અને સૌંદર્ય નીતરતી સાદગીથી સાથોસાથ લોકહૈયાના ઊર્મિ ધબકાર અને ઊંડી સૂઝ સમજતી કલાત્મક અભિવ્યકિત પણ સાંપડી છે. તેથી જ તેમા રંગ, રૂપ સૌંદર્ય લોકહૈયાની ઊંડી અંતઃસ્ફૂરણાને સંતોષે છે.''[૨૫]

## ગીરના માલધારીઓનું લોકસાહિત્ય :-

લોકસાહિત્ય એ લોકવાણીનું સાહિત્ય. લોકસાહિત્યતો ધરતીના કણેકણમાં પથરાયેલું હોય છે. પરંતુ તેને પારખનારા ભાગ્યેજ સાચા ઝવેરી સાંપડે છે. આ લોકસૃષ્ટિનું લોકસાહિત્ય રસ્તે રઝળતું નથી હોતું. એતો ખૂણે ખાંચરે લખાયેલું, છૂપાયેલું હોય છે. તેની ખોજ કરનારે ભેખધારી બનીને રખડવું, રઝળવું પડે છે. લોકોના સુખ-દુઃખના ભાગીદાર બનવું પડે છે. જેમ લોક સંસ્કૃતિને જાણ્યા વિના, સમજયા વિના તેમા ડૂબ્યા વિના લોકસાહિત્ય મેળવી શકાતું નથી. તેમ લોકજીવનમાં ઓતપ્રોત થયા વિના લોકસાહિત્ય સમજી શકાતું નથી.

'લોકસાહિત્ય લોકવિદ્યાના વિશાળ વટવૃક્ષની એક શાખા છે એ રીતે લોકસાહિત્ય લોકવિદ્યાનું જ એક અંગ છે. લોકસાહિત્યમાં 'લોક' અને 'સાહિત્ય' એ બે શબ્દોનો યોગ થયેલો છે. આ શબ્દો પરથી એવો અર્થ મેળવી શકાય કે લોકસાહિત્ય એટલે લોકોનું સાહિત્ય એ દ્રષ્ટિએ લોકસાહિત્યની વ્યાખ્યા લોકશાહીની વ્યાખ્યાને મેળવી આપે એવું ગણાવી શકાય. લોકસાહિત્ય એટલે લોકોનું, લોકો માટે અને લોકો દ્વારા રચાયેલું સાહિત્ય અર્થાત્ 'of the people, For the people and by the people' એમ કહી શકાય. લોકસાહિત્યના કેન્દ્રમાં આપણે ત્યાં લોક, પરલોક, ત્રિલોક આ બધામાં લોક શબ્દ જોવા મળે છે. પણ 'લોક' એટલે સમગ્ર પ્રજા તમામ જનસમૂહ કે માનવજીવન એવો એનો વ્યાપક અર્થ નહીં પણ અશિક્ષિત, નિરક્ષર, અબુધ પ્રજાએ લોકો માટે અને એમના દ્વારા કહેવાતું તે લોકસાહિત્ય.[૨૬] ગીરના માલધારીઓ જ પોતાની આગવી અને વિશિષ્ટ શૈલીમાં પોતાનું લોકસાહિત્ય ધરાવે છે. એટલુંજ નહીં પણ રજૂ પણ કરે છે. લોકસાહિત્યની વ્યાખ્યા આપતા કવિ દુલાભાઈ કાગ કહે છે કે 'લોકસાહિત્યનીગંગા એ માણસે બાંધેલી નહેર નથી કે સીધી નહેરમાં એકધારી કેદીની માફક ચાલી જાય. આતો હેમાળાના ખોખરા તોડીને પોતાના અથાગ પરાક્રમથી વહેતી ગંગા છે. કયાંક નાગણી જેવા વળાંક લે છે તો કયાંય તાણેલી કમાન માફક લાશ્ય નૃત્ય કરતી દેખાય છે. તો કોઈક ઠેકાણે કાળા ખડક પરથી હડ્ડુડ્ કરતી માથા પછાડતી શરીરને પછાડી મૂકે છે. તો કયાંય નાના બાળકની જેમ ખળખળ બોલીને મંદગતિએ ચાલી જાય છે.'[૨૭]

ગીર વિસ્તારના માલધારીઓ પાસેથી હાલમાં લોકગીતો, હાલંરડાં, રાસ, રાસડા, સંતવાણી, મરશિયા, લગ્નગીતો, લોકકથાઓ, કહેવતો, ઉખાણા મળે છે. ગીરનું લોકસાહિત્ય અલ્પ પ્રમાણમં ઉપલબ્ધ છે. કારણ કે અહીં શિક્ષણનું પ્રમાણ ઓછું છે.? તેમના લોકસાહિત્યને ક્રમશઃ જોઈએ.

**હાલરડાં :-**

માલધારી લોકનારી પોતાના બાળકને સુવડાવતી વેળાએ જે ગીત ગાય છે તેને હાલરડું કહે છે. બાળક જયાં સુધી ઊઘીં ન જાય ત્યાં સુધી માતા હાલરડું ગાયા જ કરે છે. હાલરડાનો લય બાળકને નિંદ્રા પ્રેરે છે. હાલરડાંમાં પરીઓ, કુટુંબીજનો, દેવ-દેવીઓ આવતા હોય છે. ઉચ્ચ આદર્શવાળા હાલરડાં બાળકોમાં સંસ્કારનું સિંચન કરે છે. જગતભરના લોકસાહિત્યમાં હાલરડાંના સ્વરૂપમાં ઘણું સામ્ય જોવા મળે છે. યુરોપના હાલરડામાં કૃષ્ણુનું શૈશવ છૂટથી નિરૂપાયું છે.નીરોગી તરવરાટવાળું બાલ્ય તે કૃષ્ણ સ્વરૂપ જ છે તેમ માનીને જ ગીતો ગવાયા છે. હાલરડાંમાં પણ આપણને પ્રદેશભેદ, બોલીભેદ, જ્ઞાતિભેદ જોવા મળે છે. તો આપણે ગીરના માલધારી જ્ઞાતિમાં જે પ્રકારના હાલરડાં ગાવામાં આવે છે.તેના ઉદાહરણ જોઈએ.

(૧) હાલરડે હીરની દોરી
મારા જાગાને નીંદર આવે ઓરી
આડવાડને આંસી, ને ભોજાની માસીને
લઈ ગયા ઘોઘાના ઘાંસી
દીકરો મારો લાડકવાયો
દેવનો દીધેલ છે
વાયરા જરા ધીમા વાજો
નિંદમાં પોઢેલ છે.

**લોકગીતો :-**

ગીરના માલધારીઓ નવલી નવરાત્રિમાં લોકગીતોની રમઝટ બોલાવે છે.નવરાત્રિમાં નેસડાનાં ચોકમાં માતાજીની ગરબી મૂકાય છે. ચોકમાં માતાજીની માંડવી બાંધવામાં આવે છે. તેમા રંગબેરંગી કાગળિયાથી શણગારવામાં આવે છે. શરૂઆતમાં માતાજીની આરતી ગવાય છે. ત્યારબાદ લોકગીતો ગાવાની પરંપરા જળવાય રહી છે. 'લોકગીતોને સાહજિક અને સીધો સંબંધ સ્ત્રી અને સંસારજીવન સાથે છે. ગેય માધુર્ય એનો પ્રાણ છે અને ક્રિયા અને નૃત્યની એમા સંગત હોય છે. આથી લોકગીતના શબ્દો અને ગેય ઢાળમાં લયનું ચુસ્ત અને સાહજિકરૂપ બંધાયેલું જોવા મળે છે. એક-એક શબ્દ એમા વપરાય ઘડાઈને તૈયાર થતાં હોય છે.'[૨૮]

(૧) ગોકુળ મેલીને મથુરામાં શું મોયા
ગોપીયું જુએ છે તારી વાટ ગોવાળિયા.
ઉતારા દેશું ઓરડા ગોવાળિયા
દેશું મેડીના મોલ ગોવાળિયા.....
ગોકુળ મેલીને મથુરામાં શું મોયા.
દાતણ દેશું દાડમી ગોવાળિયા
દેશું કરેણી કામ કાઠોડા
ગોકુળ મેલીને મથુરામાં શું મોયા.
નાવણ દેશું કુંડિયું ગોવાળિયા
દેશું નદીનાં નીર કાઠીડા
ગોકુળ મેલીને મથુરામાં શું મોયા.

(૨) ઓત્તર દખણથી ચડી વાદળી રે લોલ
ઝરમરિયા વરસે ઝીણા મેઘ રાજ
જોરૂભા જેવો તો રાજા ન મળે રે લોલ.
રાણીયું રૂવે છે રંગ મહેલમાં રે લોલ
દાસીયું રૂવે છે બારેમાસ રાજ... જોરૂભા જેવો તો......
પોપટ રૂવે છે પોપટ પાંજરે રે લોલ,
મેના રોવે છે બારેમાસ રાજ... જોરૂભા જેવો તો....
ઘોડા રૂવે છે ઘોડા હાણમાં રે લોલ
અસવાર રૂવે છે બારેમાસ રાજ... જોરૂભા જેવો તો....
ખેડૂ રૂવે છે ખેતર વાડીએ રે લોલ.
વાણિયા રૂવે છે બારેમાસ રાજ.... જોરૂભા જેવો તો....
ગાયુ રૂવે છે ગામ ગોદરે લોલ,
ગોવાળ રૂવે છે બારેમાસ રાજ.... જોરૂભા જેવો તો....

**નવરાત્રિમાં દાંડિયારાસ સાથે ગવાતા લોકગીતો.**

વા વાયાને વાદળ ઉમટયા
ગોકુળમાં ટહુકયા મોર, મળવા આવો
સુંદર વર શામળિયા.
તમે રમવા તો ના આવો શા માટે
નહીં આવો તો નંદજીની આણ, મળવા આવો...
તમે ગોકુળમાં ગૌધન ચારંતા
તમે છોરે સદાના ચોર... મળવા આવો...

વા વાયાને વાદળ ઉમટયા
તમે કાળી તે કામળી ઓંઢતા
તમે ભરવાડના ભાણેજ મળવા આવો...
તમે વ્રજમાં તે વાંસળી વાંજતા
તમે ગોપીઓના ચિતના ચોર... મળવા આવો...
વા વાયાને વાદળ ઉમટયા.

ઉપરોકત કૃષ્ણભકિતના ગીતમાં માલધારી સ્ત્રીના હૃદયની અભિવ્યકિત થાય છે. તે શ્રીકૃષ્ણને પોતાની સાથે રાસ રમવા બોલાવે છે. અને ન આવે તો નંદની આણ છે. તેમજ તમે ભરવાડના ભાણેજ પણ છો. આમ અનેક પ્રકારની ગોપીઓની કૃષ્ણભકિતના દર્શન થાય છે.

કાનુડે કવરાવ્યા ગોકુળિયામાં, કાનુડે કવરાવ્યા...
સૂતેલા બાળ મારે વાલે જગાડયા.
રે રમતાને રોવરાવ્યા ગોકુળિયામાં...
સીકેથી માટ મારે વાલે ઉતારિયા
એ ખાધા થોડાને ખવડાવ્યા... ગોકુળિયામાં...
ખીલેથી વાછરું વાલાજીએ છોડયા.
એ અણ ધાવ્યાને ધવરાવ્યા.. ગોકુળિયામાં...

**નદીની વિશેષતા દર્શાવતું લોકગીત.**

ડુંગરથી દડતી ઘાટ ઘટુકતી પડતી પડતી આખડતી
હો ગાવેગું ચડતી જરા ન ડરતી-હરતી ફરતી મઘજરતી
દીને દઈ તાળી જાતાભાળી લાકડીપાળી લટકાળી
હીરણ હલકાળી જોબનવાળી નદી રૂપાળી નખરાળી.

**રાંદલના ગીતો :-**

રાંદલના ગીતો પાછળ પણ લોકોનો ખ્યાલ પડેલો છે. લોકોની માન્યતા પડેલી છે. રાંદલના ગીતોમાં મંહદઅંશે પુત્રપ્રાપ્તિ માટેની સ્તુતિ હોય છે. લગ્ન પછીથી ઘણી જ્ઞાતિઓમાં રાંદલ તેડવાનો રિવાજ છે. આમ રાંદલતેડતી વખતે ગવાતા આ ગીતો આપણા લોકગીતોનો એક પ્રકાર છે. ! ગીતોએ આપણી કુળ પરંપરાથી ગૃહસ્થ જીવનમાં વણાઈ ગયા છે. કારણ કે આ બધા ગીતો દ્વારા કુળની વૃધ્ધિ કરનારી અથવા વંશવેલો વધારનારી રાંદલ માતાનું પૂજન આરાધના પ્રતિ સ્થાપન લોકોએ કરેલું છે. લગ્ન પછી પણ તેમની પૂજા, પધરામણી, સ્થાપના અને તેની પ્રસાદની વિધિ કે ગોરણોની વિધિ કે કુંવારી કન્યાને પ્રસાદ લેવાનો અને રાંદલના લોટો તેડવાની વિધિએ ભારતીય સમાજમાં મહત્ત્વનો પ્રસંગ છે. તે વિશે પ્રભાશંકર તૈરેયા નોધે છે.તેમ ‘રાંદેલ એ સૂર્યની પત્ની છે અને સંતતી દેનારી છે.રાંદલ માતા

વાંઝિયા-મેણું ભાંગનારી છે. આપણા મધ્યયુગમાં પુરૂષને માટે 'નુગરો'થી વિશેષ આકરી એવી કોઈ ગાળ ન હતી. તેમ સ્ત્રી માટે વાંઝણીથી વિશેષ કાંઈ માનહાની ન હતી. રાંદલમાતાના ગીતો માત્ર સ્ત્રીઓ જ ગાય છે.'[૨૯] ગીરનાં માલધારીઓ લગ્ન તેમજ પહેલા અને છેલ્લા દીકરાએ રાંદલ તેડાવે છે. અને રાંદલ માનો ઘોડો ખૂંદે છે.

દડવેથી રાણી રાંદલ દડવડયા,
ઊતર્યા છે વડલા હેઠે, રન્નાદે,
અખંડ એવાતણ વહુનો ચૂડલો રે,
અખંડ વીરાજીને મોળ્ય રન્નાદે !

## ઉત્સવ મેળાના ગીતો :-

''ગીરના માલધારીઓ ઉત્સવપ્રિય છે. તેઓ ઋતુપ્રમાણે અનેક ઉત્સવો ઉજવતા હોય છે. આ લોકોત્સવનું સાંસ્કૃતિક મહત્ત્વ છે. ગીરના માલધારીઓમાં જન્માષ્ટમી, હોળી, ધુળેટી, નવરાત્રિ, અષાઢીબીજ જેવા તહેવારોનું ખૂબજ મહત્ત્વ રહેલું છે. જીવનમાં થાક ઉતારવા માટે મનોરંજનાર્થે સ્ત્રી-પુરુષો મેળામાં જાય છે.''

''હાલો હાલો રે જઈએ, લાખાભાઈ મેળે રે
ઉજાળો ઉજાળો સાંઢળીઓ રે જઈએ મેળે રે.''

ગીર વિસ્તારમાં જસાધારથી ધોડાવડી જતા રસ્તામાં સોનબાઈનું મંદિર આવેલું છે. ત્યાં નવરાત્રિમાં આસપાસના નેસના લોકો હવન કરે છે. આ ઉપરાંત કનકાઈ, બાણેજ, દ્રોણેશ્વર, તુલસીશ્યામ વગેરે સ્થળોએ વર્ષમાં એકવાર મેળો ભરાય છે.

અમારે જાવું સોનલમાને નમવા
નમવા જાવું રે નેણલે નીંદરડી રે,
મેલો મેલો રધાભાઈ દાદા સેડલો અમારો
અમારે જાવું સોનલમાંને નમવા.

## રાસ અને રાસડા :-

રાસ અને રાસડાં મોટે ભાગે લોકસાહિત્યના પ્રસંગે ગવાય છે. હોળી તેમજ નવરાત્રિ જેવા ઉત્સવોમાં રાસ રાસઢા માલધારી રમતા હોય છે. રાસ બહુધા પુરૂષવર્ગમાં ગવાય છે. અને રાસડાઓ સ્ત્રીઓ ગાય છે. રાસ-રાસડા લોકસાહિત્યના અન્ય પ્રકારથી સહેજ વિશિષ્ટ છે. કારણ કે રાસ-રાસઢામાં

ગીતની સાથે નૃત્ય પણ ભળે છે. રાસ શબ્દની ઓળખ આપતાં શ્રી ખોડિદાસ પરમાર નોંધે છે. 'દેશ જ શબ્દ રંજ કે રજ્ઞ્ઙ ઉપરથી 'રાસડો' શબ્દ પ્રયોજાયો હોય એવું અનુમાન થઈ શકે. દશ્ય શબ્દ ઉપરથી સંસ્કૃતનાં રાસ, રાસા કે રાસક થયો હશે. સૌરાષ્ટ્રમાં એકાદ હજાર વરસથી ગવાતો 'રાસડો' દેશ જ સ્ત્રીઓનો પ્રિય ગાનનૃત્ય પ્રકાર છે.'

(૧) હા હારે ઘડુલિયો ચડાવ રે ગીરધારી
એ વાટ જુએ છે મા મોરી કે બેડલું
ચડાવ રે ગીરધારી,
તારા માથાનો અંબોડે રે ગીરધારી.

(૨) આશા ભર્યાને અમે આવિયા ને
મારે વાલે રમાડયા રાસ રે,
આવેલ આશા ભર્યા.
શરદપૂનમની રાતડીને કાંઈ
ચાંદો ચડયો આકાશ રે... આવેલ આશા ભર્યા.

**સંતવાણી- ભજન :-**

ગીરના માલધારીઓ દિવસ દરમ્યાન ડુંગરમાં પોતાના માલ-ઢોરને ચરાવવા જાય છે. વનવગડામાં ભજન, દુહા, લલકારે છે. સાંજે ઘરે આવ્યા પછી વાળુ પાણી કરીને પોતાના ઘરના આંગણમાં કે નેસમાં એક ચોકમાં બધા નેસવાસીઓ ભેગા થઈને નરસિંહ મહેતા, મીરાંબાઈ, ગંગાસતી વગેરેના ભજન કીર્તન ગાય છે. આખાય દિવસનો થાક આ રીતે ભજન-કીર્તન-દુહા ગાઈને ઉતારે છે. આવા ભજનોમાં પોતાના પૂર્વજોનું સ્મરણ તથા કોઈ દેવ-દેવની વાત પણ આવતી હોય છે.''[૩૧]

(૧) આજ મારી મેના રે બોલે રે ગઢને કાંગરે... કાંગરે
કાયાના ખોટા રે ભરોસા દેહના ખોટા નવ દિલાસા
મારી મેના રે બોલે રે ગઢને કાંગરે.. કાંગરે
આજ મારી....
એવા શિવુ રે સમદરિયામાં નિપજે-નિપજે (૨)
મોતીડા છે રે શિયલાની માઈ (૨)
આજ મારી મેના રે બોલે ગઢને કાંગરે કાંગરે.

(૨) અંગૂઠો મરડીને હો પિયુને જગાડયા
ગોરી કહે તને છેને આવે ઊંઘ
આડુ જાઈ અવળું રે જાઈ નણદલ અંગૂઠો મરડીને રે....(૨)

**મરશિયા :-**

મૃત્યુના પ્રસંગે ગવાતા ગીતોમાં પોતાના સ્વજનોનું સ્મરણ કરીને તેનું ગાન કરવામાં આવે છે. પોતાના સ્વજનને સ્મશાન યાત્રાએ વિદાય કરતી વખતે આગણામાં ઉભા રહીને સ્ત્રીઓ છાતી કૂટતી-કૂટતી મરશિયા ઓ ગાય છે.વાતાવરણમાં કરૂણતા જોવા મળે છે. ગીરના માલધારી સમાજમાં કોઈ વ્યકિતના મૃત્યુ પ્રસંગે વિદાય કરતી વખતે આંગણામાં વિધિ કરવામાં આવે છે. નાની ઉમંરની વ્યક્તિનું મૃત્યુ હોય તો શોક કરે રડે છે. પણ મોટી ઉમંરની વ્યક્તિનું મૃત્યુ થયું હોય તો તેની પાછળ ધૂન, ભજન, કીર્તન બોલે છે. અને કીર્તન દ્વારા મૃતક માણસની છબિ અંકિત કરે છે.

'' લાવો કંસનરાય કુસિયું મારે જોવા સરગના બાર
અભેમાન છોડી દેજો સંસાર
પેલો વિસામો ઘર વસમાં બીજો વિસામો ઉબંર બાર
ત્રીજો વિસામો ગામને ગોદરે
ચોથો વિસામો સ્મશાન
અભેમાન છોડી દેજો સંસાર''

**લગ્નગીતો :-**

ગીરના માલધારી સમાજમાં ગણેશ સ્થાપનાથી શરૂ કરીને કન્યાવિદાય સુધીના તમામ પ્રસંગોએ ભિન્ન-ભિન્ન લગ્નગીતો ગવાય છે. માલધારી સમાજમાં લગ્નપ્રસંગો શિયાળાની ઋતુ દરમ્યાન યોજાય છે. લગ્નતિથિથી લગભગ સાત-આઠ દિવસ અગાઉ બ્રાહ્મણ પાસે મુહૂર્ત જોઈ કન્યાપક્ષને ત્યાં લગ્ન લખવામાં આવે છે. ભારતીય સંસ્કૃતિમાં લગ્ન એટલે સોળમો સંસ્કાર લગ્ન અંગે ડો. સુચેતા ભાડલાવાળા કહે છે કે 'લગ્ન સંસ્કાર એ ભારતીય સમાજમાં સૌથી પ્રચલિત અને મહત્ત્વનો સંસ્કાર છે. જગતની શિષ્ટજાતિ, ગ્રામ્યજાતિ અને લોકજાતિ તેમજ સભ્ય અને અસભ્ય દરેક પ્રજામાં આ સંસ્કારનું મહત્ત્વ છે. ગીરના માલધારીના લગ્નપ્રસંગોમાં ખાસ વિશેષતા એ જોવા મળે છે કે તે વર્ષમાં એકજ વાર અને મહા મહિનામાં જ લગ્ન કરવાનો રિવાજ છે. લગ્નગીતો એ તો ધર્મવિધિ જેટલી કડકાઈથી સચવાયેલું પરંપરાગત અકબંધ એક સમાજચિત્ર છે. એક પાકો દસ્તાવેજ છે.'[૩૨] સમાજની પ્રત્યેક જ્ઞાતિ જાતિના રીતરિવાજ અલગ-અલગ હોય છે. દરેક જ્ઞાતિની લગ્નવિધિ આમ તો એક સરખી જોવા મળે છે. છતાં તેમાં કયાંક નાની-મોટી વિધિઓમાં તફાવત જોવા મળે છે. અહીં આપણે ગીરના માલધારીની લગ્નવિધિઓમાં ગવાતા લગ્નગીતોને ક્રમશઃ જોઈશું.

## ગણેશ સ્થાપના :-

કોઈપણ જ્ઞાતિમાં નાના-મોટા કાર્યની શરૂઆત કરતા વિઘ્નહર્તા ગણેશની પૂજા પ્રથમ થાય છે. ગણેશ વંદનાથી આરંભાયેલું શુભકાર્ય નિર્વિદને પાર પડે છે. માલધારી સમાજમાં માતાજીની સરજૂ કે ગીતો ગાવાનો રિવાજ છે.

પરથમ ગણેશ બેસાડો રે
મારા ગણેશ દુંદાળા !
ગણેશ દુંદાળાને મોટી ફાંદાળા
ગણેશજી! વરદાન દે જો રે!
મારા ગણેશ દુંદાળા.
કૃષ્ણની જાને રૂડા હાથીડા શણગારો
હાથીડે લાલ અંબાડી
મારા ગણેશ દુંદાળા.
કૃષ્ણની જાને રૂડા જાનૈયા શણગારો
જાનડીઓ લાલગુલાલ રે,
મારા ગણેશ દુંદાળા..!

## સાંજીના ગીતો :-

સાંજીના ગીતો લગ્ન લખ્યા પછી રાતના સમયે ગવાય તેને સાંજીના ગીત કહેવાય છે. ગીરના માલધારી સમાજમાં સાંજીના ગીતો આડોશ-પાડોશના નેસડામાંથી સાંજે પરિવાર સાથે વાળુ-પાણીને કરીને જેના ઘરે લગ્નપ્રસંગ હોય ત્યાં લોકો ભેગા મળીને ગીતો ગાય છે. સાંજીના ગીતો રાત્રે મોડે સુધી ગવાતા હોવાથી તેને સાંજીના ગીત કહેવાય છે. સાંજીના ગીતો પછી ચા, પાણી, સાકર, પતાસાની, વહેંચણી કરાય છે. ગીતો ગાવાં આમંત્રિત મહિલાઓ ઘરની અંદર બેસીને ગીતો ગાય છે. પુરૂષો ઓસરીમાં ચા, પાણી, બીંડી, સાફી અને હુકો ગગડાવતા અને પ્રસંગને અનુરૂપ વાતાવરણ જમાવતા હોય છે.

## સાંજીના ગીત

ઝાડે-ઝાડે પક્ષી જનાવર બોલે
વાઘાભાઈ નીંદરા કેમ આવે,
દાદા વેલાભાઈના રાજમાં
વાઘાભાઈ નીંદેરા કેમ આવે.
(આજ રીતે કાકા, મામા, માસા વગેરે ગાવું)

કોયલ બેઠી આંબલિયાની ડાળ
મોરલિયો ટહુકો વેવાયુને માંડવે..... માણારાજ
કોયલ માગે ટીંલડીની જોડ,
મોરલિયો માગે રે અળિયેલ લાડકી..... માણારાજ
કોયલ માગે નથડીની જોડ
મોરલિયો માગે રે કોયલનો કંઠ.... માણારાજ
કોયલ માગે કાંઠલીની જોડ
મોરિલયો માગે રે કોયલનો સંગ....માણારાજ
કોયલ બેઠી.......

## કંકોત્રી લખવાના ગીતો :-

ગીરના માલધારી સમાજમાં પરિવારના નજીકના સૌ સગા-સંબધી ભેગા થાય અને બ્રાહ્મણ પાસે લગ્ન લખાવે છે. કંકુવર્ણા અક્ષરથી લખાયેલ લગ્ન બ્રાહ્મણ દ્વારા વંચાય છે. એ પછી કંકોત્રી લખાય છે. પ્રથમ કંકોત્રી કુળદેવીને લખવામાં આવે છે. કંકોત્રી લખવાની સાંજે ઘરના આડોશી-પાડોશી અને સંગાસંબધી સૌ બહેનો સાથે બેસી લગ્નગીત ગાય છે.

કંકુ છાંટીને લખજો કંકોતરી,
ભેળા લખજો શુભ તેજાભાઈના નામ
અખંડ સૌભાગ્યવતી
વીરના દાદા આવિયાને માતા આવશે.
વીરના મોટાભાઈને હરખ ન માય
અખંડ સૌભાગ્યવતી

## મંડપમુર્હૂત :-

લગ્નના એક દિવસ અગાઉ વર-કન્યા બન્ને પક્ષને ત્યાં બ્રાહ્મણ શુભ મુર્હૂત જોઈને માણેકસ્તંભ રોપે છે. ગીરના માલધારી સમાજમાં પણ આ પરંપરા હજી ચાલી આવે છે. ગણેશની પૂજા કરવામાં આવે છે. વર-કન્યાને મીંઢોળ બાંધવામાં આવે છે. મંડપ બાંધવામાં આવે છે. મંડપમાં કે ઘરની બહાર ઓસરી પાસે ખાડો કરીને સોપારી, કંકુ, દહીં, ત્રાંબાનો પૈસો, શીમળો તેમજ પીપળાના વૃક્ષનો ટુકડો વગેરે મૂકવામાં આવે છે. મંડપમુર્હૂત વખતે ઘરની બહેનો અને લગ્નમાં પધારેલ સગાસંબંધી બહેનો ગીત ગાય છે. માંડવામાં બેઠેલા સ્ત્રી-પુરૂષો, બાળકો તમામને ચા, પાણી, ગોળ, ધાણા વહેંચવાનો રિવાજ છે. માણેકસ્તંભ નાખતી વખતે માલધારી લોકનારીઓ હળવા કંઠે નીચેનું ગીત શરૂ કરે છે.

માંડવે લીલી દાંડીને પીળી થાંભલી
માંડવે પરણે લાખાભાઈ વરરાજા
રોપાવો વીરની થાંભલી.
માંડવે દાદા આવિયા માડી આવશે
માંડવે મોટા બાનો હરખ ન નવ માય
રોપાવો વીરની થાંભલી.....
માંડવ કાકા આવિયાને કાકી આવશે
માંડવે ફઈબાને હરખ નવ માય
રોપાવો વીરની થાંભલી.....

### પીઠી ચોળવાના ગીતો :-

લગ્નના એક દિવસ પહેલા વર-કન્યાને શરીરે પીઠી ચોળવામાં આવે છે. ગીરના માલધારી સમાજમાં નહીં પરંતુ બધી જ જ્ઞાતિ, જાતિમાં આ રિવાજ સમાન જોવા મળે છે. વર-કન્યાને પાટલા ઉપર બેસાડી માલધારી સમાજમાં આખા શરીરે પીઠી ચોળવાનો રિવાજ છે. પીઠી ચોળવાથી વર-કન્યાના શરીર સૌષ્ઠવ અને સૌંદર્ય પ્રાપ્ત થાય છે. કન્યાને તેની ભાભી, કાકી, ફૂઈ વગેરે પીઠી લગાડે છે. જ્યારે વરને ભાભી, કાકી તથા હજામ પણ પીઠી ચોળે છે ત્યારે બહેનો સમૂહમાં ગીત ગાય છે.

પીઠી ચોળે પીઠી સોળે પટરાણી (૨)
પીઠી સોળે પીઠી સોળે વરની ભાભી
વરની ભાભીને હોળ ગજની સાડી
તોય ભાભીને ફાંદ રઈ ઉઘાડી
પીઠી સોળે પીઠી સોળે વરની ફૂઈ
વરની ફૂઈને હોળ ગજની સાડી
તોય ફૂઈની ફાંદ રઈ ઉઘાડી.

### વરઘોડાં- ફૂલેકાના ગીતો :-

'ગીરના માલધારીઓમાં લગ્નની આગળી સાંજે વર-ઘોડો, ફૂલેકુ કાઢવાનો રિવાજ છે. વરરાજાને ઘોડા પર કે ગાડીમાં બેસાડવામાં આવે છે. જાનૈયા ચાલતા જાય છે. વરઘોડાના રિવાજ પાછળ એક સામાજિક દષ્ટિ એ પણ છે કે ભારતીય સંસ્કૃતિમાં લગ્નવિધિ એ માત્ર બે વ્યકિત વચ્ચેનો ખાનગી કરાર નથી. પરંતુ બ્રહ્મણની સાક્ષીએ, આબાલવૃધ્ધની સાક્ષીએ, અગ્નિની સાક્ષીએ લગ્નપ્રસંગ યોજાય છે. વરઘોડામાં ઢોલ, શરણાઈ, બેન્ડબાજાના મધુર સૂરો વચ્ચે નીકળેલ વરઘોડાની આગળ પુરૂષ ચાલે છે અને પાછળ સ્ત્રીઓ મધુરગીતોની આગવી ઓળખ ઊભી કરે છે.'[૩૪]

સકન જોઈ ઘોડે ચડો રે વરરાજા
સકનમાં શું શું જોશે રે વરરાજા
સકનમાં દાદા જોશે રે વરરાજા
સકન જોઈ ઘોડે ચડોરે વરરાજા
સકનમાં શું શું જોશે રે વરરાજા
સકનમાં શ્રીફળ જોશે રે વરરાજા.

## જાન પ્રસ્થાનના ગીતો :-

ગીરના માલધારી સમાજમાં વરરાજાની જાન બળદગાડામાં જતી હતી. આજે તો મોટર, ટ્રક, ટેમ્પો જેવા વાહોનોમાં બેસીને જવાનું થાય છે. વર્ષો પહેલા વાહનોનું પ્રમાણ ઓછું હતું ત્યારે બળદગાડા, ઊટં, પાણીદાર ઘોડા વગેરેનો જાનમાં ઉપયોગ થતો. ગીરના માલધારીની જાન બહુ દૂરના સ્થળે જતી નથી, નજીકમાં જતી હોય છે. જાનની શરૂઆત પૈડું હીચંવાથી થાય છે. ત્યારે બહેનો ગીત ગાય છે.

(૧)

મોર તારે સોનાની ચાંચ
મોર તારે રૂપાની પાંખ
સોનાતી સાંચે રે મોરલો
મોતી ચરવા જાય.
મોર જાજે ઉગમણે દેશ, મોર જાજે આથમણે દેશ
મોર રે જાજા રે વેવાયુને માંડવડે રે લોલ.

(૨)

જેઠાભાઈની ઊંચી મેડીને
સોળસો જાળિયા.... માણારાજ
જાળિયે બેઠા જેઠાભાઈ
દાદાને વિનવે...... માણારાજ
દાદા વવારું ગોતો તો
ચતુર હિરલો..... માણારાજ

## સામૈયાનું ગીત :-

'ગામના પાદરમાં જાનનું આગમન થાય એટલે વેવાઈ પક્ષના લોકો સ્વાગતાર્થ સામે આવે છે. ઉતારાની વ્યવસ્થા હોય છે. ત્યાં સામૈયાની તૈયારીઓ થાય છે. તેમજ ઘોડા ઉપર વરરાજા સવાર થાય છે. વેવાઈ પક્ષમાંથી કન્યાની નાની બહેન ત્થા કોઈપણ કુંવારી કન્યા માથે સામૈયું લઈને આવે છે. સામૈયામાં વરપક્ષ તરફથી રૂપિયા મૂકવામાં આવે છે. ત્યારે કન્યાપક્ષ અને વરપક્ષની બહેનો ગીતોની રમઝટ બોલાવે છે. બાજુમાં ઢોલ-શરણાઈવાળા પણ જોર-જોરથી વગાડે છે.'

**કન્યાપક્ષ :-**

રથે ચડીને બેનના કંથરે આવિયા
મીંઢા નેસમાં થાય છે ધામધૂમ રે !
રૂડીબેનના કંથરે આવિયા.

**તો વળી વરપક્ષની બહેનો આવું ગીત ગાય છે.**

ફૂલકાં કરમાય છે.
વરરાજા શરમાય છે.
જલદી પોંખો જલદી પોંખો રે
મારા વીરને જલદી પોખોરે!

ગીરના માલધારી સમાજમાં લગ્નપ્રસંગ મોટેભાગે રાત્રિના સમયે યોજાતા. સમય બદલાતા હવે લગ્નપ્રસંગો દિવસના યોજાય છે. જાન માંડવે પહોંચે ત્યારબાદ જાનૈયાને જમાડવામાં આવે છે. વરરાજા તથા અણવરની જમવાની વ્યવસ્થા ઉતારે જ કરવામાં આવે છે.

## લગ્નવિધિનું ગીત :-

લગ્નવિધિનો પ્રારંભ થતાં બ્રાહ્મણ પરંપરિત શાસ્ત્રોકત વિધિથી વર-કન્યાના પાદ, હસ્તમેળાપ, વરમાળા, છેડા છેડી, ઢોલ, શરણાઈના સૂરો વચ્ચે મંગળ ગીતો ગવાય છે.

કોયલ બેઠી આંબલિયાની ડાળ
મારો મોરલિયો બેઠો રે ગઢને કાંગરે માણારાજ
હોંશિલા વીર તમે કોયલને ઉડાડો આપણા દેશ.
કોયલ માગે ચૂંદડીની જોડ
મારો મોરલિયા માગે રે લાખની લાડલી.... માણારાજ
કોયલ બેઠી....

માંડવામાં સામ-સામે માંડવિયા અને સાજનિયા બેસે છે. લગ્નવિધમાં સપ્તપદીના સાત ફેરા ફર્યા બાદ લગ્નવિધિ પૂર્ણ કરવામાં આવે છે. વર-કન્યા ફેરા ફરતા હોય ત્યારે વરપક્ષની બહેનો ગીત ગાય છે.

જેવા ભરી સભાના રાજા
એવા અમરાભાઈના દાદા રે..
અમરાભાઈ શુભ ચોઘડિયે ફેરા ફરજો.
જેવા ભરી સભાના રાજા
એવા અમરાભાઈના કાકા રે....
અમરાભાઈ શુભ ચોઘડિયો ફેરા ફરજો....

**ફટાણા :-**

લગ્નવિધિ પૂર્ણ થયા બાદ વર-પક્ષની બહેનો માંડવા પક્ષની મજાક, મશ્કરી કરતા ફટાણા ગાય છે.

વેવાઈ તારો માંડવડો સંભાળ
રમતિયો રાણો રમી વર્યા
રમ્યો પોર બે પોર
ટોડા મોર અમીજીતા
જીતા એના વગડાવો ભંગી ઢોલ
ટોડા મોર તમી હાર્યા
હાર્યા એના વગડાવો ઠાલા ઢોલ
ટોડા મોર અમી જીતા.

**કન્યાપક્ષની બહેનો પણ વરપક્ષની મજાક કરવાનું છોડતી નથી. તે પણ ગીત દ્વારા જ ઉત્તર આપી દે છે.**

રેલગાડી આવી મુંબઈનો માલ લાવી
જુઓની મારી બહેની આ રેલગાડી આવી.
રેલમાં ભર્યા ચોખા, જાનૈયા બધા બોખા
જુઓની મારી બહેની આ રેલગાડી આવી
રેલમાં ભર્યા રીંગણા, જાનૈયા બધા ઠીંગણા
જુઓની મારી બહેની આ રેલગાડી આવી.

## કન્યાવિદાયનું ગીત :-

લગ્નવિધિમાં સૌથી વસમી ક્ષણ કન્યાવિદાયની છે. માલધારી સમાજમાં દીકરીને વળાવતી વખતે પરિવારના સભ્યો તથા સગાંસંબધીઓની આંખમાં દડ દડ આંસુ ટપકે છે. કાળજાના કટકા જેવી લાડકી દીકરીને વળાવતી વખતે ગમે તેવા પથ્થર દિલનો માનવીપણ પીગળી જાય છે. આ દશ્ય ખરેખર દુ:ખદ છે. પણ કન્યાપક્ષની બહેનો બેનને વિદાય વખતે રડતી-રડતી પણ વિદાયગીત બોલે છે.

આવજો બેની આવજો કાગળ પત્ર લખજો
ભૂલીન જાજો અમને.
દાદાને સંભારજો માતાને સંભારજો
ભૂલીન જાજો અમને.....
(આ રીતે કાકા, કાકી, મામા, મામી વગેરે સંબોધીને બોલે છે.)

## લોકકથા :-

લોકકથા માનવજાતનું અતિ પ્રાચીન અને વ્યાપક લોકપ્રિયતા ધરાવનાર લોકસાહિત્યનું સૌથી વધારે શકિતશાળી સ્વરૂપ છે. જે માનવની વચ્ચે જીવે છે. આથી માનવસંસ્કૃતિએ જયારે-જયારે પરિવર્તન અને વળાંક સ્વીકાર્યા ત્યારે લોકકથાએ પરિવર્તન અને વળાંકને ગ્રહણ કર્યા છે.માનવ, સમાજ અને સંસ્કૃતિ અને ભાષા સાથે કદમ મિલાવતી આપણી વચ્ચે એ આવી છે. એ પ્રાચીન છે એટલે પ્રાચીન સમયની કે દૂરની નથી. એટલે જ લોકકથા એ લોકસાહિત્યનું નિત્યજીવન સાહિત્ય સ્વરૂપ છે. લોકકથાના ગ્રામપરિવેશમાં અઢારે વરણના માનવીઓ, પાત્રો સ્થાન પામે છે. લોકકથા, લોકવાર્તા એ કંઠસ્થ સ્વરૂપનું લોકપ્રિય ગદ્યસ્વરૂપ છે. તેમાં સમકાલીન કે નજીકના ભૂતકાળના ગ્રામજીવન, લોકજીવનની વિવિધ બાજુઓની સૌથી સરળ અને તળપદી બોલીમાં અતિ સંક્ષેપમાં છતા સચોટતાપૂર્વક નિરૂપણ છે. તે આબાલવૃધ્ધ સૌના હૃદયને સ્પર્શી જાય તેવી હોય. લોકકથા મુખ્યત્વે કહેવા સાંભળવા માટેની જ કથા છે. એટલે વ્યકિતએ વ્યકિતએ, સમયે-સમયે અને સમાજે-સમાજે એ આગવા રૂપો ધારણ કરે છે.

'લોકકથામાં મુખ્યત્વે ભૂતકાળમાં થઈ ગયેલા શૂરવીરો, સાહિસિક, પરોપકારી, સ્વાપર્ણ, પ્રેમી, સંતો તેમજ સમાજના નીચલાસ્તરના પરંતુ ગુણે મુઠી ઉચેરા માનવીઓની કથા રજૂ થાય છે. દુહાબધ્ધ પ્રેમકથાઓએ લોકકથાનો જ એક ભાગ છે. પરંતુ તે ગદ્ય-પદ્ય મિશ્રરૂપ હોય છે. કથાનો વર્ણનાત્મક અંશ ગદ્યમાં હોય છે. પરંતુ સંવેદનાત્મક પરિસ્થિતિઓ અને પાત્રોના ઉત્કટ મનોભાવની અભિવ્યકિત પદ્યમાં દુહા કે સોરઠાઓના માધ્યમથી થાય છે. પરસ્પરને ખૂબ ચાહવા છતાં જ્ઞાતિ કે વર્ગભેદના કારણે પતિ-પત્ની ન બની શકતા, વિરહમાં તડપતા ઝૂરતા અને મૃત પ્રિયજન પાછળ પ્રાણ અર્પતા ગ્રામ્ય પ્રેમીજનોની મનોવેદના પ્રેમકથાઓમાં સ્થાન પામે છે. આંતરબાહ્ય સંઘર્ષ, યુવાન, મુગ્ધ, સંવેદનશીલ હૃદયનો અન્યોન્ય માટેનો તલસાટ વિષમસ્થિતિ અને કરૂણ મનોદશાને વેધક રીતે અભિવ્યકિત અર્પતી આ મર્મસ્પર્શી કથાઓ લોકપ્રિય નિવડી છે.'[૩૫]

ગીરના માલધારીઓની કેટલીક લોકકથાઓ રસપ્રદ છે. ઝવેરચંદ મેઘાણીએ સૌરાષ્ટ્રની રસધારમાં તેના ગુણગાયા છે તેનો વિગતે અભ્યાસ જોઈશું.

## ભેંસોના દૂધ :-

ડુંગરા અને વનરાઈ વચ્ચે જયાં જુગોજુગથી વિવાહ વર્તે છે. એવી સોરઠ દેશની સોહામણી ગીરના તો સોણાય મીઠાં લાગે છે. ઉનાળાનાં દિવસોમાં ગીરની ખરી ખૂબી જણાતી નથી. પણ એક-બે સારા વરસાદ થઈ ગયા પછી વનરાઈ લીલવણી ઓઢણે ઝકૂંબતી હોય, લીલાંછમ ખડ છાતીપૂર ઊભાં હોય, દરેક નદીઝરણું આનંદમાં ખળખળાટ કરી રહ્યું હોય તે સમયની ગીર જોઈ હોય તેનાથી એ જીવતા સુધી ભુલાય તેમ નથી. ગીરની મધ્યમાં ડુંગરાને વીટાંઈને તુલસીશ્યામ નામનું તીર્થધામ છે. ત્યાં

રુકમણિનો ડુંગર, ગરમપાણીનો કુંડ અને ભગવાન શ્યામસુંદીરની મૂર્તિવાળું મંદિર છે. વર્ષો પહેલાની વાત છે. ગીરના નેસમાં રહેલા ચારણો ઢોરમાં શીળીનો રોગ ફાટી નીકળતા માલ વિહોણા બની માત્ર લાકડી લઈ દેશમાં ફર્યા. બહુ ઓછા ચારણ કુટુંબ નેસમાં રહ્યા. એક ચારણને માત્ર બે ખડાયા રહ્યા. બાકીના ઢોર મરી ગયા. ચારણિયાળી પોતાના પિયરથી પાડી લઈ આવી અને આ પ્રમાણે ત્રણ-ચાર ખડાયાને સાચવવા લાગી. એ આશાએ કે સારી ભેંસો થશે અને એના દૂધ-ઘી ના વેચાણમાંથી આપણું ગુજરાન ચાલશે. અસલ ગીરની વખણાય તેવી ચારેય ભેંસો થઈ. ચારણિયાળીએ ચારેય ભેંસોના નામ પાડી તેને બોલાવતી. ચારેય ભેંસોને વિયાવાને હજુ ત્રણ-ચાર માસ બાકી છે એ આશાએ દોહયલા દિવસો વિતાવે છે.

ભાદરવા મહિનામાં ધોધમાર વરસાદ વરસે છે. નેસનીબધી ભેંસો પોતાને ઠેકાણે ચાલી જાય છે અને સાંજે પાછી ફરે છે. રોજ આમ ચાલે છે. એક દિવસ મેઘલી અંધારી રાતે ચાલુ વરસાદે આહિરના બે જુવાન ગીરમાં નીકળેલા છે. એ સમયે એણે ચાર ભેંસોને જોઈ હશે તેથી તેની નિયત બગડી ગયેલી. ભેંસોને વેચવાથી મો માંગ્યા રૂપિયા મળશે તેથી અડધી રાતે ચારણની ઝોકે આવ્યા. કમાડ ખોલી ચારેય ભેંસોને દોડાવીને ગીરની બહાર નીકળી ગયા. છેક જેતપુર પહોંચી ગયા.

સવારે ચારણ જાગ્યો. જોયું તો ઝોક ખાલીખમ. ઘડીક તો ધાર્યું કે ઝાંપો ઉઘાડો રહી ગયો હશે તેથી ભેંસોચરવા ચાલી ગઈ હશે. પરંતુ ભેંસો સાંજે પડયે આવી નહી. સાંજે ઘણી-ઘણિયાણી વાટ જોતા રહી ગયા અને ખરેખરી ચિંતામાં પડયા.ગીરના ખૂણે ખૂણે રખડયા પણ ભેંસો મળી નહી. ચારણ-ચારણિયાળી એ પોતાના સગાઓમાં જઈને વાત કરી. પણ આળસુ બન ગયેલા ચારણ ચારણિયાળીએ આમને આમ પંદર દિવસ કાઢી નાખ્યા પછી છ જણા સાથે મળી ભેંસો શોધવા નીકળે છે.

આહીર જવાનો ભેંસો લઈને જેતપુર પહોચ્યાં ત્યારે સવારના પહોરમાં ભાદર નદીના કાંઠા ઉપરના એક ઝરૂખામાં એક દરબાર ડાયરો ભરીને બેઠા છે. દરબારની નજરને ભેંસો ગમી ગઈ. દરબારને એમકે વેચાઉ હોયતો માગે તે કિમંતે ખરીદી લઉ ભેંસો રાખવા જેવી છે. દરબાર ઝરૂખેથી નીચે ઉતરે છે એટલે આહીર યુવાનોએ દરબારને તેમની તરફ આવતા જોઈને ભેંસો મૂકીને ભાગે છે. દરબારને પણ શંકા ગઈ કે આ ભેંસો પોતાની નથી ચોરી કરીને લાવેલા હોય તો જ ભાગે. દરબારને ભેંસો ગમી ગઈ હતી તેથી તેમણે તબેલામાં સંતાડી દેવાનું નક્કી કર્યું.

આ તરફ ચારણો ભેંસોને ગોતતા-ગોતતા જેતપુર આવી પહોંચે છે. ગામને ટીંબે પૂછપરછ કરતાં સમાચાર મળે છે કે દરબારને ઘરે ભેંસો બાંધેલી છે. ચારણે દરબારની રાહ જુએ છે. પરંતુ દરબારની દાનત પણ બગડી તેમણે કહેવડાવી દીધું કે ભેંસો અહીં નથી. આ સાંભળી ચારણોએ નિસાસો નાખ્યો અને દરબારને કહેવડાવે છે કે સૂર્યપુત્ર મામા મો સંતાડીને કેમ બેઠા છે. અસલ ચારણ અને કાઠી વચ્ચે

મામા-ભાણેજનો સંબંધ હતો જ્યારે ભેંસો મળવાની શકયતા નહોતી ત્યારે ચારણોએ ત્રાંગા કરવાની તૈયારી કરવા માંડી ત્યારે દરબારથી તાપ જિરવાયો નહી તેથી હવે જો ભેંસો આપવામાં આવે તો ચોરાઉ માલ સંઘર્ષનું તહોમત આવે તેથી કંઈક ઉપાય શોધવાનું વિચાર્યું. છેવટે તેમના હજુરિયાના ઉપાય પ્રમાણે ભેંસોને મારી નાખવાનું નક્કી કર્યું. ચારણોને દરવાજેથી ધક્કા મારી ઊઠાડી મૂકવાનું નક્કી કર્યું. ભેંસો ન મળતા ચારણોએ દરબારને કહેવડાવ્યું કે જે ભેંસો તારે ગળે વળગી છે પણ એ ભેંસોના દૂધ તારે ગળે નહીં ઊતરે. આમ કહી કોઈ ચારણ પોતાનો હાથ કાપે, તો કોઈ પોતાના પગમાં છરીના ઘા કરે આમ દરબારની ડેલી ઉપર લોહી છાંટી ચારણો ચાલતા થયા. તે દિવસે રાત્રે દરબારે ખાધુ નહીં અને તેને ખૂબ પસ્તાવો થયો.

સવાર થયું વાત ચર્ચાઈ કેટલાક રૂપિયા ઊડયા. જયારે દરબાર ત્રાંસળીમાં દૂધ લઈ જમવા બેઠા કે ત્રાંસળી આખી જીવડા ભરેલી દેખાણી. દૂધ, ઘી અને ચોખામાં પણ આવું જ થયું. આંખ બંધ કરી પીવાનું કરે તો નાક પાસે આવતા દુર્ગંધ આવે. આમ કેટલાક વર્ષો સુધી ચાલ્યું. એક વાર સતત આઠ દિવસ સુધી કંઈ પણ ખવાયું નહી. આઠમે દિવસે ચલાળાના પ્રસિધ્ધ ભગત આપા ગીગા જેતપુર પધાર્યા. દરબાર આપા ગીગાના પગમાં પડી ગયા. સઘળી હકીકત વર્ણવી. આપા ગીગાને દરબારની દયા આવી અને પોતાની સાથે જમવા બેસાડયા. તેનું એઠુ અન્ન જમતા દરબારને જીવડાં દેખાતા બંધ થયા. પછી દરબાર નિયમિત આપા ગીગાની જગ્યાએથી ધૂપ લાવવાનું નીમ રાખ્યું અને દરરોજ આપા ગીગાની ધજા કે ધૂપ-દીપ કરવાનું ચાલું રાખ્યું તો પણ કયારેક દરબારને જીવનમાં અણગમો આવતો. ખાવામાં અરૂચિ આવે ત્યારે આપા ગીગાનું સ્મરણ કરી જમે. ત્યારબાદ દરબારને સાત દીકરા થયા. પરંતુ કોઈ બે- ત્રણ વર્ષના પાંચ વરસના થઈ મર્યા. આમ દરબાર સિત્તેર વર્ષની આયુ ભોગવી નિર્વંશ ગયા. લોકો કહે છે કે ‘એને ઘા લાગી થઈ’[૩૬]

## દેહના ચૂરા :-

ગીરની ગોદમાં રાજુલાનો ડુંગર, સોમનાથનો ડુંગર કાતરધાર અને ધુંવાસનો ડુંગર એવા એવા નામ ધારણ કરીને ગીરની સરહદ ઉપણ સાણા ડુંગરને નામે રોકાઈને ઊભો રહ્યો. એ આખીય શિખરમાળાએ મોટાં ફળ-ઝાડ કે બહોળી નદીઓના નીર નીપજાવ્યા નથી. માત્ર બાવળ અને કેરડાની ઝાડીમાં થોડો ગુંદરને ગરીબોનું અથાણું ઉત્પન્ન કરેલ છે છતાં એણે જોગીદાસ બહારવટિયાને ઓથ દીધી છે. અને ચારણો, આહીરોની ગાયો, ભેંસોને અખૂટ છાસનું અક્ષયપાત્ર દીધું છે.

એ આખી ડુંગરમાળાનો સાણા નામે ઓળખાતો છેલ્લો ડુંગર આશરે એંસી વીંઘાની જમીન પર પલાંઠી વાળીને બેઠો છે. આખોય ડુંગર ‘પોલો’ કહેવાય છે. આપણે તો દાઢસો-બસો વર્ષ પૂર્વેની એક પ્રેમકથાને સાણાની ગુફાઓમાં બેસીને સંભારીએ છીએ. આપણને નથી માલૂમ કે અક્ષર ન લખી

જાણનારી એ કોટાળી કુંવરે આમાંથી કઈ ગુફાની ભીંતો પણ એકાંતે બેઠાં-બેઠાં પોતાના પ્રેમજન રાણા રબારીની આકૃતિ આલેખવા માટે કોયલાના કાલાઘેલા લીટા કર્યા હશે! ચભાડ આહીરની એ જુવાન દીકરી કુંવર એક દિવસ મોટે પરોઢિયે ભરનીંદરમાંથી જાગીને કાન માંડીને સાંભળી રહી છે. ધુંવાસના ડુંગર ઉપરથી ટાઢે પહોરે કાંઈ મીઠા ગળાની સરજૂઓ ચાલી આવે છે. એકાંતે વગડામાં આવીને કોઈક માતાનો ભકત દેવીની સ્તુતિના ઘોરતા સૂરો કાઢી અડખે-પડખેની ચારેય દિશાના સીમાડાને ભીંજવી નાખે છે. એક માનવી ગાય, અને લાખોને શ્વાસ વિના સાંભળવાનું મન થાય એવી સરજૂઓ ગવાય છે. સાંભળતી સાંભળતી આહીર કન્યા કુંવર કાગાનીંદરમાં ઢળે છે. સરજૂના સૂર હવામાં તરે એવા હળવા છતાં કુંવરના પોપંચા ઉપર ચડીને સીસા જેવા વજનદાર લાગે છે. આંખડીઓ ઉઘડી ઉઘડીને ઘેરાય છે. પ્રભાતે ટાંકાને કાંઠે પાણી ભરતી પનિયારીઓની વચ્ચે વાતો થતી હતી. કે કુંવર મૂંગી-મૂંગી સાંભળે છે. ''આટલું બધુ વહેલું ઈ કોણ આરડે છે?''

''ઓલ્યો વાંગરનો રબારડો રાણો'' આંહી ધુવાસંને ડુંગરે ભેસું લઈને આવ્યો છે. 'અધરાતુનો ઊંઘવા જ દેતો નથી'

એક દિવસ સરજૂ ગાનારને કુંવરે નજરોનજર જોયો. પોતાના ભાઈ-બાપ સાણાના ડુંગરમાં ખાડુ ચારવા જાય. ત્યાં સરજૂ ગાનાર જુવાન રબારી રાણો ભેળો થયો. નાના ઝાડવાની ઘટામાં કુંવર ભાઈ તથા બાપનું બપોરનું ભાત લાવે. રાણો રબારી પણ પોતાની ફાંટેથી બે રોટલા છોડીને ભેળો બેસી જાય છે. રાણો ખાતો હોય ત્યારે કુંવર તેને જોયા જ કરતી. રબારીના મોની કાળપ એના ગળાના ગાનની મીઠપમાં બૂડી ગઈ. કાળો મેહુલો કાળી કોયલ, ધોળા અમૃત દેનાર કાળી ભેંસો, કાળો વાસુકિ નાગ, કાળો ભમરો, એવી એવી એક આખી ટીપ કુંવરના મનમાં લખાઈ ગઈ. એમા શ્યામસુંદર રબારી રાણો પણ મળી ગયો.

'રાણો કે આ રાનમાં, માઢુ ટોળે મળ્યા.
આગે અમરત ઊજળાં, ભેરાઈના ભળ્યા.'

(આ જંગલમાં માનવીઓ ટોળે વળ્યા છે પણ એની અંદર ભેરાઈ ગામનું સુંદર માનવી ઉમેરાઈ ગયું છે.

એ માયામમતા બાંધતા બાંધતા અબુધ પ્રેમીઓને એટલું પણ ભાન ન રહ્યું કે બન્નેની જાતો જુદી છે. એક રબારી છે ને બીજી છે અભાડ આહીરની દીકરી. રાણો જોઈ રહ્યો છે કે આજ કુંવર ઘરેણે-લૂંગડે સજ્જ થઈને ભાત દેવા આવે છે. પોતાને રીઝવવા માટે જ જાણે કેમ કુંવરે અંગ શણગાર્યું હોય એવી ભ્રાંતિમાં પડેલ રાણાએ તે દિવસ ત્રણ રોટલા ચડાવ્યા. તોયે જાણે ભૂખ રહી ગઈ. ઝરણાને કાંઠે જઈને કુંવર તાસળી ઉટકતી હતી ત્યાં જઈને પાણી પીવા માટે રાણો બેઠો પાણીનો ખોબો ભરતાં ભરતાં રાણાએ પૂંછ્યું

‘‘આજ જનમગાંઠ લાગે છે કુંવર’

‘‘નીચા નેણ ઢાળીને કુંવરે કહી દીધું કે ‘હવેથી મને બોલાવીશ માં રાણા! કાંઈક રીત રાખતો જા’’

‘કાં’’?

‘મારું સગપણ થયું છે, એમ કહી એણે અરધે માથે ગયેલ ઓઢણાને કપાળ સુધી ખેચી લીધું.’

‘‘ઠીક’’ એમ કહીને રાણો પાણીનો ખોબો ઢોળી દઈ ઊભો થઈ ગયો. તે દિવસથી કુંવરની સાથે પોતાને એક ઘડીની પણ ઓળખાણ નથી તેવી મરજાદા સાચવતો બીજે જ માર્ગે વળી ગયો. બેય જણા એકબીજાનો પડછાયો પણ લોપાતા નથી.

થોડા જ દિવસ પછી ફાગણ મહિનામાં રાણાએ એક જાનને સાણા તરફ જતી જોઈ. ભલે જાય ! ભલે જાય ! ભલે કોઈ ભાગ્યશાળી આયરનું ઘર સુખી થાય! એ પરાઈ બેન તોય શું? એવી રૂપગણવાળી સુંદરી તો જયાં હોય- આપણે ઘેર કે બીજાને ઘેર- એને ઈશ્વર સુખી જ કરજો!

રાણો કે રહિયું નહી, તનડુ ટેક ઘરી
કફરા જોગ કરી, હાથેથી હળવું પડયું.

મનની ટેક ન રહી શકી. કુંવરને જોવામાં પણ પાપ છે. થોડા સમય પછી ભેરાઈ જઈને રાણાએ જોયું તો ત્યાંના આહિરિયા ઉચાળા ભરી ઉપડી ગયા હતા. કોઈકે કહ્યુ કે આખો કબીલો ઉચાળા ભરીને સાણાને ડુંગર ગયો છે. રાણો પોતાની થાકેલી ભેંસોને ફોસલાવી પટાવી હાંકતો-હાંકતો સાણાની ડુંગરની ગાળીએ ગાળી ગોતી પથ્થરે- પથ્થરે ભમ્યો પણ કુંવરના સંતાપ મનમાં જ સમાઈ ગયા છે. વેદના બધી ભીંતરમાં ને ભીંતરમાં સડી રહે છે. પરણીને આવ્યા પછી ધરાઈને કદી ધાન ખાધું નથી એટલે શરીર ગળીને પીળુ પડવા લાગ્યું.

સ્વામી પૂછે છે ‘આ શું થયું?
કુંવર કહે છે ‘શી ખબર!

સ્વામીએ શરીર તપાસ્યું, અબુધ માણસને રોગ પારખ્યો વહુને સારણગાંઠ થઈ છે.

સાણાનો વસવાટ વસમો થઈ જવાથી રાણાએ મધ્યગીરમાં ભેંસોને હાંકીને કુંવરથી જેટલું બને તેટલું અંતર કાપી નાખવાં માટે મજલ આદરી દીધી. અંતે એણે ચાચઈના ડુંગર ઉપર જઈને આશરો લીધો. રાણાને પણ ગીરનું પાણી લાગ્યું છે. એના હાથપગ ગળી ગયા છે એનું પેટ વધી ગયું છે. અને હવે તો રાણો સદાનો ચાચઈને ડુંગરે જ રહી જશે.

હાડકાના માળખા જેવું સુકાયેલું શરીર લઈને રાણો સૂતેલો છે. હવે ઝાઝા દિવસ પ્રાણ ટકશે નહી. એવે પરોઢિયે જાણે તારાઓ , ઝાંડવા ને ડુંગરાએ સુતેલા રબારીના કંઠની સરજૂઓ સાંભળવા માટે ટાંપીને બેસી રહ્યા છે. કુવંર! કુવંર! એવા ઉચ્ચાર ચાલે છે. સૂતેલા રાણાને કાને કાગનીંદરના ભણકાર આવે છે. રાણા!રાણા! રાણા!

ઝબકીને જાગ્યો કોણ ઈ ?

સામે હાડપિંજરે જવાબ દીધો! હું કુંવર !

બન્ને જણા સપનામાં હોય તેમ સામસામા મીંટ માંડી રહ્યા જુએ છે પણ મનાતું નથી. બે હાડપિંજરો સૂમસામ ઊભા રહ્યાં.

'અરર ! કુંવર આ શું?

'અને રાણા ! તારે શરીરે આ શું થયું? આંસુ ભરી આંખે કુંવરે પૂછ્યું.

'કાંઈ નહી, કાંઈ નહી આપણા બેયના કાળલગ્નની આ તીથિ આવી. બેયને વિધાતાએ પીઠી ચોળી દીધી છે. વાહ આપણા રૂપ !

રાણા ! ભાગીને આવી છું. પણ મરવા આવી છું. લગન કરીને ઘરસંસાર માંડવા નથી આવી હો. બન્નેએ પરસ્પર આલિંગન લીધાં

આ રીતના મૃત્યુની બીનાનો મહુવા પંથકના ચારણ ભાઈઓ વગેરે ઘણા લોકો મક્કમ ઈન્કાર કરે છે. તેઓ આ ઘટનાનો અંત એની રીતે બનાવે છે કે.

''તું કુંવર? બસ થઈ રહ્યું. મે તેને માવડી કહીને બોલાવી હવે મારી મા-બહન થઈ ચૂકી.''

ત્યાર પછી રાણો વાંગર ડોળિયામાં ચાલ્યો ગયો ને કુંવર વગેરે સહુ ભેરાઈ ગયા. કુંવરે રાણાને કહેવરાવ્યું ''ભાઈ, હવે આંહી આવીને તું રહે, તો મારૂં કાળજું ઠરે.''

રાણાએ જવાબ દીધો :-

હે બહેન ! આ ડોળિયા ગામમાં આંબડા કૂવાના મીઠા પાણી અને ચરવા માટે મીઠુ ઘાસ. એવું પ્યારૂં સ્થાન છોડાવીને હું ભેંસોને દુઃખ નહી દઉ. ભેંસો, દેડકા, માછલા એ ત્રણેયને પાણી સાથે જ પ્રીત હોય છે. માટે એવા પ્રાણીઓ જેને અમૃતનો જ આહાર છે તેને રેઢાં ન મેલાય.''[૩૭]

## વાળાની હરણપૂજાઃ-

હરણાના ટોળા પર સોરઠનો કાઠી કે રજપૂત ઘા કરતો નથી. વાળાની સીમમા હરણા નિભર્યપણે ચારો ચરે છે. તેનો શિકાર વાળો કોઈને કરવા દેતો નથી. જૂના કાળમાં હરણાએ એના વંશ સાટુ જીવ દીધા હતા.

વાત એમ બોલાતી કે પાદશાહની કચેરીમાં કોઈ ચાડીલો ચારણ હોડ વદી બેઠો. પાદશાહ બોલ્યા 'હસીને માથા ઉતારી દેનારા રજપૂતો હવે મરી ખૂટયા'. ચારણે ઉત્તર આપ્યો. 'પાદશાહ તમને ખબર નથી રજપૂતકુળ હજી જીવે છે. એક શું સાત દીકરાના માથા વધેરી લ્યો તોય હસતા હસતા સાતેયના મોત ઓળઘોળ કરે. અને સાતેયની આંખો પગ હેઠળ ચાંપે. આંખમાંથી એક આંસુ ન દડવા છે.'

ચારણનો ગર્વ પાદશાહથી ખમાતો નથી. ચારણની ફૂલ્ય દેખીને ચડસે ચડેલો પાદશાહ પૂછે છે. 'એવો કોઈ રજપૂત ન મળે તો ? લો ગઢવા તમે શું હારો ?'

'હું હારું મારા પંડના દીકરા'

ઠીક ચારણ છ મહિનાનો હું તમને સમય આપું છું. ત્યાં સુધી તમારા દીકરાને અમારી અટકાયતમાં લેખજો લઈઆવો એવા રજપૂતનેએના સાતેય દીકરા સોતો. ચારણ રજપૂતને શોધવા નીકળી પડેછે. ચારણની વાત સાંભળીને કોઈ તૈયાર થતું નથી. ગઢવી કાઠિયાવાડના વળા ગામમાં આવી પહોંચે છે. એ ગામમાં વાળો રાજ કરે છે. વાળાએ ગઢવીની વાત સાંભળી. સાતેય દીકરાને બોલાવીને બધી વાત કરી. સાતેય દીકરાઓ અને વાળો તથા ગઢવી દીલ્હી આવી પહોંચ્યા. પાદશાહ તાજુબ બન્યો. પાદશાહે સાતેય ક્ષત્રિયપુત્રોને બોલાવીને કહ્યું 'આ મશ્કરી ન સમજતા' કાલ સવારે તમારા માથા કચેરીમાં ટીંગાતા હશે.

બાદશાહે ઘણી સમજાવટ કરી, પછી વાળાને કહ્યું કે દરબાર દાન દેવાની રીત જાણો છે!

જાણું છું! છતા ફરમાવો!

જુઓ દાન દેતી વખતે ખુશી રાખવી પડશે. દાતાનો એ ધર્મ છે. કચવાતે દિલે દાન ન દેવાય, કેમકે મંજૂર ન થાય.

સાંભળો દરબાર કાલે તમારા બેટાઓના ડોકા પર તલવાર પડશે. એ અવાજ તમે સાંભળશો. તમારે મારી સાથે ચોપાટ ખેલવી પડશે. તમારા બેટાની એક પછી એક બબ્બે આંખો હાજર થશે. તમારે હસતે મુખે પગ નીચે ચગદવી પડશે. તે સમયે આંખમાંથી પાણી લાવશો તો શરત ચૂકશો, દાન ફોક થશે ને હું ચારણના દીકરાનો પણ જાન લઈશ.

**સુખેથી પાદશાહ સુખેથી.**

બીજે દિવસે દિલ્હીની કચેરીમાં મેદની માતી નથી. પાદશાહે હુકમ છોડયો. ચલાવો કતલ. સાત ક્ષત્રિયપુત્રો માંથી સૌથી મોટાને મેડી પર લઈ ગયા. ધડાકો થયો. જાણે એક માથું પડયું. બે ઘડીમાં તો બે મોટી આંખો અને સાથે એક ચારણનો દીકરો દરબાર પાસે હાજર થયા. પાદશાહે કહ્યું લ્યો દરબાર તમારા મોટા દીકરાની આંખો. દરબારે આંખો પગ નીચે ચગદી. આ રીતે એક પછી એક એમ છ દીકરાની આંખો દરબારે પગ નીચે ચગદી. બાદશાહના ચહેરા પરનું નૂર ઉડી ગયું. સાતમો ધડાકો થયો ત્યારે દરબારના હાથમાં આંખો આવી. બાપે એ કચડી નાખી, પણ ઓંચિતા એની આંખમાંથી બે આંસુ દડી પડયા.

'બસ ખલાસ! પાદશાહ તાલી પાડતો પોકારી ઊઠયો. તમારી સખાવત ફોક ગઈ. પકડોએ સાતેય ચારણોને ને ઉડાવી દો સાતેયના ડોકા. રજપૂત કહે પાદશાહ મારી વાત સાંભળો હું રોઈ પડયો તે મારા દીકરાને માટે નહી

ત્યારે?

આ નાનેરો બાળ મારો નથી. પરાયો દીકરો છે. મને વિચાર આવ્યો કે મારા દીકરા સાથે એક પરાયા બાળકને પણ મારવું પડયું. મારે સાત દીકરા હોત તો પારકાની હત્યા ન થાત. સૂરજની સાક્ષીએ કહું છું.

મારે છ દીકરા છે. આ દીકરો ચારણનો બાળક છે. એકવાર હું ગામના પાદરે ગયો ત્યાં રડતા બાળકનો અવાજ સાંભળ્યો. જઈને જોયુંતો બાળકના ગળામાં એક ચીઠ્ઠી લખેલી હતી. એના બાપને જોશીએ કહેલું કે દીકરાનું મોઢુ જોઈશ તો આંધળો થઈશ. હું આ રડતા બાળકને મારે ઘરે લાવ્યો. ઉછેરીને મોટો કર્યો. ચારણનો દીકરો છે. પુન્ય મળશે. જગતે જાણ્યુ કે એ મારો જ દીકરો છે. જહાંપનાહ, આજ રોઉ છું, કારણ કે એક દીકરાની ખોટે આજ એ નાનેથી ઉછેરલા એક પારકા દીકરાનો પ્રાણ ગયો.''

''શાબાશ! શાબાશ! ગભરાશો નહી. નથી એ ચારણ મર્યાં. કે નથી મર્યો તમારો એકેય દીકરો.''

'અરે પાદશાહ, હવે મશ્કરી શીદ કરો છો!'

'પહેરગીર? સાતેય દીકરાને હાજર કરો.'

મેડી ઉપરથી સાતેય દીકરા આવી ઊભા રહ્યા.

'ક્ષત્રિય બચ્ચા! પાદશાહ લોહીનો તરસ્યો નથી. એને કસોટી કરવી હતી.'

''ત્યારે આ આંખો કોની? મારા દીકરાને બદલે કોણ મર્યું?

'સાત હરણા'

આજથી એ પરગજુ હરણા મારે ને મારા તમામ વંશજોને પૂજવાના પ્રાણીઓ બન્યા.''

કચેરીમાં પાદશાહે પિતા-પુત્રોને ઊંચા સરપાવ બક્ષ્યા. તેની બેસુમાર તારીફ કરી. અને પાછા કાઠિયાવાડ વળાવ્યા.'[૩૮]

## ભૂત રૂવે ભેંકાર :-

નેસડામાં રાતે વાળુ કરીને સહુ માલધારી બેઠા હતા. આઘેથી ભૂતના ભડકા સળગતા લાગે તેવી રીતે ચલમો ઉપરનો દેવતા ફૂંકે ફૂંકે ઝબૂકતો ને વળી ઝાંખો પડી જતો હતો. વરસાદ ચાલુ હતો. આખી ગીર ઉપર અંધારું પથરાઈ ગયું હતું. વાત તો એમ ચાલતી હતી કે - 'ભાઈ, હમણા ચમત્કાર બની ગયો'

''શું ચમત્કાર?''

કંટાળે ગોમતીને ઘેર એક ચારણ આવેલો. ચીથેરે હાલ ચારણ, ચારણ બંધાણી માણસ. પણ કંટાળે અફીણ રેતું નહોતું. ચારણને ઉતાર આવી ગયેલો. એટલે દી આથમ્યો હોવા છતાં રજા લઈ પડખેના ગામમાં જવા નીકળ્યો. 'ઝોલાપરી'જે નદીને કાંઠે ચડયો અને માંગડાનો ડુંગર આવ્યો ત્યાં રસ્તો ચૂકી ગયો. અંધારું જામી ગયું હતું. એટલે ચારણ તો ડુંગર ઉપર ઢગલો થઈને પડી ગયો. થોડીવારમાં ત્યાં એક સફેદ વસ્ત્રધારી આવ્યો અને ચારણના હાથમાં છેટેથી અફીણનો એક ગાંટો નાખ્યો ને કહ્યું ''લ્યો ગઢવા''

ગઢવા ''આ કયાંથી બાપ?

આદમી કહે કંટાળેથી ગામેતીએ મોકલાવ્યું છે.'' ચારણે તરત જ અફીણ ખાધુ અને ગાંમેતી પાછો કંટાળે પહોચ્યો. અને તેને પગે પડયો. ગામેતી અંચબો પામી જઈ અને કહે. ''કેમ ભાઈ ત્યારે ચારણ કહે અફીણ પોગતું કર્યું. એ તો તું વિના બીજા કોણ કરે. ત્યારે ગામેતી કહે મને તો ખબરજ નથી. અને બન્ને એકબીજા સામે સમસ્યાથી નીરખી રહ્યા. ગામેતી એટલું જ બોલ્યા નક્કી માંગડાવવાળો.''

''આવો ચમત્કાર બન્યો ભાઈ,

પછી એકબીજા પૂછવા લાગ્યા હજી માંગડા વાળાને છૂટકારો નહી થયો હોય? આમાંથી એક અજાણ્યાએ પૂછયુ માંગડાવાળો કોણ? કયાંનો?

માંગડાવાળો આપણી ધાતરવડીને કાંઠે આવેલ ગામ. ધાંતરવડના રજપૂત જેઠાવાળાનો દીકરો થાય. વાળાઓ હજી વટલીને કાઠી નહોતા થયા ઈ વખતમાં થઈ ગયોને ભરજુવાનીમાં ભાલે વીંધાણો.''

એમ થાતા તો વાતચીતે વાર્તાનું સ્વરૂપ ધારણ કર્યું. વાત ડાહયા પરોણાએતો દુહા આરંભ્યા.

હુઈ હાકોહાક, દળ છૂટયાં દેશોતનાં
શોભે આંબા શાખ, લખિયલ વણ લેવાય નહિ.

દેવાતાની બાંધેલી નગરીમાં હાકલો પડી. કાળવડ ગામનો કાઠી ચાવડો. બાયલ ધણ વાળી જાય છે. મામા ભાણ જેઠવાએ કહ્યું કે ''સહુ ચડજો, ભાણેજ માંગડાને જગાડશોમાં. એ પારકી થાપણ છે.''

પણ માંગડાના તકદીરમાં આંબે લટકતી એ શાખ મેળવવાનું નહોતું. પાટણના નગરશેઠની કન્યા પદમાવતી પ્રારબ્ધમાંથી ખડવાનું માંડલ હતું. તેથી ઊંઘમાંથી તે ઊઠયો. તેને લાગ્યું અરે! હું ગાની વારે ન ચડું ! એવી ઊંઘ અને ચકચકાટ કરતા હથિયાર લઈને ઘોડે ચડયો. તે પાટણની બજારમાં નીકળ્યો. કેમકે જતા-જતા એકવાર રામ રામ કહેતા હતા.

ઝરૂખામાં નગરશેઠની દીકરી પદમા બેઠી હતી. તેણે પોતાના પ્રીતમ માંગડાને દીઠો. તે ખુશ થઈ ગઈ. તેણે માંગડાને એક દાવ નાખી સાંગઠી મારતું જાવાનું કીધું. પણ માંગડો કહે છે કે હું રાજપુતની જાત મારાથી રોકાવાય નહી. પણ તું વાટ જોજે. હમણા પાછો વળું છું. આમ તેણે ઘોડો દોડાવી મૂકયો. તે જયાં હીરણ નદીને કાંઠે વડલા હેઠળ ધૂમલીનું ગૌધણ ઊભું છે ત્યાં પહોચ્યો છે. એ હૂકળતા શત્રુઓની સાથે તલવારથી ભેટવા દોડયો. આમ પદમાવતી ઝરૂખે માંગડાની વાટ જોતી હતી. એતો ભાણ જેઠવાની ફોજ જોઈ જે ઝાંખા મો લઈને આવતી હતી પણ માંગડાને કયાંય ન જોયો. એવામાં તેણે એકલો ઘોડો સોનેરી સાજવાળો આવતો જોયો અને પદમા સમજી ગઈ કે જરૂર મારો માંગડો રણમાં કામ રિયો તે નદીને કાંઠે જઈ વિલાપ કરે છે તેને સહુ છાની રાખે છે.

ભૂતવડલાની ઘાટમાં એક દિવસ સાંજે એક વાણિયાની જાન છૂટી છે. ભેળો વાંકડી મૂછોવાળો રજપૂત ગામધણી અરસીવાળો વોળાવિયો બનીને આવ્યો છે. તે વડલાની ડાળ નીચે બેઠો છે. એવામાં ત્યાં કંઈક ટપાક! ટપાક! ટીપા પડયા! તે કોઈના ધગધગતા લોહીના ટીપા હતા. અરસીવાળાએ ઊંચે નજર કરી ત્યાં ડાળી ઉપર કોઈ જુવાન રૂદન કરતો હતો. એને જોઈ અરસીવાળાએ પૂછયું 'કોણ છો?''

''ભૂત છું''

''ભૂતડો છો? કોનો ભૂત?''

''ન ઓળખ્યો કાકા? હું તારા સગાભાઈ જેઠાવાળાનો દીકરો એટલે કે તારો પણ દીકરો?''

''અરે માંગડો? બેટા, તું અહીં કયાંથી? ભૂતડો ભેકાંર વિલાપ કરતો બોલ્યો. હું મારી વેદના કોને ઉઘાડી કરી બતાવું? પદમા સાથે પરણ્યા વિના જ મારે વીંધાવુ પડયું. અને હવે તો વાસનાને લીધે અમે ભૂતડાઓ ગીર ઓળંગી બહાર નીકળી શકીએ તેમ નથી. હવે તું મને પાટણ લેતો જા અને પદમાવતી સાથે પરણવું છે. તે આજ બીજાને જાય છે, એ વિચાર મને સળગાવી મેલે છે.''

''અરે ગાંડા, તું પ્રેત છો. તને કેમ કરી લઈ જાઉ?''

''કાકા, તમારી જાનનો વરરાજો કદરૂપો છે. એને બદલે મને વરરાજો બનીને જાવા દે.  પછી પાછો વળીને અહીં વડલાને થાનકે ઉતરી પડીશ.'' કાકા વિમાસણમાં પડી ગયા.

''કાકા ભૂતનો અવાજ આવ્યો.''

''વાણિયાને ભડકાવવા નથી. હું અહીં મારી માંડ મેડિયું ઊભી કરુ છુ. અને મારી ડેલીએ જાનને ઉતારો આપું છું. અને આખી જાન ત્યાં દરબારગઢમાં રાત રોકાણી.

અરસીએ કહ્યું કે આ કદરૂપો વરરાજો લઈ જાશું તો વેવાઈ ના પાડશે એના કરતાં આ રાજપૂતને વર બનાવી તેડી જાયે વળતા અહીં ઉતારી મેલશું.

વાણિયા કબૂલ થયા.

જાન પરણવા આવી. પદમાવતી માંગડાના વિરહમાં વિલાપ કરે છે. હથેવાળો મેળવતા એ સામે માંગડાને જુએ છે તે ચોંકી જાય છે. પછી જાન પાછી વળે છે ને ભૂતવડલો આવતા વરરાજો છલાંગ મારી અલોપ થઈ જાય છે. કન્યાએ પોતાની બાજુમાં જોયુતો માંગડાની જગ્યાએ બીજો કદરૂપો વરરાજો દીઠો. તે પણ છલાંગ મારી વેલ્યમાંથી ઉતરી જાય છે. બધાએ ખૂબ સમજાવી પણ તે કહે 'ગમે તે હોય બીજાના મીંઢોળ ન બાધું''

અને પછી બધા તેને એકલી મૂકીને જાય છે. પદમાવતી માંગડાવાળો, માંગડાવાળો! એવા ત્રણ સાદ પાડે છે ત્યારે ઝડડડ,ઝડડડ એવા ભૂતભડકા વડલાની ડાળે ઊઠવા લાગે છે. આ એકલી સુંદરી ભૂતના ભડકામાં સળગે છે. દિવસે આવી આગ સળગે છે તે રાતે માયાવી દરબારગઢ ઊભો થાય છે. તેમાં માંગડો ભૂત માનવીની કાયા કરીને પદમાવતી સાથે વસે છે. પરોઢિયે પાછી એ માયા સંકેલાઈ જાય છે પદમાવતી સળગતી.

બે જુવાન ઘોડેસવાર ગીરમાં ચાલ્યા જાય છે. દિ આથમી ગયો છે તે થાકીને લોથપોથ ગઈ ગયા છે ત્યારે તે એક ભેંસને જુએ છે. અને તેની પાછળ પાછળ ચાલવા લાગે છે. થોડી વારમાં આ ઉજ્જડ વગડામાં ભેંસ દરબારગઢમાં જાય છે. અસવારો પણ ત્યાં અંદર જાય છે.

બન્ને અસવારો ત્યાં ચોપાટમાં બેઠા એવામાં ત્યાં સફેદ વસ્ત્રવાળો ખૂબસુરત જુવાન આવ્યો. બન્ને ઘોડાઓને બાંધી આવ્યો. પણ જુવાને બેય પરોણાને જમવા બેસાડયા. એક સ્ત્રીએ શાક, રોટલા પીરસ્યા. પછી ઓસરીમાં ઢોલિયા ઢળાણાં. કોઈકોઈની સાથે કાંઈ વાતચીત કર્યા વિના સૂવા ગયા.

બન્ને મુસાફરો નવાઈ પામ્યા. એવામાં ઓરડામાં સૂતેલો પુરૂષ કંણકણતો હોય એવું સંભળાણું મુસાફરો ચોકીને સાંભળતા જ રહ્યા. કોઈને ઊંઘ આવતી નથી. ભળકડા ટાણે કણકણા બંધ થયા. પછી બન્નેની ઊંઘ આવી. સવારે ઊઠયા તો ન મળે દરબારગઢ કે ન મળે ઢોલિયા.

તે બેય બહારવટિયા ચાલી નીકળ્યા. એમાંથી એકે કહ્યું ભાઈ એ ગમે તે હોય પણ આપણે તેનો રોટલો ખાધો. હવે એમનું દુઃખ મટાડયા વિના ભાગી જશું. અને બન્ને પાછા બીજી રાતે એ દરબારગઢ પાછા આવ્યા. ફરીથી એજ જમવાનું એજ પથારી. વાળુ કરીને બન્ને જુવાનોએ પૂછયું. બોલો કોણ છો તમે? અને આખી રાત કેમ કણકયા કરો છો?

''તમને એ જાણીને શો ફાયદો છે''

''અમે રાજપૂતો છીએ. જેનો રોટલો જમ્યા એનું દુઃખ ન ટાળીએ તો જીવતર શા ખપનું છે?''

જુવાનો! ડરશો નહી ને ?

'ડર્યા હોત તો પાછા શીદ આવત!

'જુવાનો! હું માંગડાવાળો!

'મુસાફરોના મોમા ચીસ દબાઈ રહી.

''હા, હું ધાતરવડીનો ઘણી માંગડો, કમોતે મૂઓ. ભૂત સરજયો છું. પદમાને લઈને આંહી એના લોહી ચૂસતો વસ્યો છું. તે દી ચાડવા બાયલની બરછી ખાઈને હું પડયો. એ બરછીની કરચ મારી છાતીના હાડકામાં વીંધાઈને ભાંગી ગઈ. હજુ હાડકુંને એ બરછીની કરચ છાતીમાં દિવસ ને રાત ખડકે છે. તેથી કણસું છું ભાઈ!

તમારાથી બને તો હાડકું ગોતી કરચ કાઢો. ને મારા હાડકા દામાકુંડમાં પહોંચતા કરો. નીકર આ વાસના - હે દેહ ટકશે ત્યાં સુધી હું એના ખટકા ખમ્યા જ કરીશ.'' એટલું બોલી જુવાન ઓરડામાં ગયો. મુસાફરો સુતા-સવારે એની એ દશા.

વડના ખોદકામ કરીને ભૂતે કહેલું હાડકું ગોતી કાઢયું. બરછીનો ટુકડો કાઢીએ હાડકા લઈને બને દામે કુંડ ચાલ્યા ગયા.

ભાદરવા મહિનાની રાતે એક નગરના દરબારગઢને ઝરૂખે બાદશાહ અને હુરમ જાગતા બેઠા છે. આકાશમાં ગાજવીજ અને કડાકા થાય છે. હુરમ બોલી 'ઓહોહોહો! કેવી કાળી રાત છે.' બાદશાહે કહ્યું ''આવી રાતે કોણ ઘરની બહાર ભમતું હશે'' બીજુ તો કોણ? બિચાર મારા ભાઈઓ, જેને માથે તમ

સરખા રાજાનું વેર તોળાઈ રહ્યું છે.'' કોણ! જૈસો વેજો?'' 'હા' આમ, બન્ને વાતો કરતા હતા. પછી બાદશાહે કીધું કે અટાણે એ બેય ભાઈ હાજર થાયતો માફી આપુ. ગામડામાં રહેવા પાછા સોંપી દઉ. તેવી હુકમ લઈ તેની પાસે ગયા. અને તેની સાથે વાતચીત કરી. બાદશાહે આ વાત સાંભળી અને તેને અટારી પરથી કૂદી પડીને એ રજપૂત વીરને ભેદી લેવાનું દિલ થયું. તેણે જેસાજી અને વેજાજીને સવારે કચેરીએ આવવાનું અને કસુંબા પીવાનું કહ્યું.

''બાપુ! દગો તો નહિ થાય ને!

'રાજાનો બોલ છે. ઈતબાર હોય તો હાજર થજો.

એ હોકારો દેનાર બીજુ કોઈ નહીં પણ માંગડાવાળાનું પ્રેત હતું. જેસો અને વેજો તો પોતાનું કામ કરવા દામેકુંડ ગયા હતા. અને આ બન્નેનું કામ કરવાનો મોકો માંગડાને મળ્યો હતો. બાદશાહનો કોલ એણે બહારવટિયાને કહ્યો. કચેરીમાં બારેવટા પાર પડયા. સામસામાં કસુંબા પીવાણા!

એ માંગડાવાળો ગીરમાં ઘણે ઠેકાણે રહ્યો. ડુંગર ઉપર એણે ચારણને અફીણનો ગોટો દીધો તે પણ એનો વસવાટ ઉપરથી જ 'માંગડાનો ડુંગર' કહેવાય છે. એટલું કહીને વાર્તા કહેનારે ચલમ હાથમાં લીધી અને ઝોકે આવેલા માલધારીએ ભેંસોને પહર છોડતા પહેલાની નાનકડી નીંદરમાં પડયાં''[૩૯]

**માતૃહૃદય :-**

કો અવધૂત શો ગીરનાર બેઠો છે તેની જટા જેમ પ્રદેશમાં પશ્ચિમી જંગલોને લોકોએ નામ આપ્યું છે.ગીરસદીઓ જૂના આ પ્રદેશમાં વસતી માલધારી કોમના અત્યારે ઘણા નેસડાં છે. હંમેશને માટે તેમને કાળના મુખમાં રહેવાનું છતાં પણ જાણ્યો કે અજાણ્યો ડર ન મળે! સાવજના ધુઘવાટ, ને દીપડાની લુચ્ચાઈ સાથે તેમણે આ જીવન ઝઝુમવું પડે છે. કયારે શું બને તે કહેવું મુશ્કેલ ગણાય. આવા બહાદુર માલધારીઓના જીવનની અનેક વાતો છે.

કરમના દાધિયા નામનો સાતેક ઝૂપડાંનો નેસ આયર અને કાઠી કોમના માલધારીઓ કુટુંબની જેમ રહે. પ્રાગટ ફૂટે માલધારીઓ ભેહું અને બીજા માલઢોરને લઈ ચરાવવાને ઉપડી જાય છે. સ્ત્રીવર્ગ ઘેર રહે. પાંચસો ભેહુના મેળવેલ દૂધના દહીંને વલોવવા બે નાજુક પણ મજબૂત હાથો કામે લાગી જાય. સાંજે પડયે ખૂટતું બળતણ વીણવા ગીરમાં નીકળી પડી. કોઈ સ્ત્રી શોપિંગ સેન્ટરમાં ખરીદી કરવા નીકળે તેમ.

આવી આધેડ ઉમરંની એક બાઈ એક સાંજે કરગઠિયા વીણવા નીકળી, હારે ચારેક વરહનું બાળક-માતા તો સૂકાં લાકડા વીણતી વીણતી આગળ ગઈ. પેલું બાળક ધીમું ધીમું ફૂલડા ચૂટતું માની પાછળ પાછળ જતું હતું. એટલામાં તેની નજર સામેની ભેખડના પથ્થર પર પડી ત્યાં ગલૂયિા જેવું ઉ...ઉ કરતું હલતું હતું. બાળકને રસ પડી ગયો. તે પાછળની બાજુથી ભેખડ પડી ચડી પેલાં માંસના લોચા જેવા

નવજાત શિશુને જોવા લાગ્યું. બચ્ચું તેના નાના પગ વડે ભેખડ ઊતરવા કોશિશ કરતું હતું. પરંતુ ઉતરાતું નહિ. તેથી વિચિત્ર અવાજ કરતું હતું. બંને એકબીજા સામુ આંખ પરોવી જોઈ રહ્યા. ક્ષણમાં દોસ્તી બંધાઈ ગઈ. પેલા માલધારી બાળકે તેને વહાલપૂર્વક ગોદમાં તેડી લીધુ. પોતાના નવા દોસ્તને વહાલથી હાથ ફેરવતો નેસ ભણી જવા લાગ્યો.

નવા દોસ્ત સાથે ભોળો શિશુ કાલી બોલીમાં વાત કરતો હતો. પરંતુ ત્યાં જ પાછળ ડણક સંભળાણી. માલધારી સ્ત્રી ચોંકી ઊઠી તેને પોતાની સાથે આવેલા બાળકનુંઓસાણ આવ્યું, કરગટિયા વીણતાં વીણતાં સ્ત્રી બાળકને બચાવવા દોડી પરંતુ કાટ વટાવી ભેખડ પાસે આવી ત્યાં તો એણે સામેનું દશ્ય જોયું તે જોઈને તેને આંખે ચક્કર આવી ગયા. ધરતી જાણે ગોળ ગોળ ફરવા લાગી.

વાત એ હતી કે ભેખડની બખોલમાં સિંહણે બચ્ચાને આગલા દિવસે જન્મ આપ્યો હશે એટલે બે બચ્ચાં બોડમાં હતાં. એમાનું એક બહાર નીકળી આવેલું- સિંહણ મારણની તપાસમાં તેની પાછળ ગઈ જયારે પોતાના શિશુને પેલો બાળક ઊઠાવી જતો જોઈ એટલે દૂરથી ત્રાડ નાખી. આ બાજુ પેલા માલધારી શિશુને માતા તેના બાળકના રક્ષણ માટે દોડી હતી. વચ્ચે બે ભૂલકાં. એક પશુદેહધારી, એક માનવદેહધારી! કુદરતની કેવી બલિહારી!

માલધારી સ્ત્રીએ બૂમ પાડી તે બચ્ચાને છોડી પણ હાથમાં આવેલું નાનકડું રમકડું કેમ કરી છોડે? માનો જીવ તાળવે ચોટયો. પરંતુ સિંહણ પણ બાળકથી ફકત સાત ફૂટ દૂર પાછળ પાછળ ચાલતી આવતી ધુરકાટ કરતી હતી. તેની આંખોમાં અજબ પરિવર્તન આવ્યું.

માલધારી બાળકે સિંહ શિશુને પડતું મેલ્યું. દોડીને માની ગોદમાં ભરાઈ ગયું. આ બાજું પેલું સિંહશિશુ પણ દોડતું માની ગોદમાં ચાલ્યું ગયું. સામ સામે બે માતાઓ અને વચ્ચે તેમના બે શિશુઓ! ઘડી બે ઘડી બંને માતાઓએ આંખ મિલાવી. માલધારી સ્ત્રી પાછા પગે ચાલી ઘરે. તેને પોતાના નેસમાં..... રહેઠાણમાં જવું હતું. જયારે સિંહણને તેના જંગલમાં પોતાની બોડમાં જવું હતું. બન્ને માતાઓ પોતાના શિશુને લઈને ચાલી ગઈ. તેમના ખોળિયા જુદાં-જુદાં હતા. પરંતુ શિશુ પ્રત્યેની મમતા અને પ્રેમમાં કશો જ ભેદ ન હતો. માનવ હોય કે પશુ-માતૃહૃદય તો સૌના સરખાં !''[૪૦]

**દુહા :-**

'ગીરના માલધારીઓના દુહાઓ ગુજરાતમાં જ નહી ભારતભરમાં પ્રખ્યાત છે. દુહાને 'દસમો વેદ' કહેવામાં આવે છે. ને વેદમાંથી કયું તત્ત્વ બહાર છે? દુહો લોકસાહિત્યનું સુઘટ્ટ સાહિત્ય સ્વરૂપ છે. ગીરના માલધારીઓને દુહા અતિપ્રિય છે. ગાય, ભેંસ, ઘેટાં, બકરા વગડે વેરાય હોય, વગડાને વાયુ પાંદડા હારે વાતુએ વળગ્યો હોય ત્યારે બગલે લાકડીઓનો છેડો ટેકવી પગને આંટી મારી ગીરના પ્રદેશને

દુહા ગાઈને ગજવતાં ગોપાલકનું ચિત્ર મનોહર અને આહલાદ્દ આકર્ષણ ઊભુ કરી હૈયુ હલબલાવે ને એમા એ ઐતિહાસિક કથાને ગૂંથી લેતા દુહાઓ તેમના વધુ પ્રીતિપાત્ર હોય તેવું જણાય છે'[૪૧] ગીરના માલધારીઓના દુહામાં યુવાન પ્રણ્ય, બેલડીઓના, રસઝરતી કથા, શૂરવીરતાના ભાવ વગેરેનો સચોટ ઉલ્લેખ જોવા મળે છે. તેમના દુહામાં પોતાની જ્ઞાતિનો ઉલ્લેખ અથવા કુળ પરંપરાની વાત આવે છે. તેમજ જન્મભૂમિ પ્રત્યેનો પ્રેમ જોવા મળે છે.

'ગીર રૂડીને રયિામણી, ને હરિયાળી ગીર હેતાળ.
ચારણ ગીર નથી છોડવી-તારા પશુને પાછા વાળ''

ઘણીવાર દુહામાં સ્ત્રી-પુરૂષના પરાક્રમતી વાત આલેખાતી જોવા મળે છે.

''સોપારી વખાણું સોરઠી, જેના લીલા પીળાં રંગ
નારી વખાણું કંડેય પાતળી, જેના વાળ્યા વળે અંગ''

''જનની જણતો ભકત જણજે, કાં દાતા કાં શૂર
નહિ તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર''

જીવનમાં તંદુરસ્તી કંઈ નજીવી બાબત નથી. ગીરના માલધારીઓને વગડા વચ્ચે શુધ્ધ હવા પાણી અને ખોરાક પ્રાપ્ત થાય છે. તેમની પાસેથી સ્વાસ્થ્ય વિષયક કેટલાક દુહા મળે છે.

''દાંતે લૂણ જે વાપરે, કપળે ઊણું ખાય.
ડાબુ પડખુ દાબી સૂએ, તે ઘેર વૈધ ન જાય,
અગ્નિમાં બળવું ભલું, ભલું ઝહેરનું પાન.
શિયળ ખંડિત ના ભલું, નવ કાંઈ શિયળ સમાન''

ગીરના માલધારીઓમાં પોતાના વતન પ્રત્યેનો પ્રેમ અને તેમનામાં રહેલી અતિથિ સત્કારની ભાવના નીચેના દુહામાં પ્રગટ થાય છે.

'સોરઠ ધરતી જગ જૂની, જૂનો ગઢ ગીરનાર
સાવજડા સેંજલ પીએ, એના નમણા નરને નાર'

'કાઠિયાવાડમાં કોક દી ભૂલો પડ ભગવાન
થાને અમારો મહેમાન
એ તને સ્વર્ગેય ભુલાવું શામળા'

મા જગદંબા તું જોગણી અને જપીએ તારા જાપ
પણ અખંડ તારા દિવા બળે, તમને નમે નરને નાર'

આમ, દુહામાં ગીરનામાલધારીની દેશભકિત, ખુમારી આતિથ્ય ભાવના, ડહાપણ, રીતભાત, વિશેષતા, નબળાઈ વગેરે કોઈકવાર અભિધામાં, કોઈકવાર વ્યંજનામાં તો કોઈ વાર લક્ષણામાં પ્રગટ થાય છે.

વાણીને વહેવારમાં, જેણે વાણિયા ચારે વેદ
ચરિત્ર એના ચીતરે, દુહો દસમો વેદ

## ઉખાણાં :-

ગીરના માલધારીઓમાં વખાણ કહેવાનો, એમનો તોડ કાઢવાની યુવાન-યુવતીઓમાં સ્પર્ધા જાગતી હોય છે એમના ઉખાણામાં એમનો રાજીપો, મૂંઝવણ સમસ્યાઓ અને એમની શ્રધ્ધાઓને એમનું વૈવિધ્ય ડોકાય છે. ઉખાણામાં પોતાની આસપાસની સૃષ્ટિને કોઈ વેળા ભાવાત્મક કોટિએ લઈ જાય છે. ગીરના માલધારીઓમાં આવા ઉખાણા સાંભળવા મળે છે.

(૧) એક દાબડીમાં બત્રીસ રાણી

ઉત્તર- 'મોંઢુ'

(૨) ગણ્યા ગણાય નહીને વિણ્યા વિણાય નહી છાબડીમાં માય નહી, એટલે શું?

ઉત્તર- તારલાઓ

(૩) વનગવડામાં લોહીનું ટીપું

ઉત્તર- ચણોઠી

આવા ઉખાણા વૃધ્ધો અને સ્ત્રીઓને આર્કષે એવા હોય છે. જે ગીરના માલધારી સમાજમાં સાંભળવા મળે છે.

## જોડકણા :-

જોડકણા બાળભોગ્ય સાહિત્ય પ્રકાર છે. બાળકની સૃષ્ટિમાં પ્રવેશવા કવિને બાળક બનવું પડે છે. ગીરના ગોપબાળોમાં જે જોડકણા પ્રચલિત છે. તેમા એની બોલીના લહેકા-ટહૂકા આપમેળે વણાઈ જાય છે. ભાઈની આવરદા વધારવાના હેતુથી પોષ મહિનાની પૂર્ણિમાંનું વ્રત બહેનો કરે છે. તેને પોષી પૂનમના નામે ઓળખવામાં આવે છે. તેમાં આ પ્રકારનું જોડણું છે.

'બીજ માવડી, ચૂલે તાવડી
બે ગોધાને ત્રણ માવડી
બે બળદિયાને એક ગાવડી
ભાઈની બેન રમે કે જમે?'
ભાઈ તરત જ ઉત્તર આપે છે- 'જમે'[૪૨]

**કહેવતો :-**

ગીરના માલધારીઓ વિશે કહેવાય છે કે 'તેઓ ભણ્યા ઓછું પણ ગણ્યા વધારે' એવું એમની ટૂંકી, માર્મિક અને સ્પષ્ટપણે કહેવાતી કહેવતો પરથી સાબિત થાય છે. માલધારીઓમાં કહેવતનો ભંડાર ભર્યો છે. તેવું તેના સંપર્કમાં રહેવાથી ખ્યાલ આવે છે. કોઈએ કહેવતને સોસરવા ઊતરી જાય એવા 'વચનબાણ'ની ઉપમાં પણ આપી છે. અરબીભાષામાં કહેવતનું મહત્ત્વ દર્શાવતી એક સુંદર કહેવત છે. 'જમ મીઠા વિનાનું ખાવું લુખું તેમ કહેવત વિનાની ભાષા લુખી' ગીરના માલધારી સમાજમાં નીચેની જેવી કહેવતો સાંભળવવા મળે.

(૧) 'ભરવાડની દીકરી કુંવારી રહે પણ દૂધ કુંવારુ ન રહે'

ઉત્તર- (માલધારીની દીકરીના લગ્ન ન થયા હોય તો કુંવારી કહેવાય પણ દૂધ ચોખ્ખું ન વેચે)

(૨) દૂધના દૂધમાં ને પાણીના પાણીમાં

(મહેનતનું હોય તેટલું ટકે બાકીનું ગમે તે રીતે જતુ રહે છે)

(૩) 'ઉજળું એટલું દૂધ નહી'

(જે વસ્તુ દેખાવે સારી લાગતી હોય પણ ખરેખર તે દેખાય તેવી હોતી નથી)

(૪) 'રૂપિયા હાથમાં તો વિવાહ કરૂ એક રાતમાં'

(સમૃધ્ધ હોય તો એક દિવસમાં પણ લગ્ન કરી શકે)

(૫) 'ડાંગના માર્યા પાણી જુદા ન પડે'

(ભાઈઓ વચ્ચે મનદુઃખ થાય પરંતુ પ્રસંગ આવતા પાછા સાથે સૌ ભળી જતાં હોય છે)

(૬) 'ફરે તે ચરે ને બાંધ્યું ભૂખે મરે'

(મહેનત કરવાથી બધુ જ પ્રાપ્ત થાય છે આળસ કરવાથી કંઈ ન મળે)

(૭) 'દુબળા ઢોરને બગાઈ જાજી'

(નિમ્ન વ્યકિતનો સૌ વાંક કાઢે)

(૮) 'પાકે ઘડે કાંઠા ન ચડે'

( ઉમંર વીતી ગયા પછી નવું કામ ન શીખી શકાય)

(૯) 'સોનાની જાળ પાણીમાં ન ખંખાય'

(આપણી વાત માન્ય ન થતી હોય તો વાત જ ન કરાય)

(૧૦) 'બકરી દૂધ આપે પણ લીંડી કરે'
(કોઈ વસ્તુ ફાયદો આપતી હોય તો તેના અવગુણ પણ સાથે જ જોડાયેલ હોય છે.

(૧૧) મોરના ઈંડાં ચીંતરવા ન પડે.
(હોશિયાર માતા-પિતાના સંતાનોમાં કંઈ કહેવાનું પણું હોય)

(૧૨) 'દોરડી બળે પણ વળ ન છોડે'
(દુર્જનને ગમે તેટલું સમજાવો તો પણ દુર્જનતા છોડતો નથી)

(૧૩) 'ઘર બાળીને તીરથ નકરાય'૪૩
(પરિસ્થિતિ પ્રમાણે દાન દેવાય વ્યાજે લાવીને દાન ન કરાય)

**રૂઢિપ્રયોગ :-**

રૂઢિપ્રયોગ અને કહેવત આમ તો મળતા જ આવે છે. કહેવતમાં જે વાત કરવાની હોય તે બોધના હેતુથી કહેવાય. જયારે રૂઢિપ્રયોગમાં એ બોધ વિના સ્પષ્ટ રીતે કહેવાય. રૂઢિપ્રયોગ એટલે થોડામાં ઘણું કહેવાની કળા 'ગીરના માલધારીઓમાં રૂઢિપ્રયોગનો બહોળા પ્રમાણમા ઉપયોગ થાય.'

(૧) ગાય જેવા હોવું - એકદમ સરળ સ્વભાવનું હોવું
(૨) ઊભી પૂછંડીએ ભાગવું- કોઈનું અગમન થતા ત્યાંથી ખસી જવું
(૩) ગામતરું કરવું- મૃત્યુ પામવું
(૪) હાથ પીળા કરવા- લગ્ન કરવા
(૫) આંધળું અનુકરણ કરવું- ખોટા રસ્તે ચાલવું
(૬) મોમાં મગ ભરવા- કશુંજ ન બોલવું
(૭) પેટે પાટા બાંધવા- ખૂબજ કરકસર કરવી
(૮) મીઠાં ઝાડના મૂળ ન ખવાય- સગાઓનો વારંવાર ઉપયોગ ન કરાય
(૯) એકના બે ન થવું- પોતાની વાતમાં મક્કમ રહેવું
(૧૦) મોળુ ઓહાણ આપવું- ઢીલો પડે એવું કહેવું
(૧૧) હડી કાઢવી- દોટ મૂકવી
(૧૨) પેટે દેવું- મનની વાત કહેવી'[૪૪]

## પાદટીપ


૧. સૌરાષ્ટ્રનો ઈતિહાસ ભાગ-૨, એસ.વી.જાની આવૃતિ-૨૦૦૩, પૃ-૫૬૬
૨. ગુજરાતની અસ્મિતા, રજની વ્યાસ આવૃતિ-૨૦૦૪, પૃ-૭૯
૩. ગીર પ્રકાશન, શંભુપ્રસાદ દેસાઈ, આવૃતિ-૧૯૮૩, પૃ-૮
૪. ગીર ઈકોલોજી ગૌરાગ જોષી, પૃ-૧૭
૫. ગીર પ્રકાશન શંભુપ્રસાદ દેસાઈ આવૃતિ ૧૯૮૩, પૃ-૧૬
૬. ગીર ઈકોલોજી ગૌરાંગ જોષી, પૃ-૨૧
૭. એજન ગૌરાંગ જોષી, પૃ-૨૦
૮. ગીરનો સિંહ ડો. સંદીપકુમાર, મોઈન પઠાણ આવૃતિ-૨૦૧૫, પૃ-૯૯
૯. ગીરના માલધારીઓનું લોકસાહિત્ય. રામસિંહ ઝાલા, આવૃતિ-૨૦૧૩, પૃ-૧૬
૧૦. ગીર ગીરવેલફેર ફંડ આસણગીર-આવૃતિ-૧૯૮૭, પૃ-૬
૧૧. ગીરની ગોદમાં ભાસ્કર વ્યાસ, પૃ-૪૧
૧૨. એજન : ભાસ્કર વ્યાસ, પૃ-૪૮
૧૩. ગુજરાતની અસ્મિતા રજની વ્યાસ-આવૃતિ-૨૦૦૪, પૃ-૮૧
૧૪. સૌરાષ્ટ્ર એક તસ્વીર ઝલક- માહિતી કમિશ્નર ગુજરાત રાજ્ય- આવૃતિ-૨૦૧૦, પૃ-૪૪
૧૫. એજન : માહિતી કમિશ્નર ગુજરાત રાજ્ય, પૃ-૩૪
૧૬. ગુજરાતની કીર્તિગાથા- કનૈયાલાલ મુનશી આવૃતિ-૧૯૬૮, પૃ-૩
૧૭. લોકસંસ્કૃતિના પશુઓ- જોશવરસિંહ જાદવ- આવૃતિ-૧૯૬૪, પૃ-૧૧૧
૧૮. ગોપાલક જાગૃતિ- વિનાયક ભગત, પૃ-૧૪
૧૯. ગોપાલ દર્શન ભાગ-૪, દુલેરાય માટલિયા, સુરેશ ભરવાડ, પૃ-૧૧૭
૨૦. એજન : દુલેરાય માટલિયા, સુરેશ ભરવાડ, પૃ-૧૧૯
૨૧. ગેઝેટીયર ઓફ ઈન્ડિયા- પ્રકાશક- ગેઝેટેરીયર, પૃ-
૨૨. નેસવાસીની મુલાકાત- વેજાભાઈ ભરવાડ, ૨૦-૩-૧૮
૨૩. ગુજરાતની સાંસ્કૃતિ વિરાસત, જોરાવરસિંહ જાદવ,૨૦૧૦ પૃ-૬
૨૪. ગુજરાતનું સંસ્કૃતિ દર્શન-જોરાવરસિંહ જાદવ-પૃ-૨૦૧૧, પૃ-૨૫-૨૬
૨૫. એજન : જોરાવરસિંહ જાદવ પૃ-૨૦૧૧, પૃ-૨૯
૨૬. લોકસાહિત્યનું સમાલોચન-ઝવેરચંદ મેઘાણી ૧૯૬૮, પૃ-૪૬
૨૭. લોકસાહિત્ય વિમર્શ- જયમલ્લ પરમાર પ્રથમ આવૃતિ-૧૯૮૫, પૃ-૨૧
૨૮. લોકવિદ્યા વિજ્ઞાન-ડો. હસુયાજ્ઞિક- પ્રથમ આવૃતિ-૨૦૦૫, પૃ-૨૯-૩૦
૨૯. ગુજરાતી લોકગીતો- ખોડીદાસ પરમાર-૧૯૮૧, પૃ-૩૨
૩૦. એજન : ખોડીદાસ પરમાર-૧૯૮૧, પૃ-૩૫
૩૧. નેસવાસીની મુલાકાત- રામભાઈ, ૨૦-૩-૧૮
૩૨. લોકસાહિત્યનું સમાલોચન- ઝવેરચંદ મેઘાણી -આ ૧૯૭૨, પૃ-૨૨૫
૩૩. નેસવાસીની મુલાકાત- નાથાભાઈ ભરવાડ, ૨૧-૩-૧૮
૩૪. નેસવાસીની મુલાકાત- વાલાભાઈ રબારી, ૨૪-૩-૧૮
૩૫. લોકસાહિત્ય ડો. બળવંત જાની, ડો. અંબાદાન રોહિડિયા-૨૦૦૬, પૃ-૪૯,૫૦
૩૬. સૌરાષ્ટ્રની રસધાર- ઝવેરચંદ મેઘાણી- આવૃતિ-૨૦૧૦, પૃ-૫૩૩
૩૭. સૌરાષ્ટ્રની રસધાર- ઝવેરચંદ મેઘાણી- આવૃતિ-૨૦૧૦, પૃ-૪૮૭
૩૮. સૌરાષ્ટ્રની રસધાર- ઝવેરચંદ મેઘાણી- આવૃતિ-૨૦૧૦, પૃ-૩૫૯
૩૯. સૌરાષ્ટ્રની રસધાર- ઝવેરચંદ મેઘાણી- આવૃતિ-૨૦૧૦, પૃ-૪૯૭
૪૦. ગુજરાતી પાઠય પુસ્તક- કનૈયાલાલ રામાનુંજ- ૨૦૧૨, પૃ-૪૭,૪૮
૪૧. ગીરના માલધારીઓનું લોકસાહિત્ય- રામસિંગ ઝાલા-૨૦૧૩, પૃ-૨૧૩
૪૨. નેસવાસીની મુલાકાત- કાળુભાઈ, ૨૬-૩-૧૮
૪૩. નેસવાસીની મુલાકાત- વસ્તાભાઈ, ૨૮-૩-૧૮
૪૪. નેસવાસીની મુલાકાત- રઘાભાઈ ભરવાડ, ૨૬-૩-૧૮